સમાવેશ થાય છે. આ બંનેનું હાર્દ છે—'અર્થાલંબન' અર્થાત્ 'આધારભૂત પદાર્થ'. આ સંદર્ભમાં 'શબ્દ'નું મહત્ત્વ નાભિસ્થાનીય છે, કારણ કે અંતે તો શબ્દ જ સર્વ અનુભવને આકાર અને ઘાટ આપી, તેની સાથે સંકળાયેલ સર્વ વસ્તુઓને વાચા આપે છે. માનવીના અનુભવ અને તેને અભિવ્યક્ત કરવાની માનવીની પ્રવૃત્તિના વિશ્લેષણ માટે આ 'શબ્દ'ની વિભાવના ચાવીરૂપ છે.

શબરસ્વામી કહે છે કે લોકવ્યવહારમાં કર્મ અર્થ-વસ્તુને અનુલક્ષીને થાય છે, નહીં કે શબ્દને અનુલક્ષીને. જેવું અર્થ-વસ્તુ હોય તે રીતે કર્મ કરવામાં આવે છે, શબ્દ હોય તે અનુસાર નહીં. વેદમાં તો શબ્દને અનુસરીને જ અર્થ-વસ્તુ સમજવામાં આવે છે, અને એ પ્રમાણે જ આચરણ કરવાનું હોય છે[૪]. તેથી શબ્દની હયાતી હોય તે અનુસાર કર્મ કરવું જોઈએ. અહીં શબરસ્વામી અર્થ-વસ્તુનું અને માનવીની અનુભૂતિ સાથે શબ્દની પ્રસ્તુતતાનું મહત્ત્વ પ્રગટ કરે છે. શબરસ્વામીના ભાષ્યમાં 'अर्थ' શબ્દ સામાન્યતઃ 'પદાર્થ', 'વસ્તુ', 'ઉદ્દેશ', 'પ્રયોજન', 'શબ્દાર્થ', 'ભાવાર્થ' વગેરે અર્થોમાં પ્રયોજાયો છે, છતાં તે મોટે ભાગે યજ્ઞ માટે જોઈતા 'પદાર્થ' કે 'વસ્તુ'ના અર્થમાં વધુ પ્રમાણમાં પ્રયોજાયો છે. શબરનો મત એવો છે કે પદાર્થો કે વસ્તુઓ સ્પષ્ટ રીતે સૂચિત કરી શકાય કે વર્ણવી શકાય તેવાં હોવાં જોઈએ. પ્રત્યેક બાહ્ય પદાર્થ કે વસ્તુને અમુક આકાર હોય છે અને તે બાહ્ય આકાશ સાથે સીધા સંપર્કમાં રહેલ દેખાય છે.[૫] તેથી પ્રત્યક્ષ બુદ્ધિનો વિષય 'અર્થ' છે, નહીં કે બીજી બુદ્ધિ. આ ઉપરથી ફલિત થાય છે કે આકાર વગર વસ્તુનું વાસ્તવિક આકલન થઈ શકતું નથી. આ રીતે શબરસ્વામીએ પદાર્થના આકાર અને ઘડતરના ઇન્દ્રિયો દ્વારા ગ્રહણરૂપ પ્રત્યક્ષ પ્રમાણ ઉપર ભાર મૂક્યો છે. 'आकार' શબ્દના સંસ્કૃતમાં 'રૂપ', 'ઘાટ', 'આકાર', 'લંબાઈ-પહોળાઈ-જાડાઈ', 'દેખાવ' એ અર્થો પ્રચલિત છે. ઇન્દ્રિયોને પદાર્થના આ પાસાનું જ સીધું ગ્રહણ થાય છે. આને આધારે જ વસ્તુ સાચી અને ઇન્દ્રિયપ્રત્યક્ષ ગણાય છે.[૬] જો વસ્તુ કે પદાર્થ ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય ન બની શકે તો ઇન્દ્રિયપ્રત્યક્ષ કે આપ્તવચન વસ્તુના સાચા જ્ઞાનની ખાતરી ન કરાવી શકે. તેથી ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય બની શકે તેવા પદાર્થ કે વસ્તુનું જ અનુભૂતિજન્ય વાસ્તવિક જ્ઞાન થઈ શકે. પદાર્થો કાંઈ નિત્ય હોતા નથી, અર્થાત્ તેમનો આરંભ થાય છે, તેઓની હયાતી ટકે છે અને તેઓનો અંત આવે છે. પરંતુ આ પદાર્થો કે વસ્તુઓ નિત્ય આત્માના સંપર્કમાં હોય છે.[૭] વસ્તુને જાણવાનો એક જ ઉપાય અનુભવ પર આધારિત છે કે, 'દરેક વસ્તુ જેવી અનુભવાય છે, તેવી છે'[૮]. આત્માને લીધે પુરુષ ચેતન છે અને માનવદેહ એ આત્મા અને 'અર્થ' વચ્ચેની કડી છે. આત્મા અને અર્થ વિના કોઈ જ્ઞાન સંભવતું નથી, તેથી જ્ઞાન યથાર્થ હોવા માટે મનુષ્યને પ્રાપ્ત થવું જોઈએ. અર્થ અને પુરુષ આત્મા સાથે ઐક્ય પામે ત્યારે જ એ ઉદ્ભવે છે. આ રીતે સત્-તત્ત્વનાં બે પરિમાણો મનુષ્યમાં એકાગ્ર થયેલાં છે : એમાં 'નિત્ય' (= કાયમી કે ત્રિકાલાબાધિત) અને 'અપૌરુષેય' (= પુરુષ કે દેવ દ્વારા ઉત્પન્ન કરવામાં ન આવેલું) એ એક (અદૃષ્ટ) પરિમાણ અને અનિત્ય છતાં સ્થિર પદાર્થ (દૃષ્ટ) એ બીજું પરિમાણ છે. અનિત્ય પદાર્થો 'દૃષ્ટ' હોવાથી 'અદૃષ્ટ' નિત્યના અને 'અપૌરુષેય'ના સંપર્કમાં આવે છે. અદૃષ્ટ અને દૃષ્ટ બંને મળીને એક વાસ્તવિકતા છે, સત્-તત્ત્વ છે, છતાં એ બે એકબીજામાં ભળી જતા નથી. જ્ઞાનના અનુબંધે આ સત્-તત્ત્વનાં આ બે પાસાં એકબીજાથી અવિભાજ્ય

છે અને પુરુષ જ એમનું આકલન કરી શકે છે, દેહ એ 'અર્થ' છે અને તે સુખદુઃખનું અધિષ્ઠાન છે. આ દેહ આત્મા વગર ટકી શકતો નથી. આ રીતે અર્થ આત્મા ઉપર અવલંબિત છે. આ આત્મા બુદ્ધિથી અલગ છે. અર્થ વિના આત્માનો સાક્ષાત્કાર થઈ શકતો નથી, છતાં આત્મા તેની સાથે બંધાયેલો નથી. એમ છતાં દેહ–આત્મા–સંબંધનું લાગણીઓ, પ્રાણનક્રિયા અને ઇચ્છાની પ્રત્યક્ષ અનુભૂતિને આધારે અનુમાન થઈ શકે છે. આત્માનું દર્શન કોઈ પોતાનાથી અન્ય તરીકે ન કરી શકે, છતાં બીજાને પોતાના આત્મા વિષે સભાન બનાવી શકાય.[૯] આત્મા આગન્તુક નથી; એ તો અજ્ઞાત છતાં વિદ્યમાન છે, જ્યારે અર્થ તો ખરેખર હાજરાહજુર છે, અને પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રાહ્ય છે. આત્મા અને અર્થ બંને પુરુષમાં પૂર્વનિર્ધારિત છે; આત્મા કાયમ હયાતી ધરાવે છે, જ્યારે અર્થને મર્યાદા હોય છે. આ કારણે જ્ઞાન દૃષ્ટ અને અદૃષ્ટના અરસપરસના વ્યાપાર પૂરતું મર્યાદિત હોય છે.

આત્માની નિત્યતા અને અર્થની મર્યાદાઓ છતાં જગતમાં એવાં પરિવર્તનો થયા કરતાં હોય છે, જેની કોઈ પૂર્વકલ્પના થઈ શકતી નથી. પદાર્થો વચ્ચેના સામ્ય અને ભેદને નીરખીને મનુષ્ય એ પરિવર્તન વિષે જાણી શકે છે. છતાં સત્ તત્વ કાંઈ પ્રત્યક્ષ પ્રમાણની મર્યાદા પૂરતું સીમિત નથી કે એને એમાં સમાવી લઈ શકાય તેમ નથી. અદૃષ્ટ અને દૃષ્ટ પરસ્પર એકબીજાના આધારે રહેલાં છે અને એમનો અર્થ સાથેનો સંબંધ જોઈ શકાય છે. જગતના પદાર્થો મનુષ્ય સાથે સીધો જ સંબંધ ધરાવે છે. પદાર્થો મનુષ્યને થતા તેમના નક્કર, વાસ્તવિક અનુભવને આધારે જ મનુષ્ય માટે સાર્થક કે નિરર્થક ઠરે છે. જગતના દૃષ્ટ પરિમાણ ઉપરથી અદૃષ્ટ પરિમાણનો અંદેશો મળે છે.

શબરસ્વામી કહે છે કે, પ્રત્યક્ષગ્રાહ્ય પદાર્થ ઉપર અવલંબિત કર્મ અનેકવિધ પરિણામો સરજે છે, ફળો આપે છે. જો કર્મ વૈદિક યજ્ઞસંબંધી હોય તો તેનું ફળ દૃષ્ટ પરિમાણના ક્ષેત્રમાં નથી હોતું. હોમથી અદૃષ્ટ ફળ કેવી રીતે ઉદ્ભવે એ અંગે તે કહે છે કે, શબ્દ (= શ્રુતિપ્રમાણ) ઉપરથી તેનું ફળ હોવાનું જાણવા મળે છે. ફળ (મળે છે) એમ શબ્દ કહે છે તેથી (એમ માનવું) ન્યાયપુરઃસર છે. તેથી હોમ કરવાથી ફળ મળે છે (એમ માનવું) ન્યાયપુરઃસર છે; અને દહીં (એ પદાર્થને લીધે) ફળ મળે છે એમ કહેવું ન્યાયપુરઃસર નથી.[૧૦]

વેદમાં તો શબ્દ ઉપરથી અર્થ સમજાય છે તેથી શબ્દને અનુસરીને જ વૈદિક કર્મ કરવું જોઈએ એમ આ બાબતમાં શબરસ્વામીનો મત સ્પષ્ટ છે, છતાં આ અંગે વૃત્તિકારનો મત ટાંકીને જણાવે છે કે, હોમ ઉપર આધારિત ગુણ ફલ સિદ્ધ કરાવે છે; જેમ રાજાનો આશ્રિત માણસ રાજાનું કામ કરે તેમ...તેથી દહીં હોમ સાથે સંબંધ ધરાવતું હોવાથી ફળ ઉદ્ભવશે.[૧૧]

શબરસ્વામી સ્વર્ગનું વર્ણન કરતાં વિધાનોનો સખત વિરોધ કરે છે, કારણ કે માનવીનો જાતઅનુભવ સ્વર્ગનું કોઈ જ સીધું સમર્થન કરતો નથી.[૧૨] અહીં, પદાર્થ— દા.ત. દહીં— એ દૃષ્ટ અને અદૃષ્ટને જોડનારી એક કડી છે. 'શબ્દ' આ અદૃષ્ટ પરિમાણ તરફ અંગુલિનિર્દેશ કરે છે અને યોગ્ય પદાર્થનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી સત્-તત્ત્વના અદૃષ્ટ પરિમાણનું દૃષ્ટ પરિમાણથી સમર્થન મળી રહે છે, જેમ કે શરીર ઉપરથી આત્માનું; પણ એથી ઊલટું બનતું નથી. સ્વર્ગની સિદ્ધિ યજ્ઞ દ્વારા કરવાની રહે છે. મનુષ્યના યજ્ઞથી ઉદ્ભવતું

સ્વર્ગ કોઈ દૃષ્ટ પદાર્થ તરીકે ઇન્દ્રિયગ્રાહ્ય બની શકતું નથી. શબરસ્વામી કહે છે કે, સુખ એ જ સ્વર્ગ; બધા લોકો સુખ ઝંખે છે.[૧૩] અને આ બાબતમાં તો 'સ્વર્ગ' શબ્દ જ સુખનો વાચક છે...યજ્ઞ ગૌણ છે, સુખ મુખ્ય છે...સુખ માટે જ માણસ મહેનત કરતો હોય છે.[૧૪] ઉપરાંત જેનું ફળ ચોક્કસ કહી ન શકાય તેવા કર્મનું ફળ સ્વર્ગ છે.[૧૫] એને કોઈ વ્યાખ્યા કે વર્ણનમાં બાંધી શકાય તેમ નથી, કેમ કે, તે અદૃષ્ટ છે; પણ યજ્ઞ દ્વારા મનુષ્ય તેની પ્રાપ્તિ કરી શકે છે, કારણ કે દૃષ્ટ અને અદૃષ્ટ એ બે અલગ તત્ત્વો નથી, પણ એકબીજાનાં પૂરક છે. દરેક મનુષ્ય તેની ઝંખના કરી શકે છે, એમાં મનુષ્યના ભેદભાવ પડતા નથી.[૧૬]

શાબરભાષ્યમાં યજ્ઞના અનુષ્ઠાનના અનુષંગે દેવતાનો નિર્દેશ થયો છે અને તેઓ આપણે જેમાં જીવીએ છીએ તે જ વાસ્તવિકતાની અંતર્ગત છે. શબરસ્વામી કહે છે કે દેવતાઓ સ્તુતિઓ અને હવિર્દ્રવ્યના પ્રાપ્તકર્તાઓ છે[૧૭] પણ દેવતાઓનો કોઈ મનુષ્યને અનુભવ થયો હોવાનું કે દેવતાઓ મનુષ્યની જેમ વર્તતા હોવાનું કે એવા ગુણ ધરાવતા હોવાનું શબરસ્વામી સ્વીકારતા નથી. એમને કોઈ ભૌતિક શરીર હોતું નથી.[૧૮] દેવતાઓ મનુષ્યોથી સાવ અલગ છે, તેઓ મનુષ્યોની કોટિમાં અદલબદલ ન થઈ શકે. દેવતાઓ યજ્ઞો પણ ન કરી શકે. દેવતાને અર્પણ કરાતી આહુતિ દેવતાને બદલે મનુષ્ય ન લઈ શકે. યજ્ઞના અનુષ્ઠાન માટે દેવતા ખૂબ મહત્ત્વના છે, કેમ કે યજ્ ધાતુ દ્રવ્ય, દેવતા અને યજનક્રિયા સાથે સીધો સંબંધ ધરાવે છે.[૧૯] દ્રવ્ય અને દેવતા અંગે વિરોધ ઉપસ્થિત થાય ત્યારે દ્રવ્યને આધારે વિધિનો નિર્ણય કરવાનો હોય છે.[૨૦] દ્રવ્ય અને દેવતા એ બન્ને સિદ્ધ વસ્તુઓ છે, પણ દેવતાને હંમેશાં ગૌણ ગણવામાં આવ્યા છે, કારણ કે દેવતા ફળ નથી આપતા.[૨૧] યજ્ઞ અમુક ચોક્કસ દેવતા સાથે સંબંધ ધરાવે છે. એને માટે કોઈ પ્રતિનિધિ ન ચાલી શકે. પ્રતિનિધિથી જુદો હેતુ સરે છે. દેવતા તો અમુક આહુતિ ગ્રહણ કરવામાં જ હેતુરૂપ બને છે.[૨૨] પરંતુ ઇન્દ્રિયપ્રત્યક્ષથી કોઈ દેવતાસંબંધ ગ્રાહ્ય નથી; દેવતા માત્ર અનુમાનગમ્ય છે. દેવતા પોતે દશ્ય નથી છતાં વાસ્તવિકતાના દશ્ય પરિમાણ સાથે સંબંધ ધરાવે છે. દેવતાને અર્થ સાથે સરખાવી ન શકાય. 'અર્થ' દશ્ય હોવા છતાં દેવતાથી વધુ ઉચ્ચ સ્થાને છે. દેવતાની સ્વર્ગ સાથે પણ તુલના ન કરી શકાય. સ્વર્ગ અદશ્ય હોવા છતાં એ દેવતાની જેમ સિદ્ધ વસ્તુ નથી.

શબરસ્વામી કહે છે કે, કાળવાચક પદો 'દેવતા' કહેવાયાં છે; કાળ વિષે દેવતા શબ્દનો પ્રયોગ થયો હોય છે, જેમ કે માસ દેવતા છે, સંવત્સર દેવતા છે.[૨૩] દેવતા રૂપ વડે યજ્ઞમાં સાધનરૂપ બનતા નથી. તો કેવી રીતે ? સંબંધ ધરાવતા શબ્દ વડે. જેમ અધ્વર્યુ બે હાથ વડે સહાયક બને છે, તેવી રીતે દેવતા શબ્દ દ્વારા સહાયક બને છે... શબ્દ જ હવિર્દ્રવ્ય સાથે સંબંધ ધરાવે છે. તેની સાથે સંકળાયેલ હોવાથી પદાર્થ પણ દેવતા ગણાશે. જેનો શબ્દ હવિર્દ્રવ્ય સાથે તે અર્થ બાબતે સંબંધ ધરાવે તે જ દેવતા......અહીં તો શબ્દ હોય ત્યારે જ કાર્ય સંભવે છે.[૨૪] તેથી શબ્દ અર્થનો બોધ કરાવવા માટે છે એવું નથી. આ રીતે જેને ઇન્દ્રિયગ્રાહ્ય તરીકે ન નિર્દેશી શકાય, તે ઇન્દ્રિયગ્રાહ્ય ન હોઈ શકે એવું શબરસ્વામીનું મંતવ્ય સ્પષ્ટ થાય છે. છતાં તેની હયાતી ન નકારી શકાય કે એને અમુક એક સ્થાનમાં સીમિત ન કરી શકાય, કેમ કે શબ્દ દ્વારા દેવતા પોતે જ સંબંધમાં આવે છે.

દૃષ્ટ પરિણામની અંતર્ગત ઇન્દ્રિયગ્રાહ્યની સીમામાં પરિવર્તન કે વિકારનું ભાન સમાઈ જાય છે. સમાનતા અને ભેદની દૃષ્ટિએ પદાર્થોની તુલના કરીને મનુષ્ય 'આપેક્ષિક નિત્યતા'નું ગ્રહણ કરી શકે છે. દા. ત. હવિર્દ્રવ્ય યજ્ઞમાં સંપૂર્ણતઃ ભસ્મસાત્ થઈ જાય છે અને પછી કેવળ ભસ્મ જ રહે છે. અથવા ખેતરમાં વાવેલા દાણા અંકુરિત થઈને નવા દાણા ઉત્પન્ન કરે છે. અદૃષ્ટ પરિમાણમાં ઇન્દ્રિયપ્રત્યક્ષ આપણને કોઈ પદાર્થનું આકલન કરાવી શકતું નથી. યજ્ઞમાં દેવતા શબ્દ દ્વારા હાજર હોય છે, પણ પદાર્થ તરીકે આપણે માટે તે ઇન્દ્રિયગ્રાહ્ય નથી. યજ્ઞ દૃષ્ટ પરિમાણમાં થાય છે, દેવતા અદૃષ્ટ પરિમાણમાં છે. સ્વર્ગ એ યજ્ઞનું ફળ છે, છતાં એને પદાર્થની કોટિમાં ગણી શકાય તેમ નથી. મંત્રનો પાઠ શુદ્ધ રીતે થયો હોય અને હોમ પણ વિધિપૂર્વક થયો હોય છતાં યજ્ઞ પરિવર્તન પામીને 'સ્વર્ગ' બનતો હોય તેવું દેખાતું નથી. તેથી અદૃષ્ટ 'સ્વર્ગ'ની પ્રાપ્તિ થાય છે એટલું જ કહી શકાય 'સ્વર્ગ' અને યજ્ઞ એ બંને મનુષ્યને માટે ઉપકારક હોવા છતાં પ્રથમ દૃષ્ટિએ તે બંનેને એકબીજા સાથે સાંકળતી કોઈ કડી સાંપડતી નથી. આ માટે શબરસ્વામી अपूर्व નામનું એક અદૃશ્ય તત્ત્વ કે શક્તિ સ્વીકારે છે.

अपूर्व શબ્દનું સ્વરૂપ न पूर्वम् अपूर्वम् એમ નકારાર્થક હોઈ અર્થ દૃષ્ટિએ તે પૂર્વે કે વર્તમાનકાળે દૃશ્ય પરિમાણમાં આવેલ બધી જ બાબતોનો કે પદાર્થોનો નિષેધ કરે છે. યજ્ઞની ભસ્મ કે ખેતરમાં ઊગેલા દાણા પણ 'અપૂર્વ'ની કોટિમાં ન આવી શકે, અપૂર્વ વિષે અગમચેતી કે આગાહી ન કરી શકાય; તેમ ઇન્દ્રિયપ્રત્યક્ષ ઉપર આધારિત કોઈ વિધાન કે અનુમાન પણ ન થઈ શકે. અપૂર્વ એ પૂર્વે કદી હયાતી ન ધરાવતું અને તદ્દન નવું જ હોય. અપૂર્વ એ એવી કોઈક અસાધારણ શક્તિ છે જે યજ્ઞના સ્વર્ગરૂપ ફળની પ્રાપ્તિ અકલ્પ્ય પરિણામરૂપે કરાવે છે 'અપૂર્વ'ની કોઈ વ્યાખ્યા આપી શકાતી નથી.[૨૫] અપૂર્વનો અનુભવ કર્મના પરિણામરૂપે થાય છે[૨૬] વાસ્તવમાં 'અપૂર્વ' તો 'ભાવના' સાથે સંબંધિત છે. 'ભાવના' કર્મવાચક શબ્દ(ભાવાર્થ)નું સૂચન કરે છે. ભાવના स्वर्गकामः અને यजेत ને સાંકળી આપે છે, જ્યારે યજ્ઞકર્તાને ફળપ્રાપ્તિ કરાવે છે—'અપૂર્વ'. અહીં 'ભાવના' એ ક્રિયાત્મક શક્તિ છે.

યજ્ઞકર્મ તો નાશવંત છે તેથી શબરસ્વામીએ 'અપૂર્વ'ની ધારણા બાંધી છે. યજ્ઞકર્મની ભાવનાથી 'અપૂર્વ' ઉદ્ભવે છે. કર્મ નાશવંત હોવા છતાં તે ફળ આપ્યા વિના નાશ પામતું નથી. ક્રિયા(માત્ર)વાચક શબ્દમાત્ર ઉચ્ચારણ પામીને નષ્ટ થતા નથી. જે કર્મથી પ્રત્યક્ષ ફળ ઉદ્ભવે તેમાં અપૂર્વનો સંબંધ આવતો નથી. જ્યાં કર્મ નાશવંત હોઈ કોઈ પ્રત્યક્ષ ફળ ઉદ્ભવતું ન હોય ત્યાં 'અપૂર્વ' ઉદ્ભવે છે અને તે અદૃશ્ય ફળ સાથે કર્મને સાંકળે છે. આ રીતે 'અપૂર્વ' એ દૃષ્ટ અને અદૃષ્ટ વચ્ચેની કડી છે. અપૂર્વને આત્મા, દેવતા કે સ્વર્ગ તરીકે ન સ્વીકારી શકાય. પણ દૃષ્ટ પરિમાણની સીમા પૂરી થતાં 'અપૂર્વ'નું ક્ષેત્ર આરંભાય છે અને 'ભાવના'રૂપ ક્રિયાશક્તિના ઉદ્ભાવન દ્વારા મનુષ્યને લાભ કરાવવા 'અપૂર્વ' હયાતી ધરાવે છે. દરેક કર્મને પોતપોતાનું અલગ અપૂર્વ હોય છે.[૨૭] જ્યાં સુધી યજ્ઞકર્મ કરવામાં ન આવે ત્યાં સુધી 'અપૂર્વ' ઉત્પન્ન થતું નથી. યજ્ઞકર્મ યોગ્ય રીતે કરવામાં આવે ત્યારે તેનું ફળ 'અપૂર્વ' છે એમ કહી શકાય. શબરસ્વામીની સત્-તત્ત્વની કે વાસ્તવિકતાની વિભાવનામાં યજ્ઞ એ એક જ એવું કર્મ છે જે દૃશ્યપરિમાણમાં સર્જનાત્મક લક્ષણ ધરાવે છે આ કર્મમાં

કારણ અને કાર્ય વચ્ચે કોઈ તુલના કરી શકાતી નથી, કેમ કે કાર્ય અદૃશ્ય છે. આ માટે જ શબરસ્વામીએ એક સર્જનાત્મક તત્ત્વ 'અપૂર્વ'ની ધારણા બાંધી છે. આ ધારણા માટે શબ્દ જ પ્રમાણભૂત છે.[૨૮]

સત્-તત્ત્વના દૃષ્ટપરિમાણ દ્વારા ભાષાની અર્થસૂચકતાનો બોધ થાય છે, કેમ કે પદાર્થનો નિર્દેશ વાસ્તવિકતયા થવો જોઈએ, નહીં કે માનસિક કલ્પના તરીકે. ભાષા કદી પણ માનવી મનની કલ્પના કે રચના ન હોઈ શકે. તે ઇન્દ્રિયપ્રત્યક્ષ દ્વારા માનવમન ઉપર પડેલી છાપના પુનર્સર્જનની કામગીરી નથી.[૨૯] તેથી ભાષા અને તેનો વ્યાપાર, તે આપણી અંદર જ રહેલાં હોય—જેને અભિવ્યક્ત જ કરવાની બાકી છે—એવી છાપ ઉપર આધારિત ન હોઈ શકે. આ દૃષ્ટિએ ભાષાનો આદર્શવાદી ( idealistic ) કે અધ્યાત્મવાદી ( metaphysical ) અભિગમ સંભવી શકતો નથી. ઇન્દ્રિયગ્રાહ્યરૂપે જેનું પ્રતિપાદન થયું હોય, જેને પદાર્થમાં અને પદાર્થનો આધાર હોય, તે જ ભાષા અંગેનો 'ન્યાય્ય અને સાચો' અભિગમ છે. ભાષા કેવળ વિચારની અભિવ્યક્તિનું માધ્યમ, વિચારસંક્રમણનું સાધનમાત્ર કે વાગ્વ્યાપારનું પરિણામ ન હોઈ શકે.

સત્-તત્ત્વનું અદૃષ્ટ પરિમાણ એમ સૂચવે છે કે ભાષાનું રહસ્ય અને સાર્થક્ય અદૃશ્યના સંદર્ભમાં વાસ્તવિકતા સાથે સંકળાવામાં છે, નહીં કે માનસિકતા સાથે. ભલે તેનો નિર્દેશ ન થઈ શકતો હોય છતાં અદૃષ્ટ એ ભાષાના ક્ષેત્રની અંતર્ગત છે. 'અપૂર્વ' દ્વારા એનું સૂચન થઈ શકે છે. 'ભાવના' દ્વારા 'અપૂર્વ' ભાષામાં આત્મસાત્ થયેલું છે, અને તેમાંથી જ તે નવતર સર્જન તરીકે ઉદ્ભવે છે. યજ્ઞકર્મમાં 'અદૃષ્ટ' હયાતી ધરાવે છે અને 'દેવતા' તથા 'અપૂર્વ' મારફત ક્રિયાશીલ હોય છે, તે ઉપરથી સૂચિત થાય છે કે ભાષાનું વિશ્લેષણ માહિતી-સિદ્ધાંત-(information theory)ને લગતી પરિભાષાઓ વડે ન થઈ શકે. 'માહિતી-સિદ્ધાન્ત' અનુસાર કેવળ ઇન્દ્રિયપ્રત્યક્ષની જ અપેક્ષા રહે છે અને અદૃષ્ટને ગણતરીમાં લેવામાં આવતું નથી. બધી માહિતી દૃષ્ટ પરિમાણને લગતી જ હોય છે. ભાષાની ઉત્પત્તિ અદૃષ્ટ પરિમાણમાં થતી હોવા અંગે શાબરભાષ્યમાં કોઈ સૂચન મળતું નથી. અપૂર્વ કે દેવતા ભાષાનું સર્જન કરતા નથી. પ્રત્યક્ષ કેવળ દૃષ્ટ પરિમાણને જ આવરે છે, જ્યારે ભાષા દૃષ્ટ અને અદૃષ્ટ એ બંને પરિમાણોને આવરી લે છે. શબ્દ આ બંને પરિમાણો સાથે સીધો સંબંધ ધરાવે છે એ હકીકત વાસ્તવિકતા કે સત્-તત્ત્વની સમજણ માટે ખૂબ મહત્ત્વનું છે એમ શબરસ્વામી માને છે.

## શબરસ્વામીનો ભાષા અંગેનો દૃષ્ટિકોણ

જૈમિનિ કહે છે કે, "ક્રિયામાં પ્રેરક વચનથી લક્ષિત થતો નિઃશ્રેયસ પ્રાપક અર્થ તે 'ધર્મ' છે" અને એનું જ્ઞાન 'ઉપદેશ' દ્વારા થાય છે. શબ્દનો અર્થ સાથેનો સંબંધ 'ઔત્પત્તિક' અર્થાત્ સ્વાભાવિક કે નિત્ય છે. શબરસ્વામી 'ઉપદેશ'નો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે, उपदेश इति विशिष्टस्य शब्दस्य उच्चारणम् ।[૩૦] ઇન્દ્રિયગ્રાહ્ય ન હોય તેવાં કાર્યોનું જ્ઞાન અનુમાન, ઉપમાન, અર્થાપત્તિ અને અભાવ પ્રમાણોથી પણ થઈ શકે છે. પરંતુ ધર્મનું જ્ઞાન

તો વૈદિક ક્રિયાપ્રેરક વચનો દ્વારા જ થાય છે. તેથી ધર્મનું જ્ઞાન અને દશ્યપરિમાણની બહારનો વિષય ભાષાના ક્ષેત્રમાં સમાય છે. ભાષા એ એક આદિકાલીન રહસ્ય છે. શબરસ્વામી 'શબ્દ'ની ઝીણવટભરી વ્યાખ્યા અને કાળજીપૂર્વક સ્પષ્ટતા કરીને આ રહસ્ય ઉપર પ્રકાશ પાડે છે. 'શબ્દ' એ સત્-તત્ત્વનો અને ભાષાનો કોયડો ઉકેલવા માટે કેન્દ્રભૂત મુદ્દો છે અને એ બંનેની ચાવી પણ એ મુદ્દાની સમજણમાં રહેલી છે.

'શબ્દ' એ પદ શાબરભાષ્યમાં વિવિધ અર્થોમાં પ્રયોજાયું છે :

(૧) અવાજ (sound) જેમ કે,

'शब्दं कुरु' , 'मा कार्षीः' इति व्यवहर्त्तारः प्रयुञ्जते ।[३१]

(૨) વર્ણ (phoneme) જેમ કે,

शब्दान्तरमिकाराद् यकारः ।[३२]

(૩) પદ, જેમ કે,

अष्टकृत्वो गोशब्द उच्चारित इति ।[३३]

(૪) અમુક વર્ણોવાળું શ્રોત્રગ્રાહ્ય પદ, જેમ કે,

**अथ गौरित्यत्र कः शब्दः ? गकारौकारविसर्जनीया इति भगवानुपवर्षः । श्रोत्रग्रहणे ह्यर्थे लोके शब्दशब्दः प्रसिद्धः । ते च श्रोत्रग्रहणाः ।**[३४]

વિવિધ અર્થોમાં આ પદ પ્રયોજવાનું કારણ એ છે કે શબરસ્વામીના મતે વિચાર અને વસ્તુ વચ્ચે ભેદ ન પાડી શકાય. ચર્ચામાં પૂર્વપક્ષી વસ્તુલક્ષી (ontological) કે પ્રમાણલક્ષી (epistemological) ભૂમિકાએ ચર્ચા ઉપાડે છે, અને 'શબ્દ'ને દૃષ્ટ પરિમાણમાં જ જુએ છે, જ્યારે શબરસ્વામી દૃષ્ટ અને અદૃષ્ટ બંને પરિમાણને સાથે જ લક્ષમાં રાખીને 'શબ્દ' અંગે ચર્ચા કરે છે.

**'શબ્દ' અને 'અર્થ'નો સંબંધ**

જૈમિનિ કહે છે કે, 'શબ્દ'નો 'અર્થ' સાથેનો સંબંધ 'ઔત્પત્તિક' છે.[૩૫] 'ઔત્પત્તિક' પદ 'ઉત્પત્તિ' ઉપરથી બનેલું છે. 'ઉત્પત્તિ' એટલે ઉદ્ભવ કે જન્મ. આ ઉપરથી 'ઔત્પત્તિક' પદનો અર્થ છે—'જન્મ કે ઉદ્ભવ સાથે સંકળાયેલો'. શબ્દ કોઈક વસ્તુનો બોધ કરાવે તો તે શબ્દ અને વસ્તુ વચ્ચેનો સંબંધ તરત જ ઉદ્ભવે છે. તાત્પર્ય એ કે શબ્દ અને વસ્તુ વચ્ચેનો સંબંધ શબ્દની અને વસ્તુની ઉત્પત્તિ સાથે સંકળાયેલો છે, મૂળથી છે, કાયમથી છે, ઔત્પત્તિક છે. એમાં કોઈ માનવીય કે દૈવી કર્તૃત્વ સંકળાયેલું હોવાનું પ્રમાણ નથી. શબરસ્વામી આ પદની સ્પષ્ટતા કરતાં કહે છે કે, 'ઔત્પત્તિક' શબ્દનો અર્થ છે 'નિત્ય' એમ અમારું કહેવું છે. 'ઉત્પત્તિ' શબ્દ લક્ષણાથી ભાવ(= હયાતી)નું કથન કરે છે. શબ્દ અને અર્થનો ભાવ અર્થાત્ સંબંધ છૂટો પાડી ન શકાય તેવો છે, એ જુદા જુદા ઉત્પન્ન થયા પછી જોડાયા હોય એવો નથી.[૩૬] તાત્પર્ય એ કે દરેક વસ્તુ શબ્દમાં અને શબ્દ સાથે ઉદ્ભવે છે અને શબ્દ રૂઢિ પર અવલંબતો નથી. શબ્દથી નિર્દેશિત થતો અર્થ દૃષ્ટ કે અદૃષ્ટ પરિમાણમાં પડે છે તે મહત્ત્વનું નથી, અદૃષ્ટ ઇન્દ્રિયગ્રાહ્ય ન હોવા છતાં શબ્દ સાથે સંબંધ ધરાવે છે, કેમ કે શબ્દનો વિષય દૃષ્ટની પેલે પાર વિસ્તરેલો છે. આ રીતે શબ્દ અને અર્થનો-પદાર્થનો-સંબંધ **ઔપપત્તિક છે**.

શબરસ્વામીએ ‘ઔત્પત્તિક’નો અર્થ ‘નિત્ય’ અર્થાત્ સ્વાભાવિક એવો કર્યો છે. અહીં ‘નિત્ય’ પદ કોઈ કાળના સંદર્ભમાં કે કાળને બાકાત રાખવાના સંદર્ભમાં કોઈ વિશેષતા દર્શાવતું નથી. એમાં તો ભાર એ બાબત ઉપર જ છે કે શબ્દ ઔપપત્તિક સંબંધની બહાર કે અલગ ન હોઈ શકે. તેથી જ શબરસ્વામીએ કહ્યું છે કે શબ્દ અને અર્થનો સંબંધ છૂટો ન પડે તેવો છે.[૩૭]

આ જ સંબંધે શબરસ્વામીએ કહ્યું છે કે શબ્દનો અર્થ સાથેનો સંબંધ પુરુષે ઉત્પન્ન કરેલો નથી, અને પછી ઉમેર્યું છે કે શબ્દનો અર્થ સાથે સંબંધ બાંધીને પછી કોઈકે વેદોની રચના કરી એવું નથી. તેથી જ વેદમાં શબ્દાર્થસંબંધ અપૌરુષેય છે.[૩૮] વાસ્તવિકતા એ છે કે શબ્દ જાણમાં આવતાં પદાર્થ જાણમાં આવે છે. આ સંબંધ છે.[૩૯] ‘અપૌરુષેય’ પદ દ્વારા શબરસ્વામી એટલું જ કહેવા માગે છે કે શબ્દનો અર્થ સાથેનો સંબંધ માણસે જોડી કાઢેલો નથી. અપૌરુષેય એટલે માનવીય કે દૈવી કર્તા દ્વારા ન રચાયેલો. શબ્દ અને અર્થના સંબંધનો કોઈ જ કર્તા નથી.[૪૦] વળી, એવો કોઈ કાળ નથી, જે વખતે કોઈ જ શબ્દ કોઈ જ અર્થ સાથે સંબંધ ન ધરાવતો હોય.[૪૧] વળી, સંબંધક્રિયા માનવાનું બંધબેસતું નથી, કારણ સંબંધ બાંધનારે કોઈક શબ્દ દ્વારા જ બાંધ્યો હશે. તો એ કયા શબ્દ વડે? જો બીજા કોઈક વડે બાંધ્યો હોય તો તેનો કોના વડે? આમ અનવસ્થા દોષ આવશે. તેથી સંબંધ બાંધનારે પણ સંબંધ બાંધ્યા વગરના કોઈક વૃદ્ધવ્યવહારસિદ્ધ શબ્દો સ્વીકાર્યા હોવા જોઈએ જ.[૪૨]

જૈમિનિ અને શબરસ્વામી માને છે કે શબ્દનો અર્થ જાણવા માટે લૌકિક પ્રયોગ એ જ ઉપાય છે.[૪૩] વાક્યાર્થ એ તેમાંનાં બધાં પદોનો સંમિલિત અર્થ જ છે.[૪૪] શબ્દ, વાક્ય અને અર્થ અંગે વૈદિક અને લૌકિક ભાષા વચ્ચે કોઈ જ ફરક નથી. છતાં લૌકિક અને વૈદિક ભાષા વચ્ચે મહત્ત્વનો ફરક એ છે કે વૈદિક ભાષામાં શબ્દાર્થસંબંધ ‘અપૌરુષેય’ છે, જ્યારે લૌકિક ભાષામાં પૌરુષેય છે. તેમાં શબ્દ, અર્થ અને તેમની વચ્ચેનો સંબંધ નિત્ય છે. વૈદિક વાક્ય હંમેશાં પ્રમાણ કે તથ્ય હોય છે, જ્યારે લૌકિક વાક્ય અપ્રમાણ કે વિતથ હોઈ શકે છે લૌકિક વાક્યમાં અભિપ્રાય કે હાર્દ વધુ મહત્ત્વનો છે, જ્યારે વૈદિક વાક્યમાં શબ્દ વધુ મહત્ત્વ ધરાવે છે.[૪૫] તેથી જ શબરસ્વામી કહે છે કે વિધિવાક્યમાં લક્ષણાને કોઈ અવકાશ નથી.[૪૬] લૌકિક વાક્ય કોઈક વાર અનર્થક હોઈ શકે છે, જેમ કે जरद्गवो गायति मत्तकानि । પણ વૈદિક વાક્ય કદી અનર્થક ન હોઈ શકે. તેથી વૈદિક વાક્યનું અર્થઘટન કરનારે બધા જ શબ્દોના અર્થોને લક્ષમાં લેવા જરૂરી છે

‘શબ્દ’નો અર્થ ‘વર્ણ’ ગણનારા ‘શિક્ષાકાર’નું મંતવ્ય એવું છે કે वायुरापद्यते शब्दताम् । અર્થાત્ વાયુ શબ્દરૂપ પામે છે. પણ શબરસ્વામી આ મંતવ્યનો અસ્વીકાર કરતાં કહે છે કે જો શબ્દ વાયુસ્વરૂપનો હોય તો તે વાયુનો વિશિષ્ટ સંનિવેશ કે સમૂહ ગણાય, પણ શબ્દમાં વાયુના અવયવો આપણને જણાતા નથી... તેથી શબ્દ વાયુકારણક નથી, તેથી નિત્ય છે.[૪૭]

શબ્દ એ વર્ણસમુદાય નથી. ભગવાન ઉપવર્ષ કહે છે કે गौः શબ્દ એટલે ग्, औ અને વિસર્ગનો સમુદાય, કેમ કે કાનથી જેનું ગ્રહણ થાય તે શબ્દ એવું લોકવ્યવહારમાં જાણીતું છે. વર્ણો જ શ્રોત્રગ્રાહ્ય છે, પરંતુ ઉપવર્ષનો આ મત શબરસ્વામીને સ્વીકાર્ય નથી, કારણ કે શબ્દને વર્ણસમુદાય માનીએ તો અર્થબોધ ન સંભવે. અર્થજ્ઞાન કાં તો શબ્દના અંગભૂત વર્ણોના ક્રમિક ગ્રહણથી કે સમુદાયરૂપે એકીસાથે ગ્રહણથી કે વર્ણોની સ્મૃતિને આધારે થતું માનવું પડે. વર્ણો તો ક્ષણિક હોય છે અને એમની સ્મૃતિ પણ ક્ષણિક હોય છે. વચ્ચે સંસ્કારનું માધ્યમ સ્વીકારીએ તો ‘શબ્દ’ ગૌણ ઠરે. શબરસ્વામીએ આ બધી ચર્ચા કરીને છેવટે પોતાનો મત દર્શાવતાં કહ્યું છે કે ગકારાદિથી અલગ કોઈ ‘ગો’-શબ્દ નથી, કેમ કે તે અલગ દેખાતો નથી અને અભિન્ન દેખાય છે. ગકાર વગેરે તો પ્રત્યક્ષ છે. તેથી ‘गौः’ એ ગકારાદિ વિસર્ગાન્ત પદ એ અક્ષરો જ છે. માટે તેમનાથી ઉપરવટ જુદું કોઈ ‘પદ’ જેવું નથી... તેથી અક્ષરો જ પદ છે.[૪૮]

શબ્દના અર્થબોધકત્વ પરત્વે શબરસ્વામી ખાસ ભાર મૂકીને જણાવે છે કે અર્થ એ કોઈ માનસિક કલ્પના નથી. અર્થ સાથે તેની ઉત્પત્તિથી આરંભીને શબ્દનો સંબંધ છે અને તે સંબંધ અવિભાજ્ય છે; પણ પ્રશ્ન થાય છે કે ‘શબ્દ શેનો બોધ કરાવે છે?’ શબરસ્વામીનો જવાબ છે: ‘આકૃતિનો’.[૪૯] આ ‘આકૃતિ’ એ નથી ‘જાતિ’ કે નથી ‘વ્યક્તિ’. ‘ગો’ શબ્દ ઉચ્ચારવામાં આવે ત્યારે સર્વ ‘ગાય’ માત્રનો એકીસાથે બોધ થાય છે. ‘આકૃતિ’ સાથે શબ્દ પહેલાંથી, કાયમથી સંકળાયેલો છે. આ સંબંધ કોઈએ જોડેલો નથી,[૫૦] પણ ‘गो’-શબ્દ નિત્ય હોવાથી અનેક રીતે ઉચ્ચારવામાં આવે ત્યારે તે પહેલાં અને ગો-વ્યક્તિ—ગાય નામના પ્રાણી—આમને વપરાતો સાંભળવામાં આવ્યો હોવાથી અન્વય-વ્યતિરેક દ્વારા ‘આકૃતિ’નો વાચક હોવાનું સમજાય છે.[૫૧]

વાસ્તવમાં બનતી ઘટના અનુસાર જ્યારે જ્યારે કોઈક વસ્તુ ઇન્દ્રિયગ્રાહ્ય બને છે ત્યારે ત્યારે તેની આકૃતિનું—અમુક વિશિષ્ટ આકારનું–તે વખતે ગ્રહણ થાય છે. દા.ત., ગાયના સંદર્ભમાં અમુક એક ગાય, ગાય નામના પ્રાણી સાથે સંકળાયેલી, ગળે ગોદડી જેવી લટકતી ચામડી વગેરેવાળી આકૃતિ આપણને દેખાય છે. શબરસ્વામી આ અંગે ખૂબ વિગતવાર સૂક્ષ્મ ચર્ચા કરીને જણાવે છે કે આકૃતિ તો વ્યક્તિ સાથે કાયમથી સંકળાયેલી જ છે, તેથી આકૃતિનું જ્ઞાન થતાં તેની સાથે સંકળાયેલ વ્યક્તિનો બોધ થઈ જાય છે.[૫૨] શબ્દને લીધે આકૃતિનું ગ્રહણ થાય છે અને આકૃતિને લીધે વ્યક્તિનું ગ્રહણ થાય છે.[૫૩] પરિણામે ‘આકૃતિ’ એ અનેક વ્યક્તિ-વસ્તુઓની વિશેષણભૂત છે અને એ અનેક વ્યક્તિ-વસ્તુઓને એક જાતિમાં સમાવિષ્ટ કરે છે. આ કારણે ‘આકૃતિ’ને અમુક એક વર્ગના ‘સામાન્ય’ લક્ષણનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. આ રીતે ‘આકૃતિ’ એ એક એવા વિશેષણભૂત સર્વસમાવેશક વર્ગ લક્ષણ તરીકે કાર્ય કરે છે અને તે દ્વારા વ્યક્તિભૂત વસ્તુની ઓળખ થાય છે. વ્યાપક રીતે એ અમુક વર્ગના અમુક વ્યક્તિભૂત વસ્તુની ઓળખ આપવા માટેના એકીકરણ કરનાર તત્ત્વની ગરજ સારે છે. આ કારણે ‘આકૃતિ’ વ્યક્તિ અને વર્ગ બંનેનો નિશ્ચય કરાવી આપે છે, પણ ‘આકૃતિ’ હંમેશાં મૂર્ત અને વ્યક્તિથી અવિભાજ્ય હોય છે; એ કોઈ માનસિક તુક્કો કે કેવળ વૈચારિક સ્વરૂપની નથી. તેથી તેને લીધે વ્યક્તિ કે વર્ગ અંગે મિથ્યા જ્ઞાન થવાનો સંભવ

રહેતો નથી. શબ્દના યોગ્ય વિષય તરીકે ' આકૃતિ ' હરહંમેશ શબ્દ તથા વસ્તુ બંને સાથે સંકળાયેલી રહે છે. આ તો હાજરાહજુર છે કે શબ્દ ઉચ્ચારાય ત્યારે વ્યક્તિ ઓળખાય છે; એ શબ્દને લીધે ઓળખાઈ કે આકૃતિને લીધે એવું અલગપણું નજરોનજર જણાઈ આવતું નથી. અન્વય–વ્યતિરેકને આધારે તેની સમજણ પડે છે કે શબ્દ વિના પણ જેને આકૃતિની ઓળખ પડે છે તે વ્યક્તિને ઓળખી જ કાઢે છે. એથી ઊલટું, શબ્દ ઉચ્ચારવા છતાં માનસિક ખામીને લીધે કદાચ આકૃતિને ન જાણી શકે તે કદી વ્યક્તિને ઓળખી શકતો નથી.[૫૪] તેથી જ શબરસ્વામીએ સ્પષ્ટ કર્યું છે કે આકૃતિ તો વ્યક્તિ સાથે કાયમથી જોડાયેલી છે અને આકૃતિની ઓળખ પડતાં તેની સાથે સંબંધિત વ્યક્તિ આપોઆપ જ ઓળખાઈ આવે છે. શબરસ્વામી આ 'આકૃતિ'ને મૂર્ત અને વાસ્તવિક માને છે. આ રીતે ઇન્દ્રિયગ્રહણ શબ્દની સાથે સંબંધિત આકૃતિના ગ્રહણ વગર થઈ શકતું નથી.

શબ્દનો અનેક વાર પ્રયોગ થતાં અનુભવને આધારે ' આકૃતિ 'ની ઓળખ પડવા લાગે છે, કેમ કે આકૃતિ ઇન્દ્રિયગ્રાહ્ય છે. જ્યારે જ્યારે અમુક શબ્દ ઉચ્ચારવામાં આવે ત્યારે ત્યારે તેની સાથે સંકળાયેલ આકૃતિ તરત જ જ્ઞાનનો વિષય બને છે. શબ્દથી આકૃતિ વ્યક્ત થાય છે, છતાં શબ્દ કે આકૃતિ અમુક વૈયક્તિક શબ્દપ્રયોગ કે અનુભવ ઉપર અવલંબતાં નથી.[૫૫] ગો-શબ્દ તો આજે જ નવી જન્મેલી વાછરડીને માટે પણ લાગુ પડે છે; એ વાછરડું પહેલાં હતું જ નહીં અને તેને માટે પહેલાં ગો-શબ્દ પ્રયોજાયો જ ન હતો.[૫૬] અમુક એક ગાયને ન જોઈ હોય છતાં સામાન્ય જ્ઞાન થતું હોય છે, તેથી ' ગો–શબ્દ વ્યક્તિવાચક છે ' એવું પ્રયોગને આધારે ન કહી શકાય.[૫૭] આ ઉપરથી ફલિત થાય છે કે શબરસ્વામીના મતે શબ્દનો વિષય વાસ્તવિક અનુભવ ઉપર અવલંબિત નથી. જો આમ ન હોત તો શબ્દ અનુભવ ઉપર આધાર રાખત અને પરિણામે શબ્દ રૂઢિ ઉપર આધાર ન રાખત.

' આકૃતિ ' અંગેની શબરસ્વામીની આ વિભાવના એમણે આપેલી ઇન્દ્રિયગ્રાહ્યતાની સમજણ કે શબ્દ અને પદાર્થ વચ્ચેના ' ઔપપત્તિક ', ' નિત્ય ' તેમ જ ' અપૌરુષેય ' સંબંધની વિરુદ્ધમાં નથી જતી. ' આકૃતિ ' એ કાંઈ અર્થથી વિરુદ્ધનો કે પદાર્થની તુલનાએ ગૌણ ગણાય. તેવી રીતે શબ્દ સાથે સંકળાયેલો બીજો કોઈ અલગ ' અર્થ ' નથી. ' અર્થ ' અંગે સ્પષ્ટતા કરતાં શબરસ્વામી કહે છે કે આકૃતિ એ જ શબ્દનો સાચો વિષય છે. ફક્ત નામપદો જ દૃષ્ટ પરિમાણમાંના પદાર્થોને ઓળખાવવા સમર્થ હોય છે, તેથી વિધિવાચક પદો તેમના વિષયરૂપ ' આકૃતિ 'નો બોધ કરી શકતાં નથી કે કરાવી શકતાં નથી.[૫૮] તેથી દૃષ્ટ પરિમાણના ક્ષેત્રમાં તો સ્પષ્ટ રીતે શબરસ્વામીના મતે આકૃતિ વાસ્તવિકતાની રજુઆત નામશબ્દો દ્વારા જ કરે છે. અદૃષ્ટ પરિમાણમાં આકૃતિ આ કાર્ય કેવી રીતે કરે છે તે અંગે શબરસ્વામીએ કોઈ સ્પષ્ટતા કરી નથી, છતાં તે દેવતા, સ્વર્ગ, ધર્મ વગેરે નામો દ્વારા અદૃષ્ટ પરિમાણમાંના પદાર્થો કે વિષયોનો નિર્દેશ જરૂર કરે છે તે ધ્યાનમાં રાખવા જેવું છે. ઉપરાંત શબ્દ અને તેના અર્થ કે વિષયભૂત પદાર્થ વચ્ચેનો સંબંધ અપૌરુષેય હોવાનું શબરસ્વામીએ માન્યું છે તે પણ યાદ રાખવાનું છે.[૫૯] આ રીતે શબરસ્વામીના મતે અપૌરુષેય પરિમાણના પદાર્થોના સ્પષ્ટ જ્ઞાન વિના શબ્દ અને અર્થ વચ્ચેના સંબંધની ઉત્પત્તિ વિષે પગેરું કાઢવાની કોઈ જ

પદ્ધતિ નિરર્થક છે. ખરું જોતાં તો અમુક ચોક્કસ વિશેષ અર્થાત્ વિશિષ્ટતા જ આ સંબંધના ઉદ્ભવમાં મૂળભૂત તત્ત્વ છે. વિશેષ એટલે કે અમુક ચોક્કસ આકાર કે સ્વરૂપ અને સંજ્ઞા (અમુક ચોક્કસ નામ) વચ્ચે એવો કોઈ પ્રત્યક્ષ અને ઇન્દ્રિયગ્રાહ્ય આધાર નથી, જેને લીધે કોઈ વાસ્તવિકતાના અદૃષ્ટ પરિમાણ સાથે તેનો પારસ્પરિક સંબંધ ઉત્પન્ન કરી શકે. દા.ત., વાસ્તવિકતાના અદૃષ્ટ પરિમાણમાં દેવતા જાણીતો નથી, તેથી તેના આધારે અમુક રૂપ કે નામ આપવાનો મનુષ્ય પ્રયત્ન પ્રમાણપુરઃસર ન ગણાય, કેમ કે એમાં તો ઇન્દ્રિયપ્રત્યક્ષના ક્ષેત્રની બહારના અદૃષ્ટ પદાર્થને જોવાનો દાવો કર્યો ગણાય. એમ છતાં શબ્દનો વિશેષ હોતો નથી અર્થાત્ અદૃષ્ટ પરિમાણમાં આકૃતિ નથી એવું શબરસ્વામી કહેતા નથી. પરતુ એટલું સ્પષ્ટ છે કે એ પરિમાણમાં આકૃતિનું ગ્રહણ થતું નથી અને તેથી તેના વિષે ચોક્કસ કોઈ વાત થઈ શકે નહિ. આમ છતાં, શબરસ્વામી માને છે કે દૃષ્ટ અને અદૃષ્ટ બંને પરિમાણમાંના પદાર્થનો શબ્દ સાથે સંબંધ છે અને એ સંબધ અપૌરુષેય છે અને આકૃતિ, અદૃષ્ટ કે શબ્દને તે સાવ છોડવા તૈયાર નથી. વળી દેવતાની આકૃતિને મૂર્ત સ્વરૂપે સ્પષ્ટ કરવાનું તેમને કોઈ કારણ પણ નથી, કેમ કે શબ્દમાં અને શબ્દ દ્વારા તેમની હયાતીથી વધુ કોઈ નક્કર માહિતી મળતી નથી. વાસ્તવિકતાના દૃષ્ટ પરિમાણમાંના પ્રત્યક્ષ ઉપર આધારિત અનુમાન વડે શબ્દનો અદૃષ્ટ પરિમાણમાં કોઈક આધાર હોવાનું જણાય છે. આ રીતે શબરસ્વામી શબ્દને અને તેના અર્થ કે વિષયભૂત પદાર્થને અનુભવગમ્ય વ્યક્ત જગતમાં બાંધી કે સીમિત કરી રાખતા નથી, કારણ કે પૂર્ણ વાસ્તવિકતાનો તો એ એક અંશમાત્ર છે. દૃષ્ટ પરિમાણમાં જ શબ્દને બાંધી રાખવામાં ન આવે તો અદૃષ્ટ પરિમાણમાં પણ આકૃતિનો નિષેધ ન જ થઈ શકે. આ ઉપરથી ફલિત થાય છે કે કોઈ પણ પદાર્થ ઇન્દ્રિયપ્રત્યક્ષથી ગ્રાહ્ય ન હોય તેટલા જ કારણે તે હયાતી નથી ધરાવતો એવું સિદ્ધ ન થઈ શકે. અપ્રત્યક્ષ પદાર્થનું વર્ણન ન થઈ શકે; અદૃષ્ટ પરિમાણના પદાર્થની આકૃતિનું આપણે ગ્રહણ નથી કરી શકતા એ અર્થમાં તે શબ્દાતીત છે.

શબરસ્વામી આકૃતિનો જાતિ અને, વ્યક્તિ બંનેના સંદર્ભમાં વિચાર કરે છે અને તેનો બોધ કરાવતો હોવાથી શબ્દને 'નિત્ય' ઠરાવે છે. અહીં આકૃતિ અને શબ્દ વચ્ચેના સંબંધનો સવાલ મુખ્ય છે. શબ્દનું ઉચ્ચારણ કરતી વખતે વર્ણો ઉચ્ચારવામાં આવે છે, પણ વર્ણો એ જ પદ છે, તેનાથી અલગ કે ઉપરવટ કોઈ અલગ વસ્તુ નથી. કોઈ પણ ભાષાનો બોધ થવા તેમાંના વર્ણોનો બોધ થવો આવશ્યક છે, કેમ કે એ વર્ણોની આનુપૂર્વી ઉપર જ બોધનો આધાર છે. શબ્દમાંના વર્ણો અમુક ચોક્કસ ક્રમમાં હોય તો જ અમુક ચોક્કસ પદાર્થનો બોધ કરાવી શકે. શબરસ્વામીએ શબ્દ અને વર્ણ વચ્ચેનો વ્યાકરણગત ભેદ નિર્દેશ્યો છે અને अक्षर, ०कार, वर्ण, शब्द तथ पद એવાં પદો પ્રયોજ્યાં છે.[૬૦] પરંતુ શબરસ્વામીને મન ખરું મહત્ત્વ તો 'શબ્દ'નું જ છે. વૈયાકરણોને અભિમત વર્ણપરિવર્તનના સંદર્ભમાં તે કહે છે કે दधि + अत्रમાં સન્ધિ થઈને इकारને સ્થાને યણાદેશ થઈને यकार આવે છે ત્યાં પ્રકૃતિ-વિકારભાવ નથી. इकार અને यकार એ બે અલગ વર્ણો છે, કેમ કે यकार પ્રયોજવાનો હોય ત્યાં इकार લેવામાં આવતો નથી.[૬૧] અહીં મૂળ સૂત્ર છે—वर्णान्तरमविकारः।[૬૨] પણ શબરસ્વામીએ 'વર્ણ' પદને સ્થાને 'શબ્દ' પદ પ્રયોજ્યું છે. સાદૃશ્યનો મુદ્દો ચર્ચતી વખતે પણ શબરસ્વામી 'શબ્દ' વિષે જ વિચારે છે કે[૬૩] અર્થવાળા ઉચ્ચારિત શબ્દ સાથેના

સાદૃશ્યને લીધે બીજા સાંભળેલા શબ્દનો અર્થબોધ થઈ શકે એમ ન કહી શકાય, કારણ કે કોઈ પણ શબ્દ અર્થવાળો નથી; બધા જ શબ્દો નવા નવા હોય છે......પહેલાં સાંભળેલા શબ્દ જેવો છે એવું જ્ઞાન થતાં ભ્રમને લીધે જ્ઞાન પાછું પડશે, જેમ કે 'શાલા' અને 'માલા' શબ્દમાં એક વ્યંજન કરતાં વધુ સાદૃશ્ય હોવા છતાં 'શાલા' શબ્દને આધારે 'માલા' શબ્દનું જ્ઞાન થતું નથી. તાત્પર્ય કે જો વર્ણોની આનુપૂર્વી બદલાઈ જાય તો શબ્દ બદલાઈ જાય છે અને અભિપ્રેત પદાર્થ અંગે ભ્રમ ઉદ્ભવે છે.

વર્ણોની સાચી આનુપૂર્વીને આધારે જ શબ્દ સાચો (સાધુ) છે કે ભ્રષ્ટ થયેલો (અપભ્રંશ) છે તેનો ભેદ પરખાય છે. ગાવી, ગોણી, ગોપોતલિકા એ બધા ગૌઃ એ સાધુ શબ્દના અપભ્રંશો ગણાય છે. અહીં પૂર્વપક્ષી દલીલ કરે છે કે ગૌઃ, ગાવી, ગોણી, ગોપોતલિકા વગેરે શબ્દો ઉદાહરણ તરીકે લઈએ...... એમાંના 'ગાવી' વગેરે શબ્દો દ્વારા ગળાની ગોદડી જેવી ચામડીવાળી વસ્તુ—ગાયરૂપી પ્રાણી—નિર્દેશિત થાય છે. તેથી આજથી સેંકડો વર્ષ પૂર્વે પણ આ અર્થ સાથે સંબંધ હતો જ. તે પૂર્વ, તેની પણ પૂર્વે એમ કરતાં અનાદિપણું ઠરે છે. આ સંબંધનો કર્તા તો નથી એ નક્કી થઈ ચૂક્યું છે. તેથી બધા જ શબ્દો સાચા છે, બધા જ શબ્દો બોલવામાં વાપરવા જોઈએ, કેમ કે બધા જ શબ્દોથી કામ સરે છે. જેમ કે હાથ, કર, પાણિ વગેરે. અર્થબોધ કરાવવા માટે જ એમનું ઉચ્ચારણ કરવામાં આવે છે, નહીં કે અદૃષ્ટ માટે. એમના ઉચ્ચારણ માટે કોઈ શાસ્ત્રનું પ્રમાણ નથી. તેથી આમાંથી કોઈ એક જ શુદ્ધ છે અને બીજા અશુદ્ધ કે અપભ્રંશ છે એવું નક્કી ન થઈ શકે.[૬૪] આના જવાબમાં શબરસ્વામી કહે છે કે શબ્દનું ઉચ્ચારણ કરવામાં મહાપ્રયત્ન કરવો પડે છે. વાયુ નાભિમાંથી ઊઠ્યો, હૃદયમાં વિસ્તાર પામ્યો, કંઠમાં વિવિધ અવસ્થા પામ્યો, તાળવાને અથડાઈને પરાવર્તન પામ્યો. આટલું થયા પછી મુખમાં વિચરણ કરીને વિવિધ શબ્દોને અભિવ્યક્ત કરે છે. એમાં ઉચ્ચારણ કરનારની ભૂલ પણ થાય; જેમ કે 'સૂકી જમીન પર પડીશ' એમ વિચારીને કૂદનારો અંદાજ ચૂકી જઈને કાદવમાં પણ પડે છે, 'એક વાર આચમન કરીશ' એમ વિચારીને આચમન કરનારો ભૂલથી બે વાર આચમન કરે છે. તેથી 'ગાવી' વગેરે શબ્દો ભૂલને લીધે ઉદ્ભવ્યા હશે; નિયમપૂર્વક અવિચ્છિન્ન પરંપરામાં ઊતરી આવેલા નથી.[૬૫] શબરસ્વામીનું કહેવાનું તાત્પર્ય એ છે કે શુદ્ધ શબ્દપ્રયોગ તો અવિચ્છિન્ન પરંપરામાં નિયમપૂર્વક ઊતરી આવેલો છે, જ્યારે અપભ્રંશ પ્રયોગોની બાબતમાં એવું કાંઈ નથી. એવો કોઈ ન્યાય નથી કે એક જ અર્થવાળા બધા શબ્દો અવિચ્છિન્ન પરંપરાવાળા હોય. કેવળ પ્રત્યય જોવાથી જ સ્વીકાર કરવામાં આવે છે. શબ્દ શુદ્ધ છે એવું જ્ઞાન થાય ત્યારે પ્રત્યયની કલ્પના કરવામાં આવે છે. તેથી આ બધામાં એક શબ્દ અનાદિ છે, બીજા અપભ્રંશ છે. 'હસ્ત', 'કર', 'પાણિ' વગેરેમાં તો શિષ્ટ પુરુષોના ઉપદેશને આધારે એ શબ્દોનો અર્થ સાથેનો સંબંધ અનાદિ છે[૬૬] અર્થાત્ પર્યાયો અવિચ્છિન્ન પારંપર્ય ધરાવી શકે.

શબરસ્વામીના મતે શબ્દનો શુદ્ધ–સાધુ–પ્રયોગ અને તેનું શુદ્ધ અર્થજ્ઞાન ખૂબ મહત્ત્વનું છે. અમુક આનુપૂર્વીવાળા વર્ણો—અર્થાત્ શબ્દ—ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ પ્રમાણભૂત અર્થબોધ માટેનો આધાર છે અને તે શબ્દનો કાયમી પ્રયોગ દર્શાવે છે. વર્ણોને સ્પષ્ટપણે 'નિત્ય' કહ્યા

નથી. શબરસ્વામી વર્ણો ઉપર ભાર મૂકતા નથી અને વર્ણપરિવર્તનનો પ્રશ્ન ટાળે છે. આ સંદર્ભમાં दधि + अत्रनुं दध्यत्र થાય તેમાં यकार એ પોતે તો શબ્દ નથી, પણ इकारની જેમ બીજા શબ્દનો અંશમાત્ર છે. શબ્દના અમુક વર્ણોની આનુપૂર્વીમાંનો એક જ વર્ણ એ પોતે શબ્દ ન ગણાય. કાં તો એ એ શબ્દનો અપભ્રંશ ગણાય અથવા સાવ જુદો જ શબ્દ બની શકે, કારણ કે શબ્દ નિરવયવ છે.[૬૭] ઉપરાંત શબ્દ એકરૂપપણું ધરાવે છે, જુદા જુદા કાનરૂપી દેશ ભિન્ન હોય તેથી શબ્દ અનેક ન હોઈ શકે.[૬૮] વર્ણોના જે સંયોગવિભાગ કાયમ કરવામાં આવે છે અને જે દ્વારા શબ્દ અભિવ્યક્ત થાય છે તેને ' નાદ ' કહેવો જોઈએ,[૬૯] તેથી શબ્દના અવયવો હોઈ શકે નહીં. પાછળથી કુમારિલ ભટ્ટે વર્ણોને પણ નિત્ય માન્યા છે,[૭૦] પરંતુ શબરસ્વામીએ સ્પષ્ટ શબ્દોમાં ક્યાંય વર્ણોને ' નિત્ય ' કહ્યા નથી. છતાં એટલું ચોક્કસ છે કે શબ્દ અને અર્થના સંબંધના સંદર્ભમાં શબરસ્વામી અમુક ચોક્કસ આનુપૂર્વીમાં ગોઠવાયેલા વર્ણોને જ સાધુ શબ્દ તરીકે સ્વીકારે છે. ઉપરાંત તેના અવિચ્છિન્ન પ્રયોગમાં વ્યવધાન ક્યારથી આવ્યું અને અપભ્રંશ શબ્દોનો પ્રયોગ કોણે, ક્યારે, શા કારણે શરૂ કર્યો તેનું પગેરું શોધી શકાય તેમ નથી, એ કારણે તે શબ્દને અનાદિ માને છે. આ ઉપરથી એમ લાગે છે કે શબરસ્વામીએ શબ્દનિત્યત્વના સંદર્ભમાં વર્ણોની વિચારણા પર ખાસ લક્ષ આપ્યું નથી. વળી શબ્દમાં વર્ણોનું મહત્ત્વ અમુક આનુપૂર્વી દ્વારા અર્થ-બોધ કરાવવામાં છે અને ભાષાના સંદર્ભમાં તો શબ્દના કાયમી પ્રયોગનું મહત્ત્વ છે. જો વર્ણોની આનુપૂર્વીમાં ફેરફાર થાય તો શબ્દ દ્વારા અભિપ્રેત અર્થબોધ ન પણ થાય અને શબ્દનો કાયમી પ્રયોગ તો તેમાંના વર્ણોની આનુપૂર્વી યથાવત્ જાળવીને જ સચવાઈ રહે. શબરસ્વામીના ' શબ્દ 'ની વિભાવનામાં વર્ણોની અમુક આનુપૂર્વી દ્વારા અર્થબોધ કરાવવાની બાબત અનિવાર્યપણે સંકળાયેલી છે અને અર્થબોધક એકમ તરીકે વસ્તુમાં રહેલી ' આકૃતિ ' શબ્દના અધિષ્ઠાનરૂપ છે અને વર્ણોની અમુક આનુપૂર્વી દ્વારા એ આકૃતિ શબ્દને વસ્તુ સાથે સીધો સાંકળી આપે છે.

' નિત્યત્વ ' એ પદ શાબરભાષ્યમાં ચાવીરૂપ છે. મીમાંસાસૂત્ર ૧.૧.૬થી ૧.૧.૨૩માં શબ્દનિત્યત્વ અંગે ચર્ચા છે. આ સૂત્રોના ભાષ્યમાં શબ્દની નિત્યતાનું શબરસ્વામીએ ભારપૂર્વક પ્રતિપાદન કર્યું છે. ૧.૧.૧૨ના ભાષ્યમાં તે કહે છે કે જો શબ્દના નિત્યપણા અંગે સ્પષ્ટ હેતુ દ્વારા કથન કરી શકીએ તો તે ઉપરથી ફલિત થશે કે નિત્યતાના જ્ઞાનને આધારે ઉચ્ચા-રણના પ્રયત્ન દ્વારા શબ્દ અભિવ્યક્ત થાય છે. જો ઉચ્ચારણ પૂર્વે અભિવ્યક્ત ન હતો એમ માનીએ તો ઉચ્ચારણ દ્વારા અભિવ્યક્ત થાય છે એમ ફલિત થાય. બેમાંથી ગમે તે પક્ષ માનો તોપણ શબ્દ નિત્ય ઠરે છે.[૭૧] અમુક વર્ણાનુપૂર્વીવાળો સાધુ શબ્દ આ નિત્યત્વના સંદર્ભમાં એમના સતત પ્રયોગ સાથે સંકળાયેલો છે; અહીં ' શબ્દ 'ની વાત છે, નહીં કે પદ કે વર્ણોની. તેથી ' શબ્દ ' એક સાતત્યપૂર્ણ અર્થબોધક એકમ તરીકે રજૂ થયો છે. આ અર્થ-બોધક સાતત્યને લીધે જ અનેક ઠેકાણે અનેક લોકો દ્વારા અનેક વાર ઉચ્ચારાયેલ શબ્દ કાયમ અર્થબોધ કરાવતો રહે છે. ' આકૃતિ ' અંગેની સમજ આપતી વખતે તે શબ્દના આ નિત્યત્વને અનુલક્ષે છે એ તરફ શબરસ્વામીએ ધ્યાન દોર્યું છે, તેથી શબ્દને જે વિશેષણ લાગુ પડે છે તે ' આકૃતિ' ને પણ આપોઆપ જ લાગુ પડે છે. જો આ ન સ્વીકારીએ તો શબ્દ અને

આકૃતિ વચ્ચેનો સંબંધ 'ઔપપત્તિક' ન ઠરી શકે. છતાં શબરસ્વામીએ ફોડ પાડીને 'આકૃતિ'ને નિત્ય કહી નથી, કારણ કે શબ્દની જેમ તેને ઐકરૂપ્ય એ વિશેષણ લાગુ પાડ્યું નથી. તેથી અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ઔપપત્તિક અને નિત્ય સંબંધવાળી 'આકૃતિ' સાથે 'શબ્દ'નો સંબંધ કયા પ્રકારનો છે? કુમારિલ ભટ્ટે તો 'નિત્ય'નો 'પરમાર્થનિત્ય' કે 'ત્રિકાલાબાધિત તત્ત્વ' એવો દાર્શનિક અર્થ કર્યો છે. પરંતુ શબરસ્વામીએ જે રીતે 'શબ્દ' અને 'આકૃતિ' વચ્ચેના સંબંધની વિભાવના રજૂ કરી છે તે જોતાં તે 'નિત્ય' શબ્દને 'કાયમપણું', 'સુસંગતતા', 'સ્થિરતા', 'સાતત્ય' એ વ્યાવહારિક અર્થોમાં પ્રયોજતા જણાય છે. આ સંદર્ભમાં આપણે રુએગ્ના નીચેના મંતવ્યને સમજવા જેવું છે[૭૨] "......that the linguistic theory comparable with नित्य will be comprehended more easily, if one translates the term नित्य by 'invariable' (and नित्यत्व by 'invariability') instead of 'permanent'." આ અર્થમાં જ શબ્દ સાથે આકૃતિનો સંબંધ ઔપપત્તિક હોવાનું અને આકૃતિ પ્રત્યયગ્રાહ્ય—ઓળખી શકાય તેવી ઇન્દ્રિયગ્રાહ્ય—હોવાનું શબરસ્વામીનું મંતવ્ય તર્કસંગત ઠરી શકે.

શબરસ્વામીની નિત્યત્વની વિભાવના શાબરભાષ્યમાં નીચે મુજબ સ્પષ્ટ થઈ છે :

"આઠ વખત 'ગાય' શબ્દ ઉચ્ચાર્યો" એવું લોકો કહે છે, નહીં કે 'આઠ 'ગાય' શબ્દો' એવું. જો એમ હોય તો તેથી શું ? આ લોકવચન ઉપરથી જણાઈ આવે છે કે (એકનો એક 'ગાય' શબ્દ વારંવાર ઉચ્ચારવામાં આવ્યો છે એવું) એ લોકો ઓળખે છે, અમે પણ ઓળખીએ છીએ, કેમ કે અમારી ઇન્દ્રિયો નબળી નથી પડી ગઈ. એ જ રીતે બીજા લોકો પણ ઓળખે છે કે 'આ એનો એ જ છે', ઓળખનારા જો ઓળખે છે તો તેમણે અમારી જેમ કહેવું જોઈએ કે 'બીજો નથી'... એ લોકો તેને 'સમાન' તરીકે નથી ઓળખતા. તો કેવી રીતે ? 'એનો એ જ છે' એ રીતે. અન્યપણું સ્પષ્ટ જણાઈ આવે તો 'ભ્રમ થયો એવું' કહેવાય, પણ આ 'અન્ય' હોવા અંગે પ્રત્યક્ષ કે બીજું કોઈ પ્રમાણ ઉપલબ્ધ નથી.[૭૩] આ ચર્ચામાં ખાસ નોંધવા જેવો મુદ્દો એ છે કે શબરસ્વામી શબ્દની ઓળખ કે પ્રતીતિ ઉપર આધાર રાખીને ચર્ચા કરે છે, અને શબ્દ આઠ વાર ઉચ્ચારવામાં આવે ત્યારે એ શબ્દ એકનો એક જ છે નહીં કે જુદા જુદા આઠ શબ્દો, એવી લોકોને પ્રતીતિ થાય છે એ બાબત ઉપર ખૂબ ભાર મૂકે છે. શબ્દને 'નિત્ય' માનવાના પાયામાં આ પ્રતીતિનો મુદ્દો જ મુખ્ય છે. એમાંના વર્ણો એના એ જ હોવાનું પણ શબરસ્વામી કહી શકે, કેમ કે વર્ણો શબ્દથી અલગ નથી, જ્યારે નાદ તો ક્ષણિક છે.

આ પ્રતીતિમાંના નિત્યત્વના સંદર્ભમાં જ એક બાજુ શબ્દ અને બીજી બાજુ એને લગતી બુદ્ધિવૃત્તિ તથા ક્રમ એ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટ પરખાઈ આવે છે. ઉચ્ચારણક્રિયા અને બુદ્ધિવૃત્તિ એક પછી એક એમ ક્રમમાં આવે છે, છતાં શબ્દપ્રતીતિ વખતે એ શબ્દ એનો એ જ છે એવી પ્રતીતિ થવા માટે તેઓ કોઈ પ્રત્યક્ષ આધાર પૂરો પાડતા નથી, કેમ કે શબરસ્વામીના મંતવ્ય અનુસાર તો વર્ણોની સીધી પ્રતીતિ જ શબ્દ અંગેનું કાયમીપણું કે સાતત્ય દર્શાવે છે. શબ્દ જેમ એમાંના વર્ણોનો હરહંમેશ નિર્દેશ કરે છે તેમ બુદ્ધિવૃત્તિ અને

ઉચ્ચારણકર્મ કોઈ મૂર્ત પદાર્થનો હંમેશ નિર્દેશ કરે જ એવું જોવા મળતું નથી. આ ભેદ લક્ષમાં રાખીએ તો શબરસ્વામીને અભિપ્રેત નિત્યત્વના સંદર્ભમાં આ પ્રતીતિ કેટલું બધું મહત્ત્વ ધરાવે છે એ બરાબર સમજી શકાશે. શાબરભાષ્યમાંની નીચેની ચર્ચા ઉપરથી આ મુદ્દો વધુ સ્પષ્ટ થઈ જશે :

'ગઈ કાલના શબ્દનો નાશ થઈ ગયો હોવાથી આજનો શબ્દ જુદો છે' એવું કહો તો (અમારો જવાબ એ છે કે) એ નાશ પામ્યો નથી, કેમ કે એની અમને ફરીથી પ્રાપ્તિ થાય છે. હાજરાહજૂર મુહૂર્તને ન જોવાથી ફરીથી તે ઉપલબ્ધ થતાં તેને ઓળખનારા લોકો 'તે નાશ પામ્યું હતું' એવી કલ્પના નથી કરતા. જો એવી કલ્પના કરતા હોય તો (એક વખત નજરે પડીને વચ્ચે નજર બહાર ગયા બાદ) બીજી વાર નજરે પડતી માતા, પત્ની કે પિતાને (એના એ જ છે એમ) માની શકશે નહીં. ઉપલબ્ધ ન થાય એટલા ઉપરથી જ 'નથી' એમ જાણીને લોકો 'નાશ પામ્યું' એવી કલ્પના નથી કરતા. કોઈ જ પ્રમાણ દ્વારા હયાતી જણાતી નથી એવી ખાતરી થાય ત્યારે આપણે 'નથી' એવું સમજીએ છીએ. પ્રમાણ હાજરાહજૂર હોય છતાં પ્રમાણ નથી એવું ન બની શકે. ભ્રમ વગર 'છે' એવી જાણકારી મેળવીએ તો ક્યાંય પણ 'અભાવ' ન કલ્પી શકાય. અભાવ સાબિત ન થાય ત્યાં સુધી 'ભ્રમ થયો' એમ ન બની શકે. અભાવ તો સાબિત થયો નથી. તેથી ભ્રમ ન હોવાથી અભાવ હોઈ શકતો નથી.[૭૪] આ બધું આનુપૂર્વી દ્વારા સિદ્ધ થાય છે. તેથી પહેલાં શબ્દ ઉચ્ચાર્યો ન હોવાથી તેની ઉપલબ્ધિ નથી થતી એમ જાણવા છતાં તે 'નાશ પામ્યો' એવું જાણવું યોગ્ય ન ગણાય. આ મુદ્દાને વધુ તાદૃશ રીતે રજૂ કરતાં શબરસ્વામી કહે છે કે જેમ લોકો ઘરમાંથી બહાર જાય અને તેથી ઘરનાં બધાં માણસોને ન જુએ, પણ ફરીથી ઘરમાં પ્રવેશે ત્યારે તેમને જુએ છે; આમ છતાં 'અમે ફરીથી ઘરમાં પ્રવેશ કર્યો તે પહેલાં ઘરના બધા માણસો નાશ પામ્યા હતા' એવું નથી માનતા![૭૫] શબરસ્વામીએ આપેલું આવું તાદૃશ ઉદાહરણ પ્રતીતિનું મહત્ત્વ અને શબ્દના સંદર્ભમાં ભાષાની પ્રમાણભૂતતા સિદ્ધ કરવામાં તેની આવશ્યકતા – આ બે મુદ્દાઓને સ્પષ્ટ કરી દે છે. આ ઉપરથી એ ચોખ્ખું જણાઈ આવે છે કે શબરસ્વામીની શબ્દની વિભાવનામાં શબ્દની 'નિત્યતા'નો અર્થ તેની 'ત્રિકાલાબાધિત કૂટસ્થ નિત્યતા' એવો થતો નથી, અને શબરસ્વામીના અનુગામીઓએ જે ઉપરના દાર્શનિક અર્થમાં શબ્દનિત્યતાનું જે પ્રતિપાદન કર્યું છે એવા પ્રકારનો કોઈ સૈદ્ધાન્તિક અભિનિવેશ શબરસ્વામી પોતે જાતે શાબરભાષ્યમાં તો વ્યક્ત કરતા દેખાતા નથી. શબ્દનિત્યતાની શાબરભાષ્યમાંની વિભાવના તો ભાષામાંનું શબ્દનું સ્વરૂપ સ્પષ્ટ કરવાના અનુષંગે અભિવ્યક્ત થઈ છે, અને તેથી જ આ બધી ચર્ચાના અંતે શબરસ્વામી કહે છે કે જે લોકો બધા પદાર્થોનો દરેક ક્ષણે વિનાશ થતો હોવાનું માને છે તે લોકો પણ શબ્દનો વિનાશ થતો હોવાનું બોલી શકતા નથી. (દરેક પદાર્થનો) અંતે તો વિનાશ થાય છે એવું જોઈને તેઓ એવું માને છે, પણ શબ્દનો તો અંત કે વિનાશ થતો જણાતો નથી. 'તે' (એનો એ જ) એવી ઓળખ પડે છે (પહેલાં ઉચ્ચારેલો હતો તેના) 'જેવો' એવું અનુમાનને આધારે જણાય છે. અનુમાનથી બેસતો અંદાજ પ્રત્યક્ષ અનુભવની વિરુદ્ધમાં ઉદ્ભવી શકતો નથી અને પોતાનું કાર્ય સિદ્ધ પણ કરી શકતો નથી. તેથી (શબ્દ) નિત્ય છે.[૭૬] આ ચર્ચામાંનાં દીવા જેવાં સ્પષ્ટ અને ચોક્કસાઈભર્યાં

વિધાનો શબ્દની કૂટસ્થનિત્યતા સાબિત કરતાં નથી. શાબરભાષ્યમાંની ઉપરની ચર્ચા મૂળ સૂત્રના હાર્દરૂપે ભલે ન હોય, છતાં તેમાં 'શબ્દ એનો એ જ છે', તેને અનેક વાર ઉચ્ચારવા છતાં એ શબ્દની સંખ્યામાં ફેરફાર થતો નથી આ મૂળ મુદ્દો તો અભિપ્રેત છે જ અને મીમાંસા-સૂત્ર ૧.૧.૧૮થી આરંભાયેલા 'નિત્યસ્તુ......' એ સિદ્ધાન્તપક્ષના સમર્થનમાં संख्याभावात् [જૈ. મી. સૂ. –૧.૧.૨૦] એક વધુ હેતુ રજૂ કરે છે એ લક્ષમાં રાખવાનું છે અને એના સ્પષ્ટીકરણ માટે જ શબરસ્વામીએ આ સૂત્રોના શાબરભાષ્યમાં આ બધી ચર્ચા કરી છે. તેથી તાત્પર્ય એવું ફલિત થાય છે કે શબરસ્વામીએ સમજાવ્યા મુજબ તો શબ્દની 'નિત્યતા' દ્વારા તેની કાયમી કે સાતત્યવાળી ઇન્દ્રિયગ્રાહ્યતા ઉપર જ પૂર્વમીમાંસાદર્શન ભાર મૂકે છે, નહીં કે ઉત્તરકાલીન પૂર્વમીમાંસાદાર્શનિકોએ પ્રતિપાદિત કરેલી કૂટસ્થનિત્યતા ઉપર શબરસ્વામીને અભિપ્રેત આ 'નિત્યતા'ને તેમના 'न च शब्दस्यान्तो न च क्षयो लक्ष्यते' એ વિધાનને આધારે ભવિષ્યકાળવાચક અર્થપ્રક્ષેપણ કરીને આ 'કાયમીપણું' કે 'સાતત્ય'ના અર્થમાંથી 'ત્રિકાલાબાધિત કૂટસ્થનિત્યતા'ના અર્થમાં ન ઘટાવી શકાય. બિયાર્દુએ આ અંગે નીચે મુજબ નિર્ણય તારવ્યો છે : "With al rigour it seems to us that Śabar has shown in this way only one thing, the continuity of Śabda between two enunciations and not its eternity."૭૭

શબ્દના સતત અને કાયમી પ્રયોગથી થતા અનુભવને લીધે શબ્દને 'નિત્ય' કહ્યા વિના શબરસ્વામીને છૂટકો જ નથી. શબ્દની ઉત્પત્તિનું પગેરું શોધી કાઢવાની અશક્તિ અને શબ્દના પ્રયોગનો અંત આવતો નથી, તેમ જ અનુભવથી શબ્દ એનો એ જ છે એવી પ્રતીતિ થાય છે. આ હકીકતો શબરસ્વામીના 'શબ્દનિત્યતા'ના સિદ્ધાંત માટે પાયાની ગરજ સારે છે. અમુક શબ્દ અમુક અર્થ કે વસ્તુનો બોધ કરાવવાની કામગીરી બજાવે છે અને કાયમી ધોરણે આ કામગીરી બજાવવાનું અવિચ્છિન્ન પરંપરા દ્વારા ઊતરી આવ્યું છે. આ બધું જોતાં, શાબરભાષ્યમાં પ્રતિપાદિત કરેલી શબ્દની '[ન]ત્યતા' શબ્દપ્રયોગના સાતત્ય કે સ્થિરતાનો જ સંદર્ભ દર્શાવે છે, અને એ જ અર્થમાં આપણે 'नित्यः शब्दः' એ મીમાંસાસિદ્ધાંતને સ્વીકારવો જોઈએ.

સાથે સાથે એ પણ લક્ષમાં રાખવું જરૂરી છે કે શબરસ્વામીએ 'નિત્યતા'ની ચર્ચા શબ્દની લૌકિકતા, ઐહિકતા કે સાંસારિકતાના સંદર્ભમાં કરી નથી. આ અંગે ભાષ્યવિષયક કોઈ ગેરસમજ ન ઊભી થાય તે સારુ 'શબ્દ' અને (આકૃતિવિશેષયુક્ત) અર્થ વચ્ચેના ભેદ અંગે શબરસ્વામીનું મંતવ્ય યાદ રાખવા જેવું છે. 'શબ્દ' નિત્ય અને એકરૂપ છે. 'અર્થ' આકૃતિ સાથે સંકળાયેલો છે. શબ્દના 'ઐકરૂપ્ય' અને 'નિરવયત્વ' ઉપર ભાર મૂકીને શબરસ્વામી પૂર્વપક્ષીના, આકાશ કે વાયુના આધારે શબ્દ નિત્ય હોઈ શકે એવા, મતનું ખંડન કરે છે.૭૮ અહીં શબરસ્વામી સ્પષ્ટ રીતે શબ્દ 'એનો એ જ છે' એવી તેની સ્વરૂપગત એકરૂપતા ઉપર ભાર મૂકી, એ માટે શબ્દની આ એકરૂપતા અને નિત્યતા અંગે આકાશનો કોઈ આધાર અપેક્ષિત ન હોવાનું જણાવે છે. આકાશમાં રહેલો 'શબ્દ', ભલે

જુદાં જુદાં સ્થાનોમાં હોવાનું અનુભવાય છતાં, એનો એ જ હોય છે. અહીં શબ્દના તત્કાલીન શીઘ્ર અર્થબોધ માટે 'ઐક્યરૂપ'ના મહત્ત્વ ઉપર ભાર મુકાયો છે. શબ્દની આ પ્રકારની કાયમી અર્થબોધકતાના સ્વરૂપની 'નિત્યતા'ની ચર્ચા કરતી વખતે શબરસ્વામીએ શબ્દને 'નિરવયવ' તરીકે ઓળખાવ્યો છે. 'નિરવયવ' એટલે જેની અંદર સંયોગ કે વિભાગ ન હોય તેવો. શબ્દના ઉચ્ચારણમાં અવાજના ભેદો અનુભવાય તેથી કાંઈ શબ્દમાં અવયવો હોવાનું સૂચવાતું નથી. ઉચ્ચારણનો અવાજ મોટો કે નાનો હોય અર્થાત્ વાયુનો વ્યાપાર ઓછો વત્તો હોય છતાં શબ્દ એનો એ જ હોવાનું ઓળખી કાઢવામાં આવે છે. અવાજની ચઢ ઊતર કે ઓછાવત્તાપણાને 'નાદ' તરીકે ઓળખવો જોઈએ, નહીં કે 'શબ્દ' તરીકે. આમ શબરસ્વામી 'શબ્દ' અને 'નાદ' વચ્ચે ભેદ પાડે છે. તેથી જ વાયુના ઘટકોના સંયોગવિભાગ ઉપર આધારિત વર્ણરૂપ ઘટકોને આધાર ગણીને તે શબ્દમાં સંયોગવિભાગ સ્વીકારવાનું પૂર્વપક્ષીનું મંતવ્ય કબૂલ રાખવા સંમત નથી. શબ્દ અને નાદ વચ્ચેનો આ ભેદ જૈમિનીય સૂત્ર **नाद-वृद्धिः परा**[૧.૧.૧૭]માં વ્યક્ત થયો છે; એને જ શબરસ્વામીએ સ્પષ્ટ કર્યો છે. શબ્દને 'કાયમી' કે 'સાતત્યપૂર્ણ'ના અર્થમાં સ્વીકાર્યો હોવાથી શબરસ્વામી તેમાં વિભાગો કે એ વિભાગોનો સંયોગ નકારે છે અને શબ્દને 'નિરવયવ' કહે છે. આ રીતે શબ્દના 'ઐકરૂપ્ય' અને 'નિરવયવત્વ' એ ગુણધર્મો, શબ્દનું 'નાદ'થી અલગપણું અને શબ્દની સાતત્યપૂર્ણ એકસરખી કાયમી પ્રતીતિ, આ બધાના સંદર્ભમાં જ શબરસ્વામીએ શબ્દની 'નિત્યતા'નું પ્રતિપાદન કર્યું છે.

શબ્દ અને અર્થ કે વસ્તુ વચ્ચેના ભેદ અંગે પણ શબરસ્વામીએ કરેલાં કેટલાંક વિધાનો સમજવા જેવાં છે. '**दधि + अत्र**'માં ઇકારને સ્થાને યકાર થયો છે તેમાં ઇકારને પ્રકૃતિ અને યકારને વિકાર ગણી તે બંને વચ્ચે પ્રકૃતિવિકારભાવનો સંબંધ ન માની શકાય. ઇકાર અને યકાર એ બે શબ્દો જુદા છે. યકાર વાપરવો હોય ત્યારે લોકો ઇકાર વાપરતા નથી. જેમ કે, ચટાઈ ગૂંથવી હોય ત્યારે લોકો ખસના વાળાનો જ ઉપયોગ કરે છે, બીજી કોઈ વસ્તુનો નહીં.[૭૯] અહીં શબરસ્વામીએ યકાર અને ઇકાર એ બે વર્ણોને અલગ ગણાવી તેમની વચ્ચે પ્રકૃતિવિકારભાવ હોવાનું નકાર્યું છે; વૈયાકરણો અને નૈયાયિકોએ આ મંતવ્ય સ્વીકાર્યું છે.[૮૦] ઉત્પત્તિ વિષે જાણકારી ન હોવાથી જે વસ્તુઓની માત્ર હયાતી જ જાણમાં આવે છે તેમની બાબતમાં પણ જેમના વિનાશનું કારણ ઉપલબ્ધ થાય તો એવી કેટલીક વસ્તુઓની અનિત્યતા જાણી શકાય છે. જેમ કે નવું કપડું જોઈને, કેમ કે એને બનતું તો જોયું ન હતું અથવા તેવી વસ્તુઓનું રૂપ જ જોઈને અનિત્યતા જાણી શકાય છે. આ પટ તાંતણાઓના તાણાવાણારૂપ સંયોગથી બનેલો છે; તાંતણાઓનો સંયોગ નાશ થવાથી કે તાંતણાઓનો નાશ થવાથી કપડું નાશ પામશે એમ જાણી શકાય છે. પણ આ પ્રમાણેનું શબ્દની અનિત્યતાનું કારણ જાણવા મળતું નથી કે જેના વિનાશથી શબ્દ નાશ પામશે એવું જાણી શકાય.[૮૧] અહીં શબરસ્વામીના મતે આ **अनपेक्षत्वात्** (જૈ. મી સૂ. ૧.૧.૨૧)માં આ સ્વતંત્ર વિનાશકારણની અપેક્ષાના અભાવના મુદ્દા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ એમાં કોઈ ચોક્કસ કાળના સંદર્ભમાં 'ઉત્પન્ન થતો જણાયો' કે 'નાશ પામતો જણાયો' એ અર્થમાં આ વિચારણા થઈ નથી અર્થાત્ અમુક વર્ણોની આનુપૂર્વી ધરાવતો શબ્દ એ

સાદડીની માફક રચવામાં આવેલો નથી. આ ચર્ચામાં શબ્દના મૂળભૂત ગુણધર્મ અને સ્વભાવનો સંદર્ભ અભિપ્રેત છે. આના આધારે શબ્દને 'નિત્ય' સિદ્ધ કર્યો છે છતાં, ઉપર જોયું તેમ ખાસ યાદ રાખવાનું છે કે શબ્દનો પ્રયોગ કાયમી અને સાતત્ય ધરાવે છે એ અર્થમાં તે 'નિત્ય' છે, નહીં કે ત્રિકાલાબાધિત કૂટસ્થ નિત્ય. શબ્દનું આવું 'કૂટસ્થ નિત્ય' સ્વરૂપ હોવાનું સિદ્ધ કરવાનો પુરુષાર્થ ઉત્તરકાલીન મીમાંસક કુમારિલ ભટ્ટે (ઈ.સ. ૬૨૦-૬૮૦) અપરિવર્તનીય વર્ણોના સંદર્ભમાં આદર્યો. બાકી શબ્દના એકરૂપમાં કોઈ પરિવર્તન આવ્યું નથી કે આવતું નથી એ સંદર્ભમાં થયેલી શબ્દનિત્યત્વની ચર્ચા ઉપરથી આવી કૂટસ્થનિત્યતા નથી ફલિત થતી કે નથી સિદ્ધ થતી.

શબરસ્વામીએ કરેલી 'શબ્દ'ની ચર્ચા ઉપરથી ભાષાનો પ્રયોગ અને અર્થપ્રતીતિ વચ્ચેનો પારસ્પરિક સંબંધ અત્યંત સ્પષ્ટ થયો છે. આ અંગે શબરસ્વામીનાં નીચેનાં મંતવ્યો ખૂબ મહત્ત્વપૂર્ણ છે :

(૧) શબ્દ ઔપપત્તિક છે અર્થાત્ અર્થ સાથે આંતરિક સહજ સંબંધ ધરાવે છે; (૨) શબ્દ નિત્ય છે અર્થાત્ સ્વરૂપથી કાયમ રહે છે અને પ્રયોગમાં સ્થિરતા ધરાવે છે; (૩) શબ્દ અપૌરુષેય છે અર્થાત્ કોઈ મનુષ્યે એની રચના કરી નથી. શબ્દનું એકરૂપ્ય અને નિરવયવત્વ તેની એના એ જ તરીકેની ઓળખમાં કારણભૂત છે અને આ બે ગુણધર્મો તેના ઉપરોક્ત ત્રિવિધ સ્વરૂપનું સમર્થન કરે છે. એ ત્રિવિધ સ્વરૂપનું પ્રતિપાદન શબ્દના અવિચ્છિન્ન પારંપર્યના સંદર્ભમાં થયું છે. આ અર્થમાં શબ્દ સ્વયંસિદ્ધ કે સ્વયંભૂ છે, પદાર્થપ્રતીતિનો સહચારી છે અને અનુભવગમ્ય કે ઇન્દ્રિયગ્રાહ્ય હોવાથી શ્રુતિથી વિરુદ્ધ નથી.

શબરસ્વામીની 'શબ્દ' અંગેની આ વિભાવના મીમાંસાના મૂળભૂત પ્રયોજન—નિ:શ્રેયસ અને અભ્યુદયાત્મક ધર્મ અંગેની જિજ્ઞાસામાં કર્મપ્રતિપાદક વેદવચન જ તેનો મૂળભૂત આધાર—સાથે સુસંગત છે, કેમ કે શબરસ્વામીનું એમાં શબ્દની કૂટસ્થનિત્યતા કરતાં વેદમાં શબ્દપ્રામાણ્ય સિદ્ધ કરવાનું પ્રધાન લક્ષ્ય છે. શબરસ્વામીએ વેદનું સર્વોપરી પ્રામાણ્ય પણ શબ્દની અર્થપ્રતિપાદનના સંદર્ભમાં ઔપપત્તિકતા, નિત્યતા, અપૌરુષેયતાના આધારે જ સિદ્ધ કર્યું છે. શબ્દનું મહત્ત્વ એ શબ્દ અને તેનાથી અભિહિત પદાર્થ વચ્ચેનું શુદ્ધ અને વાસ્તવિક સામંજસ્ય દર્શાવવામાં જ છે. શબ્દ ઔપપત્તિક, નિત્ય અપૌરુષેય, એકરૂપ અને નિરવયવ હોય તો જ આ નૈસર્ગિક સામંજસ્ય સચવાઈ રહે અને તે ક્યાંય ભ્રષ્ટ ન બને.

## વૈદિક અને લૌકિક શબ્દ

શબરસ્વામી વેદને અદૃષ્ટના જ્ઞાન માટે, એકમાત્ર વિશ્વસનીય પ્રમાણરૂપે સ્વીકારે છે. અદૃષ્ટમાં ધર્મ, વૈદિક કર્મો અને તેમનાં ફળની પ્રાપ્તિ—આ ત્રણ પાસાંનો સમાવેશ થાય છે. આ કારણે શબરસ્વામીએ વૈદિક વિધિ તથા લૌકિક વિધાન અને શબ્દ તથા વેદ તરફ ખાસ લક્ષ આપ્યું છે. 'શબ્દ' અંગે તો તે સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે જે લૌકિક શબ્દો છે, તે જ વૈદિક શબ્દો છે. એમના અર્થો પણ એના એ જ છે. આ રીતે હોય તો જ પ્રયોગવિધિ સંભવી શકે. જો તે જ શબ્દો અને તે જ અર્થો હોય તો જ. નહિતર તો શબ્દ જુદો હોવાથી અર્થની પ્રતીતિ ન થાય. માટે એક જ શબ્દ છે એમ માનવું જોઈએ.[62] તાત્પર્ય

કે વૈદિક અને લૌકિક એવા ભેદ શબ્દની બાબતમાં નથી અને એને લીધે વૈદિક અને લૌકિક એવી બે ભિન્ન ભાષાઓ હોવાનું કહેવું એ બરાબર નથી. એ જ રીતે વૈદિક અર્થો કે પદાર્થો અને લૌકિક અર્થ કે પદાર્થ એવા ભેદ પણ પાડવા શક્ય નથી. વેદમાંના શબ્દ અંગે એવું કોઈ વધારાનું લક્ષણ નથી. તેથી પ્રથમ દષ્ટિએ તે એમ જ લાગે છે કે વૈદિક વિધાન અને લૌકિક વિધાન વચ્ચે શબ્દની દષ્ટિએ કોઈ મહત્ત્વનો ભેદ ન હોઈ શકે. છતાં વેદ અને સ્મૃતિ વચ્ચે ખૂબ મોટો ભેદ રહેલો છે. શબરસ્વામી તો અર્થપૂર્ણ વિધાનના સંદર્ભમાં જ કહે છે કે વૈદિક અને લૌકિક શબ્દ વચ્ચે કોઈ ભેદ નથી એ વિધાન અર્થપૂર્ણ હોઈ શકે, પણ પ્રામાણિક જ હોય તેવું ન પણ બને.

## અર્થબોધક ભાષા

શબરસ્વામી કહે છે કે પદો તો પોતપોતાનો પદ-અર્થ કહીને કામ કરતા અટકી જાય છે. ત્યાર બાદ, પદોના અર્થો સમજાઈ જતાં, વાક્યના અર્થનો બોધ કરાવે છે.[૮૩] આ રીતે શબ્દો પોતે એક જ અર્થનો બોધ કરાવતા હોઈ શબરસ્વામીના મતે વૈદિક કે લૌકિક એ બંને પ્રકારનાં વિધાનો અર્થયુક્ત હોય છે. આની સ્પષ્ટતા કરતાં શબરસ્વામી કહે છે કે જેમાં 'ધોળો' કે 'કાળો' એમ ગુણની પ્રતીતિ થાય છે ત્યાં એ શબ્દ ગુણવાળો અર્થ દર્શાવવા સમર્થ બને છે. તેથી ગુણવાળાની બાબતમાં અર્થબોધ થાય એવું ઇચ્છનારા કેવળ ગુણવાચક શબ્દ ઉચ્ચારે છે. એમનો ઇચ્છિત અભિપ્રાય સફળ થશે. વિશિષ્ટ અર્થનો બોધ એ જ વાક્યનો અર્થ છે.[૮૪] આ ઉપરથી એમ ફલિત થાય છે કે, શબ્દનો અલગ સ્પષ્ટ પ્રતીત ન થતો હોય કે વાક્યનો પદાર્થ તેમાંના વિશેષણયુક્ત અને વિશેષણવાચક શબ્દો કરતાં જુદો હોય તો વાક્યના પદાર્થની પ્રતીતિ થવી શક્ય નથી.

પછી શબરસ્વામી કહે છે કે જે વ્યક્તિ પદનું ઉચ્ચારણ કર્યા વિના પણ શુક્લતા—ધોળાપણું—ઓળખી શકે છે તે ધોળા ગુણવાળા પદાર્થને પણ ઓળખે છે જ. તેથી પદાર્થની ઓળખ થવાથી વાક્યનો અર્થ સમજાય છે; એને પદોના સમુદાય સાથે સંબંધ નથી.[૮૫] આ રીતે જ્યાં કેવળ પદાર્થનો પ્રયોગ પણ સપ્રયોજન હોય છે કે અનર્થક હોતો નથી ત્યાં વાક્યાર્થ સામાન્ય શ્રવણ થતાંવેંત જ સમજાઈ જાય છે. આ વાત સ્વીકારીએ તો 'બીજા ગુણનો નિષેધ એ શબ્દાર્થ નથી' એ દોષ પણ દૂર થઈ જશે. અહીં શબરસ્વામીએ 'શબ્દ' શબ્દ 'પદ'ના અર્થમાં પ્રયોજ્યો છે, પરંતુ શાબરભાષ્યમાં એકંદરે જોતાં તેમણે 'પદ' ઉપર બહુ લક્ષ ન આપતાં વાક્યાર્થના સંદર્ભમાં જ 'શબ્દ'ના મહત્ત્વનો વિચાર કર્યો છે. શબ્દો કોઈ એક વસ્તુને અનુલક્ષીને સાર્થક એકમનું અભિધાન સ્વ-અર્થની સાથે સાંકળીને કરે ત્યારે જ તે 'વાક્ય' બને છે. વસ્તુ અને વાક્યાર્થ વચ્ચેનો સંબંધ ભાવનાને લીધે છે, આના અનુસંધાનમાં બિયાર્દ્યૂ કહે છે કે, "What is always important is that *ākṛti* is never knoown alone, but is always known with the individual or t e.individulas, that structures it. . . .One could say, taken separately that, the word denotes all the individuals of the same *ākṛti* ( i.e. consequently of the same class ), while the sentence has to limit its intrinsic value (portee ).[૮૬]

106922

શબરસ્વામીએ શબ્દને વાક્યનો વિશિષ્ટ અર્થ પ્રત્યાયક એકમ ગણ્યો છે, એ ઉપરથી અર્થપૂર્ણ ભાષામાં શબ્દનું મહત્ત્વ કેટલું પાયાનું છે તે સ્પષ્ટ થાય છે. શબ્દ પદાર્થની સાથે પ્રામાણિક કે યથાર્થ સંબંધ ધરાવતો હોય તો જ અર્થપૂર્ણ વાણી સંભવે છે. તાત્પર્ય કે શબરસ્વામીના મંતવ્ય અનુસાર અર્થપૂર્ણ વાક્ય એ શબ્દ અને આકૃતિ સમાન વિધાયક સ્તરે રહેલાં હોવાનું પ્રબળ નિદર્શન કરે છે; એમાં એવી કોઈ માનવીય અસર કે દખલગીરી નથી હોઈ શકતી જે વાક્યના સ્પષ્ટ થયેલ પદાર્થને નષ્ટ કરે. શબ્દ પદાર્થના યોગ્ય સંદર્ભમાં ઓળખાય નહીં કે પ્રયોક્તા માનસિક ખામી ધરાવતો હોય તો વાક્યનો અર્થ અવળો સમજાય એવું બને. પણ એ અર્થભ્રાન્તિ વાક્યને લીધે નથી થતી; વાક્ય તો પદોના જૂથ તરીકે એક પૂર્ણ જૂથ હોય છે. જો એ શબ્દજૂથ એક એકમ ન બને તો વાક્ય કહેવાય જ નહીં. ખરું જોતાં તો માનવીય અસરને લીધે વાક્યના, વાસ્તવિકતાને અનુસરીને કાંઈક અભિવ્યક્તિ કરવાના કાર્યમાં કોઈ દખલગીરી થઈ શકતી નથી. તેથી મનુષ્યો સાચા શબ્દ કે વાક્યનો બોધ કરાવી શકે; છતાં તેના અર્થબોધક કાર્યને કોઈ ઉથલાવી કે પલટાવી શકે નહીં.

## યથાર્થ ભાષા

વસ્તુ સાથેના તેના કુદરતી અને ઔપપત્તિક સંબંધ બાબતે શબ્દ મનુષ્ય પર આધાર રાખતો નથી, અને વસ્તુ સાથેના અર્થપૂર્ણ સંબંધ માટે શબ્દ એ વાક્યનો પાયો છે, તેથી શબરસ્વામી ભાષાના સંદર્ભમાં શબ્દની પ્રસ્તુતતા ઉપર પ્રકાશ પાડતાં કહે છે કે શબ્દ નિત્ય હોવો જોઈએ. કેમ ? દર્શન પારકા માટે હોવાથી, દર્શન એટલે ઉચ્ચારણ. તે પરાર્થ અર્થાત્ બીજી વસ્તુને ઓળખાવવા માટે હોય છે.[૮૭] આ કારણે વાસ્તવિક પદાર્થો પ્રત્યે પોતાના પ્રતિભાવો દર્શાવવા હોય ત્યારે મનુષ્ય પદાર્થ સાથે યોગ્ય સંબંધ ધરાવતા અર્થોવાળા શબ્દો પ્રયોજીને ભાષા દ્વારા એ કાર્ય સાધે છે. જેમ કે, કોઈ માણસ ગાયને જુએ છે ત્યારે 'ગાય' એ વસ્તુ પ્રત્યેનો પ્રતિભાવ 'ગાય' શબ્દના પ્રયોગ સાથે એકરૂપતા ધરાવે છે અને એથી ઊલટું, શબ્દ અને અર્થ એકસાથે હયાત હોય છે. શબરસ્વામીના મતે આ પ્રયોગની એક સળંગ પરંપરા ઊતરી આવેલી હોય છે, અને આપણે તો એ પરંપરાનું માત્ર સમર્થન જ કરતા હોઈએ છીએ. શબરસ્વામી વસ્તુની વાસ્તવિકતાને તેના સંબંધિત શબ્દ સાથે સાંકળે છે અને એ વસ્તુનું જ્ઞાન શબ્દ દ્વારા થાય છે એ હકીકત ઉપર ભાર મૂકે છે. પુરુષ દ્વારા ઉચ્ચારિત શબ્દથી જે જ્ઞાન થાય છે તેના મિથ્યાપણાની આશંકા થઈ શકે છે, કેમ કે તે અવસ્થામાં એ બીજાનું જ્ઞાન હોય છે. પરંતુ (અપૌરુષેય) શબ્દ કહે ત્યારે એનું જ્ઞાન કેવી રીતે મિથ્યા હોઈ શકે ? કેમ કે એ વખતે બીજા કોઈ પુરુષ પાસેથી જ્ઞાનની ઇચ્છા આપણે કરતા નથી. આપ (=પૂર્વપક્ષી) પણ '(અર્થનું) કથન કરે છે' એમ કહો છો અર્થાત્ બોધ કરાવે છે, જાણનારા વ્યક્તિના જ્ઞાનનું નિમિત્ત બને છે. શબ્દ નિમિત્તભૂત હોય ત્યારે પોતે જ જાણે છે, તેથી 'આ એમ નથી' એવું છેતરામણું કેવી રીતે બોલી શકાય ?[૮૮]

અહીં ભાષામાંની યથાર્થ વાણી સાથે નહીં, પણ **એકંદરે ભાષા અને શબ્દની પ્રમાણભૂતતા** અંગે સાચા જ્ઞાનના સંદર્ભમાં શબરસ્વામીને નિસ્બત છે. સાચા જ્ઞાનના પ્રમાણભૂત મૂળ સ્રોત તરીકે યથાર્થ વાણીમાંના 'શબ્દ'ની વિચારણા એ કેન્દ્રભૂત મુદ્દો છે.

આદિસ્વરૂપે શબ્દ એ પ્રમાણભૂત હોવાનું કહેવામાં આવ્યું છે, કારણ કે મનુષ્યની અસરથી અલગ રીતે શબ્દ પ્રમાણભૂત અને યથાર્થ છે. એ મનુષ્યથી સ્વતંત્ર છે અર્થાત્ અપૌરુષેય છે.

શબ્દ પોતે જ બોલે છે; કહેવાનું હોય તે ભૂલચૂક વગર કહે છે. શબ્દ ઉપર સંપૂર્ણતઃ નિર્ભર રહેનારું જ્ઞાન, પ્રતીતિની જેમ, પ્રમાણભૂત છે. શબરસ્વામીએ કોઈ પણ જ્ઞાનની આંતરિક યથાર્થતા અંગેનું વિધાન સાબિતીના સિદ્ધાંત ઉપર નહીં, પણ મિથ્યાત્વના સિદ્ધાંત પર આધારિત હોવાનું માન્યું છે. જ્ઞાનની યથાર્થતા એના સમર્થનમાં વૈધાનિક પુરાવા દ્વારા નહીં, પણ એને મિથ્યા ઠરાવવાની અશક્યતા ઉપર આધાર રાખે છે.[૮૯] આ રીતે એ લક્ષમાં રાખવાનું છે કે જ્ઞાન તો મૂલતઃ યથાર્થ હોય છે, કારણ કે તે પ્રત્યક્ષ ઉપર આધારિત હોય છે, અને પ્રત્યક્ષ તો ઇન્દ્રિયગ્રાહ્ય વસ્તુ સાથે સંકળાયેલું હોય છે; એમાં ઇન્દ્રિયોની અવિકલતા અપેક્ષિત હોય છે. અન્ય વિષયો સાથે ઇન્દ્રિયોનો સંયોગ થવાથી જે અન્ય જ્ઞાન ઉદ્ભવે છે તે પ્રત્યક્ષ નથી હોતું (તેથી છીપમાં આભાસિત થતી ચાંદીનું જ્ઞાન પ્રત્યક્ષ નથી)...... પ્રયત્નપૂર્વક શોધવામાં આવે છતાં કોઈ દોષ જાણવામાં ન આવે ત્યારે પ્રમાણના અભાવે તે જ્ઞાન દોષરહિત છે એમ માનીએ છીએ. તેથી જેનું કરણ (= ઇન્દ્રિયો કે મન) દોષવાળું હોય અને જે બાબતમાં મિથ્યા તરીકેની પ્રતીતિ થાય છે તે જ ખોટું જ્ઞાન છે, નહીં કે અન્ય.[૯૦]

દા.ત. **પરિમાણમાંના પદાર્થોની** બાબતમાં તો ઇન્દ્રિયસંનિકર્ષ સીધો થતો હોવાથી આ વાતની ઉપર ખાસ નોંધ લેવામાં આવી છે. તેમ છતાં શબ્દ ઉપર આધારિત જ્ઞાન બાબતે, ઇન્દ્રિયોના દોષરહિતપણાની અપેક્ષા રાખીને, આ પરિસ્થિતિ વિધાનના જ્ઞાનને પણ લાગુ પડે છે. કોઈક વાર માનસિક આઘાતથી પણ એવી અવસ્થા આવી જાય છે જેમાં પદો ઉચ્ચારવામાં આવ્યાં હોય છતાં પદાર્થ અંગે નિશ્ચય થતો નથી આવા સમયે વાક્યાર્થનું પૃથક્પણું ન હોત તો તેનું જ્ઞાન ન થાત.[૯૧]

ઉપરાંત, શબરસ્વામીના માનવા મુજબ શબ્દ **પોતે જ બોલે છે** અર્થાત્ વિપર્યય કે મિથ્યાપણા વગર તે પદાર્થનું જ્ઞાન કરાવે છે. ઔપપત્તિક સંબંધે શબ્દ પદાર્થ સાથે સીધો સંબંધ ધરાવે છે. તેથી જ્ઞાનનો વિષયભૂત પદાર્થ કારણભૂત કરણમાં કશો લોપ ન હોય એવા સ્તરે રહેલો છે, કેમ કે બંનેનો સંબંધ નિત્ય અને અપૌરુષેય છે. તેથી શબ્દ બોલે ત્યારે તે પ્રમાણિક અને યથાર્થ રીતે કહેવાનું કહી દે છે. એમાં શરત એટલી જ છે કે જેને એ બોધ કરાવવા માગતો હોય તેનું કરણ દોષરહિત હોવું જોઈએ અને તે શબ્દને ઓળખી શકતો હોવો જોઈએ. શબ્દ દ્વારા ઉદ્ભવતું જ્ઞાન ભૂલભરેલું કે અભાવાત્મક નથી હોતું અને તે વિપરીત ઠરતું નથી.[૯૨] તેથી કેવળ શબ્દ ઉપર આધારિત વિધાન અંગે શબરસ્વામી કહે છે કે આ કારણે તે પ્રમાણરૂપ છે, કેમ કે એ બીજા કોઈની અપેક્ષા રાખતું નથી. આમ હોવાથી બીજા જ્ઞાન કે બીજા કોઈ પુરુષની અપેક્ષા રહેતી નથી. એ તો ખુદ જ્ઞાન પોતે જ છે.[૯૩] પ્રમાણના આ સ્વરૂપ અંગેની શબરસ્વામીની સૂઝ એ વાત ઉપર નિર્ભર છે કે શબ્દ અર્થ સાથે ઔપપત્તિક સંબંધ ધરાવવામાં સ્વતંત્ર છે, અને પ્રમાણ તરીકે પ્રત્યક્ષનો અભાવ

છે અને બીજાં પ્રમાણો કરતાં પ્રત્યક્ષ પ્રમાણ વધુ બળવાન છે. અભાવ એ પ્રમાણના અભાવ-રૂપ છે. 'નથી' એ કથન પદાર્થના સંનિકર્ષ ન હોવાનો બોધક છે,[૭૪] પ્રત્યક્ષ પ્રમાણનો અભાવ છે અને બીજાં પ્રમાણો તો પ્રત્યક્ષની અપેક્ષા રાખે છે.[૭૫] જો પ્રમાણો પાંચ જ હોત તો 'શબ્દ' પ્રમાણરૂપ ન હોત. ખરું જોતાં તો જેના જેના દ્વારા યથાર્થ જ્ઞાન થાય તે તે પણ પ્રમાણ છે. શબ્દ દ્વારા પણ યથાર્થ જ્ઞાન થાય છે, તેથી શબ્દ પણ પ્રમાણ છે, જેમ પ્રત્યક્ષ છે તેમ જ.[૭૬]

આ રીતે શબ્દ અને તેના અર્થ વચ્ચે **ઔત્પત્તિક—નિત્ય-અપૌરુષેય સંબંધ** સચવાઈ રહે અને આ યોગ્ય સંબંધમાં કોઈ વિરોધ ન આવી શકે, તો શબ્દ શુદ્ધ હોઈ તે નિઃસંશય પ્રમાણરૂપ છે; શબ્દ અને અર્થમાં કોઈ દોષ નથી. આ રીતે આ સંબંધ શબ્દ દ્વારા થતા કોઈપણ જ્ઞાન માટે હેતુભૂત છે અને એ કદી ખોટું પડતું નથી. આ જ અર્થમાં શબ્દ બોલે છે અને કશાકનો બોધ કરાવે છે.

**વૈદિક** 'ચોદના' અર્થાત્ **વિધિવાક્ય** ક્રિયામાં પ્રેરનારું વચન હોય છે, અને તે દ્વારા શબ્દનું યથાર્થ જ્ઞાન થાય છે. આ વિધિવાક્ય અર્થયુક્ત શબ્દોનું બનેલું હોય છે અને તેનો ઉદ્ભવ બીજી કોઈ રીતે થયેલો ન હોવાથી તેમાં ભૂલને માટે અવકાશ નથી. શબરસ્વામી આ પાયાનો દૃષ્ટિકોણ લક્ષમાં રાખીને જ કહે છે કે 'ચોદના' જ ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન સૂક્ષ્મ, પરોક્ષ, દૂરના એવા પદાર્થનો બોધ કરાવવા શક્તિમાન છે, નહીં કે બીજી કોઈ ઇન્દ્રિય...(ચોદના)— 'કહે છે' એનો અર્થ છે— કહેવામાં આવે છે, બોધ કરાવે છે, બોધ થવામાં નિમિત્તરૂપ બને છે. જેના નિમિત્ત થવાથી બોધ થાય છે, તે બોધ કરાવે છે. જો વિધિવાક્ય હોવાથી 'અગ્નિહોત્રને લીધે સ્વર્ગ મળે છે' એવું જાણવા મળે તો 'એવું નથી' એમ કેવી રીતે કહેવાય? અને 'એવું નથી' એ કેવી રીતે જાણવામાં આવે છે? 'હયાતી ન ધરાવનારા પદાર્થનો બોધ કરાવે છે' એવું કહેવું તે તો વદતોવ્યાઘાત કહેવાય.[૭૭]

શબરસ્વામી 'ચોદના'ને—વિધિવાક્યને—પ્રમાણરૂપ માને છે, કેમ કે તેને ખોટું ઠરાવી શકાતું નથી. શબ્દ ઉપર જ આધારિત હોઈ તે, દોષ કે વિપર્યય વિના, અર્થબોધ કરાવે છે. એમાં વચ્ચે બીજો કોઈ પૌરુષેય આધાર લેવો પડતો નથી. જ્યારે એને કોઈ રીતે ખોટું ન ઠરાવી શકાય ત્યારે જ વિધિવાક્ય પ્રમાણરૂપ ઠરે. એમાં પૂર્વના અનુભવની સ્મૃતિનું નવેસરથી સ્મરણ સંકળાયેલું છે. દૃષ્ટ પરિમાણ ઉપર આધારિત અનુભવને લગતો નિર્દેશ પ્રમાણભૂત હોય છે. કેવળ સ્મૃતિ પ્રમાણરૂપ નથી, પણ જેનું પૂર્વે કદી દર્શન ન થયું હોય તેવી સ્મૃતિ સંભવતી નથી.[૭૮] એ તો એક વિધાનનું પુનરુચ્ચારણ કહેવાય. સ્મૃતિ કશું જ નવું કહેતી નથી. અજાણી બાબતની જાણકારી આપવી એને જ 'વિધિ' કહેવામાં આવે છે.[૭૯]

ઉપરની શરતો પૂરી થતી હોય તો વિધિવાક્ય કદી ખોટું ઠરતું નથી અને દોષ માટે બહારનું કોઈ કારણ ન હોવાથી તે શબ્દપ્રામાણ્યની કસોટીમાં પાર ઊતરે છે. તેથી '**શબ્દ**'નું બનેલું હોઈ વૈદિક વિધિવાક્ય અર્થવાન્ અને અદોષ હોય છે. શબ્દ જેમાં અર્થબોધ ન કરાવતો હોય તેવું—અર્થાત્ દોષ વગરનો અર્થબોધ ન થતો હોય તેવું—કોઈ જ વિધિવાક્ય

હોતું નથી. વિધિવાક્યને કોઈ જ માનવીય અનુભવ ખોટું ઠરાવી શકતો નથી. એ અતિશય વિશ્વસનીય હોય છે, કારણ કે એમાં કોઈ જ બાહ્ય અસરની દખલગીરી હોતી નથી કે એને વિપરીત સિદ્ધ કરી શકાતું નથી. આથી એ યથાર્થ જ્ઞાન ઠરે છે. વિધિવાક્ય એ શુદ્ધ શબ્દ છે, પ્રમાણરૂપ છે. અદષ્ટ પરિમાણમાંના પદાર્થને જાણવા માટે શબ્દપ્રમાણ સિવાય બીજું કોઈ સાધન નથી અને વેદમાં અદષ્ટ પરિમાણના પદાર્થોનું નિરૂપણ છે.

તેથી શબરસ્વામી કહે છે કે સંપૂર્ણ વૈદિક સાહિત્યમાં 'ચોદના'—વિધિવાક્ય—એ પ્રાથમિક પ્રમાણભૂત વિભાગ છે અને એનો સીધો સંબંધ માનવીની ક્રિયા સાથે છે અર્થાત્ ક્રિયામાં પ્રેરનાર વચનને 'ચોદના' (= વિધિવાક્ય) કહે છે.[૧૦૦] અહીં પ્રશ્ન થાય કે વિધિપરક ન હોય તેવાં વેદવચન પણ પ્રમાણરૂપ ગણાય કે ન ગણાય? વળી તે અપૌરુષેય પણ ગણાય કે ન ગણાય? પૂર્વપક્ષી તો એમ જ કહે છે કે વેદો તો નજીકના કાળમાં રચાયેલા હોઈ અર્વાચીન કાળની રચનાઓ છે,[૧૦૧] કેમ કે મંત્રોની સાથે ઋષિઓનાં નામો સંકળાયેલાં છે. આના જવાબમાં શબરસ્વામી કહે છે કે અમે પહેલાં કહી ચૂકયા છીએ કે વેદાધ્યયન કરનારની પૂર્વે શબ્દની હયાતી હતી જ.[૧૦૨] મંત્રોની સાથે ઋષિઓનાં નામો સંકળાયેલાં છે તેનું અસાધારણ અધ્યાપન કરનાર તરીકે પણ હોય છે, નહીં કે કર્તા તરીકે. જે કર્તા ન હોય તેના નામ ઉપરથી પણ શાખાને નામ આપવામાં આવ્યું હોય છે. ઉત્તમ રીતે પ્રવચન એટલે કે અનન્ય સાધારણ અધ્યાપન, કઠ વગેરે દ્વારા કરવામાં આવ્યું હશે. એ રીતે પણ નામ જોડીને કથન કરવામાં આવે છે. કહે છે કે વૈશંપાયન બધી શાખાઓના અધ્યેતા હતા, જ્યારે કઠે કેવળ આ (કાઠક) શાખાનું જ અધ્યાપન કરાવ્યું.[૧૦૩] વળી શબરસ્વામીના મતે કોઈ જ ઐતિહાસિક પુરુષનું નામ વેદમાં નિર્દેશવામાં આવ્યું નથી. 'શ્રુતિ–સામાન્ય માત્ર' અર્થાત્ સાંભળવામાં સરખું જણાતું હોય, તેટલા ઉપરથી ઐતિહાસિક નામનિર્દેશ માનવો ઠીક નથી. 'પ્રાવાહણિ' એમ (પુરુષ-વિશેષનો) નામનિર્દેશ છે એવું કહેતા હોય તો તે (બરાબર) નથી. પ્રવાહણ નામનો પુરુષ હોવાનું સિદ્ધ થતું નથી. પ્રવાહણનો પુત્ર તે 'પ્રાવાહણિ' એમ પણ નથી. 'પ્ર' શબ્દ પ્રકર્ષના અર્થમાં જાણીતો છે અને वह्‌ ધાતુ 'પહોંચાડવું' એ અર્થમાં. આ એનો સમુદાય ક્યાંય જાણીતો નથી. ઈકાર તો જેમ અપત્ય અર્થમાં જાણીતો છે તેમ કર્તૃવિશિષ્ટ ક્રિયાના અર્થમાં પણ જાણીતો છે. તેથી 'જે ઉત્કૃષ્ટ રીતે વહન કરાવે છે તે પ્રાવાહણિ' એમ અર્થ થાય છે.[૧૦૪]

શબરસ્વામી **વેદના પુરુષકર્તૃત્વના વિચારનો જ અસ્વીકાર કરે છે** અને વિધિવાક્યો એ જ વેદનું પ્રયોજન હોવાનું જણાવે છે, અને દરેક વિધાનનો વિધિ સાથે વિશિષ્ટ સંબંધ રહેલો છે. તેથી वनस्पतयः सत्रमासत । કે सर्पाः सत्रमासत । એવાં વાક્યો પણ અર્થસભર હોય છે, નહીં કે અનુપપન્ન (= તર્ક દૃષ્ટિએ અસંગત). શબરસ્વામી કહે છે કે આવાં વાક્યોમાં તો યજ્ઞની પ્રશંસા કરવામાં આવી છે કે અચેતન એવી વનસ્પતિઓએ પણ આ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું, પછી વિદ્વાન બ્રાહ્મણો કરે તેમાં નવાઈ શી?[૧૦૫] વળી, આ વિધિવાક્યો પરસ્પર સંબંધ અર્થે જોડાયેલાં હોય છે.[૧૦૬] સમગ્ર વેદ પ્રમાણરૂપ હોવા અંગે શબરસ્વામી કહે છે કે વેદો દોષરહિત મિત્ર જેવા સુપ્રતિષ્ઠિત ઉપદેશરૂપ છે. તેમના વિષે એ

ગાંડા કે બાળકોના વાક્ય જેવા હોવાની શંકા શી રીતે થઈ શકે ?[૧૦૭] વૈદિક વાક્યોને વિધિ, અર્થવાદ, મંત્ર અને નામધેય એ ચાર પ્રકારનાં ગણવામાં આવે છે. એમાંથી 'વિધિ'માં વિધિ અને નિષેધ બંનેનો સમાવેશ થઈ જાય છે એમાંથી પ્રથમ પ્રકારનાં વેદવાક્યો જ સત્ તત્ત્વના અદૃષ્ટ પરિમાણનો સીધો સંદર્ભ દર્શાવી પદાર્થનો નિર્દેશ કરે છે. જેમ કે ધર્મ કે અપૂર્વ. બીજા બધા પ્રકારોનાં વેદવાક્યો વિધિવાક્યોનાં પૂરક કે સહાયક છે અને તેમની સાથે સંકળાયેલાં છે. તેથી સમગ્ર વેદ પ્રમાણરૂપ છે, કેમ કે શબ્દ તરીકે તે અપૌરુષેય છે પુરુષે બોલેલા વચન સાથે મળતું આવતું હોવાથી વેદવચન ખોટું છે એવું અનુમાનના નિર્દેશ ઉપરથી જણાય છે, પરંતુ વેદવચનથી થતું જ્ઞાન તો પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષવિરોધી અનુમાન પ્રમાણરૂપ ન બની શકે.[૧૦૮] શબરસ્વામી ખાસ ભાર મૂકીને કહે છે કે વૈદિક વચન પદાર્થના બોધ ઉપર આધારિત હોવાથી તે કદી ખોટું કરતું નથી: એમાં કોઈ માનવીય દખલગીરી હોઈ શકતી નથી. તેથી વેદવાક્ય પ્રમાણરૂપ છે, જ્યારે લૌકિક વાક્ય એવું ન પણ હોઈ શકે.

**વૈદિક 'શબ્દ' અદૃષ્ટ પરિમાણને લગતી સત્તાનો પ્રમાણરૂપ યથાર્થ બોધ કરાવે છે.** લૌકિક શબ્દ આ કસોટીએ ઊણો ઊતરે છે, તેથી વેદ પ્રમાણરૂપ છે અને એ યુગે યુગે અવિચ્છિન્ન પરંપરાથી ઊતરી આવેલ છે, નહીં કે અમુક એક વ્યક્તિમાંથી. શબરસ્વામી કહે છે કે ઉપદેશ અજ્ઞાનપૂર્વક પણ હોય છે. અજ્ઞાન ન હોય ત્યારે વેદજ્ઞાનપૂર્વક પણ ઉપદેશ હોય છે. ઉપરાંત, પુરુષે ઉચ્ચારેલા વચન ઉપરથી 'આ પુરુષ આમ જાણે છે' એવું જ્ઞાન થાય છે, નહીં કે 'આ બાબત આમ જ છે' એવું. કોઈક જ્ઞાન પુરુષે કરેલ ઉચ્ચારેલા વચનથી વિપરીત પણ હોય છે. પરંતુ વેદવચન મિથ્યા હોવા અંગે કોઈ પ્રમાણ મળતું નથી.[૧૦૯]

પૌરુષેય વાણી પ્રત્યક્ષ પ્રમાણ ઉપર અવલંબતી હોય ત્યારે સત્ તત્ત્વના દૃષ્ટ પરિમાણને લગતી હોય છે ત્યાં સુધી પ્રત્યક્ષ અનુભવમૂલક હોવાથી યથાર્થ કે પ્રમાણરૂપ હોઈ શકે છે. પરંતુ અદૃષ્ટ પરિમાણનું આકલન તો પ્રત્યક્ષ પ્રમાણ કે ઇન્દ્રિયોના અનુભવ દ્વારા થઈ શકતું નથી, તેથી અદૃષ્ટ પરિમાણમાંના પદાર્થ સાથે પૌરુષેય વાણીનો સીધો સંબંધ સંભવી શકતો નથી. આ કારણે એ ક્ષેત્રમાં કેવળ શબ્દ જ વેદ જ પ્રમાણરૂપ છે. આ શબ્દપ્રમાણને અનુસરતું લૌકિક કે પૌરુષેય વચન એ પ્રત્યક્ષ ઉપર આધારિત અનુમાનતુલ્ય હોઈ પ્રમાણરૂપ છે. વેદવચન અને પૌરુષેય વચન વચ્ચે કોઈ વિરોધ ન હોય તો પૌરુષેય વચન પણ પ્રમાણરૂપ છે. છતાં વૈદિક અને લૌકિક શબ્દનું સ્વરૂપ તો સરખું જ છે. શબ્દનું પ્રામાણ્ય વેદ ઉપર આશ્રિત છે. તેથી વેદ એ જ ઔત્પત્તિક, નિત્ય અને અપૌરુષેય શબ્દ છે અને તેથી જ પ્રમાણરૂપ છે, કેમ કે તે સત્ તત્ત્વના અદૃષ્ટ પરિમાણનો બોધ કરાવે છે.

**યથાર્થ અર્થબોધ અને જ્ઞાસા**

શાબરભાષ્યમાં શબ્દ કે ભાષા વિચારણા કરવામાં આવી છે તે સ્વતંત્ર રીતે નથી કરી.

એમાંની ‘શબ્દ’ કે ‘ભાષા’ની છણાવટ સત્ તત્ત્વની શાબ્દિક અભિવ્યક્તિના સંદર્ભમાં છે. શબરસ્વામીએ શબ્દના સંબંધે ભાષા અને સત્ તત્ત્વની વિચારણા કરી છે. આ કારણે જ ‘ધર્મ’ એ શબરસ્વામીનો ‘જિજ્ઞાસ્ય’ પદાર્થ છે અને ‘જાણવાની ઇચ્છા’ એ તેની પાછળનું પ્રેરક તત્ત્વ છે. એ ‘જિજ્ઞાસા’માં જ શાબરભાષ્યની ભાષા–વિચારણાની ચાવી છે. એની પાર્શ્વભૂમિ સ્પષ્ટ કરતાં શબરસ્વામી કહે છે કે ‘ધર્મ’ અંગે વિશિષ્ટ જાણકારી ધરાવનારા વિદ્વાનો મતભેદ ધરાવે છે; કેટલાક એકને ધર્મ કહે છે, કેટલાક બીજાને. કોઈ માણસ વગર વિચારે પ્રવૃત્તિ કરવા જતાં કોઈક એક બાબતને ‘ધર્મ’ તરીકે સ્વીકારી લે તો કલ્યાણપ્રાપ્તિ ચૂકી જાય અને હેરાનગતિમાં પડી જાય. તેથી ધર્મના સ્વરૂપને વિશિષ્ટ રીતે જાણવાની ઇચ્છા કરવી જોઈએ.[૧૧૦] ભાષા અને વસ્તુ વચ્ચે વિસંગતિ આવે ત્યારે તેને દૂર કરવા માટે યથાર્થ અર્થબોધ જરૂરી થઈ પડે છે. આવા અવસરે ‘સમજણની પ્રક્રિયા’ના અનુપંગે ભાષા અને વાસ્તવિકતા કે સત્ તત્ત્વની વિચારણા અનિવાર્ય બની રહે છે. ડૉ. ઓથમર ગાશ્ટેરે શાબરભાષ્યના સંદર્ભમાં આ ‘Hermeneutics’ના દૃષ્ટિબિંદુથી આ પાયાના મુદ્દાની વિચારણા કરી છે.

શબરસ્વામી ‘શબ્દ’ અર્થાત સાધુ કે શિષ્ટમાન્ય શબ્દ દ્વારા અમુક અર્થબોધક કાયમી પ્રતીકોની કાર્યશીલ પદ્ધતિને ‘ભાષા’ માને છે; Language is an operative system of permanent symbols which are signifying units. આ પ્રતીકો મનુષ્યની અભિવ્યક્તિની ઝંખનામાંથી ઉદ્ભવ્યાં હોવા છતાં તે કોઈ રૂઢિથી બંધાયેલાં નથી શબ્દ કોઈ રૂઢિ ઉપર આધારિત નથી કે મનુષ્ય અથવા દેવ દ્વારા રચવામાં આવેલ નથી. આ પ્રતીકપરંપરા માટે પણ ભાષા અપેક્ષિત છે. અમુક શબ્દ અમુક અર્થનો બોધ કરાવે તે માટે પણ એક બાજુ ભાષા અને બીજી બાજુ તેનો જનસામાન્ય દ્વારા સ્વીકાર એ બે બાબતોની અપેક્ષા રહે છે. તેથી મનુષ્યનિર્મિત ગણિતાત્મક પ્રતીકો (mathematical symbols) અથવા વ્યાકરણગત પ્રતીકો(grammatical symbols)ને શબરસ્વામી ‘ભાષા’ તરીકે ન સ્વીકારી શકે, કેમ કે તે ‘ભાષા’ અંગેની શબરસ્વામીની વિભાવનાથી વિપરીત છે. છતાં તે એટલું તો જરૂર સ્વીકારે છે કે ભાષાની પ્રતીતિ પ્રતીકોમાં અને પ્રતીકરૂપે થાય છે. પ્રતીક સાધુ શબ્દના અમુક ચોક્કસ આનુપૂર્વીમાં રહેલા વર્ણોના સ્વરૂપે રહેલું હોય છે. આ પ્રતીકનો વાસ્તવિકતા સાથે સીધો સંબંધ હોય છે. માનવીય ભાષા તરીકે એનું અર્થબોધક ઘટકોરૂપે ભાષાશાસ્ત્રીય પરિભાષામાં વિશ્લેષણ થઈ શકે છે. ભાષાઘટકોના આ વિશ્લેષણ માટે ભાષાની સમજણ અને તેના વ્યાવહારિક પ્રયોગનું જ્ઞાન અપેક્ષિત છે. પ્રત્યક્ષ અર્થબોધક ઘટકો એ ભાષા અને વાસ્તવિકતા વચ્ચેની કડી છે અને ભાષાના પ્રયોગ દ્વારા એ કડીઓ વિષે જાણકારી મળે છે. આ ભાષાપ્રયોગની પ્રવૃત્તિ નવી નવી શોધ કરવાની મનુષ્યની પ્રવૃત્તિની હરોળમાં બેસી શકે તેવી કક્ષાની નથી. તાત્પર્ય કે ભાષાના વિશ્લેષણક્ષમ ઘટકોનો આધાર ભાષાના સ્વરૂપ ઉપર આધારિત છે, પણ ભાષાનું સ્વરૂપ મનુષ્યના અનુભવ ઉપર આધારિત નથી. તેથી ભાષા અને વાસ્તવિકતાનો સંબંધ કોઈ વ્યક્તિ દ્વારા બેસાડી શકાય નહીં એ હકીકત ઉપર શબરસ્વામીએ ભાર મૂક્યો છે તે ખૂબ મહત્ત્વનો મુદ્દો બની રહે છે. આ સંબંધ જ ભાષાના ઘડતર અને વાસ્તવિકતાને કુદરતી રીતે સ્પર્શે છે. તેથી અમુક એક વ્યક્તિના જ્ઞાનની અભિવ્યક્તિ અર્થે જ અથવા રૂઢિને

અવગણીને વિચારો અને પ્રત્યક્ષ અનુભવોના સંઘર્ષમાંથી ભાષા ઉદ્‌ભવી એવું નથી. તેથી ભાષાનું અંતરતમ સ્વરૂપ કાલ્પનિક કે નક્કર અનુભવથી ઉદ્‌ભવ્યું હોવું સંભવિત નથી.

શબરસ્વામી ઇન્દ્રિયપ્રત્યક્ષના માર્ગે ભાષાનું સ્વરૂપ ખોજવા મથે છે. ઇન્દ્રિયપ્રત્યક્ષને તે યથાર્થતા કે અયથાર્થતાની કસોટીરૂપ લેખે છે. પણ ઇન્દ્રિયો પોતે જ ભાષા અને વાસ્તવિકતા વચ્ચેના આંતરિક ઔપપત્તિક સંબંધ ઉપર આધાર રાખે છે. ઇન્દ્રિય અવયવો ભાષા સાથે સીધો સંબંધ ધરાવે છે. તેથી અનુભવને વાસ્તવિકતા સાથે મેળ હોવાનું તેઓ નાણી જોઈ શકે છે. તેથી ભાષા દ્વારા વાસ્તવિકતાને સમજવા માટે ઇન્દ્રિયો રચનાત્મક સાધન છે, છતાં ભાષા અને વાસ્તવિકતાનો સાર પામવા માટે તો તે અસમર્થ છે.

આ ઔપપત્તિક સંબંધ એ કેવળ માનસિક કલ્પના કે અટકળ નથી; એ તો બોધિત પદાર્થ અને માનવી વાણીમાં કાયમી ઉપલબ્ધ સાધુશબ્દ વચ્ચેનો સીધો, પ્રમાણભૂત અને મૌલિક સંબંધ છે અને એમાં બીજા કોઈની દરમિયાનગીરી નથી હોતી. સાધુશબ્દ તો પરંપરાથી ઊતરી આવેલો અને જીવનના સંદર્ભમાં પ્રચલિત રહ્યો હોવાથી, શબ્દ અને અર્થ વચ્ચેનો ઔપપત્તિક સંબંધ એ જ પરંપરામાં ઊતરી આવેલો છે. આ સંબંધ પરંપરામાં કાયમ જોવા મળે છે અને જાતિ તથા વ્યક્તિ અંગે શબ્દ આકૃતિરૂપે રજૂ થાય છે. ઔપપત્તિક સંબંધની ઇન્દ્રિયપ્રત્યક્ષ દ્વારા ચકાસણી કરવી શક્ય નથી, પણ ઇન્દ્રિયપ્રત્યક્ષ ઉપર આધારિત અનુમાન દ્વારા તે સિદ્ધ થાય છે એમ શબરસ્વામી કહે છે. ઔપપત્તિક સંબંધની વાત કરવા માટે પણ એ સંબંધની હયાતી સ્વીકારવી જરૂરી થઈ પડે છે ! તેનું આ મહત્ત્વ શબરસ્વામીથી અજાણ્યું નથી. શબ્દ એનો એ જ હોવા અંગેની ઓળખ માટે તેમાંના વર્ણોની કાયમી આનુપૂર્વી અને વાસ્તવિકતા સાથે તેનો સતત સંબંધ હેતુભૂત છે. આ રીતે અનુભૂતિ વખતે ભાષા અને વાસ્તવિકતા એકબીજાની અપેક્ષા રાખે છે અને આપણને એ રીતે એમનું જ્ઞાન થાય છે.

શબરસ્વામી ભાષાને એક તાર્કિક સરણી તરીકે સ્વીકારવા તૈયાર નથી. સમગ્ર વાસ્તવિકતા સાથેનો ભાષાનો પાયાનો સંબંધ અવગણીએ તો ભાષાને આપણે તાર્કિક પદ્ધતિ ગણી લેવાની ભૂલ કરી બેસીશું. હયાતી અને પ્રવૃત્તિ અંગે ભાષા વાસ્તવિકતા સાથે અનિવાર્યપણે સંકળાયેલી હોવા છતાં ભાષાનો પાયો અને ઉદ્‌ભવ ભાષા સાથેના વાસ્તવિકતાના યુગપદ્ સહઅસ્તિત્વમાં રહેલો છે. આ ઔત્પત્તિક સંબંધ ભાષાના સ્વરૂપ વિશેની અંતર્દૃષ્ટિમાંનો કેન્દ્રીય મુદ્દો છે અને શબરસ્વામી આનું કોઈ હિસાબે ઉલ્લંઘન કરવા માગતા નથી, કારણ કે ભાષા વાસ્તવિકતાના આ સંબંધથી સ્વતંત્ર હોય તેવી કોઈ હયાતી પ્રગટ કરતી નથી. ભાષા અને વાસ્તવિકતા બંને સ્વયંપ્રત્યયને જન્મ આપે છે. આ સ્વયંપ્રત્યય પોતાની અંદરથી પોતાની મેળે કુદરતી રીતે જ ઉદ્‌ભવે છે.

શબરસ્વામી અહીં વાસ્તવિકતા અને ભાષા વચ્ચેના કેવળ સંરચનાગત મેળ કરતાં કાંઈક વધુ કહેવા માગે છે. શબરસ્વામીએ સ્પષ્ટ રીતે સ્ફોટ શબ્દનો પ્રયોગ કર્યો નથી, છતાં ભારતીય પરંપરાને લક્ષમાં રાખીએ તો ભાષા અને વાસ્તવિકતા વચ્ચે પારસ્પરિક ઔપપત્તિક

સંબંધ હોવાની ધારણામાં સત્યનું દર્શન થાય છે એમ જરૂર કહી શકાય. सत्यम् એ કોઈ નક્કર પદાર્થ નથી કે જેથી તેનું ભૌતિક પરીક્ષણ કરી શકાય, છતાં શાબરભાષ્યમાંની શબ્દ અને અર્થને લગતી વિચારણામાંથી તે જરૂર ઊપસી આવે છે, ઔત્પત્તિક સંબંધમાં તેની ઝાંખી થાય છે. ભાષાની પરિપૂર્ણતા એમાં જ છે. શબ્દ અને અર્થ સાથે વાસ્તવિકતાનો ઔત્પત્તિક સંબંધ છે; આ જ सत्यम्‌નો સાક્ષાત્કાર છે. આ જ યથાર્થ બોધનું શુદ્ધ સ્વરૂપ છે.

આ सत्यम्‌નો બોધ કેવી રીતે કરાવી શકાય ? શબરસ્વામી અમુક અંશે ભાષાનું અર્થબોધક પ્રયોજન સ્વીકારે છે. અવિચ્છિન્ન વૈદિક અને સ્માર્ત પરંપરામાં મૌખિક ઉપદેશ દ્વારા ધર્મજિજ્ઞાસા ચર્ચવામાં આવી છે. તેમાં આ આંશિક પ્રયોજન અંગેનું સમર્થન મળે છે. એમાં પ્રાચીન અનુભવને ભાષા દ્વારા પરંપરામાં સાચવી રાખવામાં આવ્યો છે. પરંતુ પ્રશ્ન એ છે કે ભાષા મૂલતઃ મનુષ્ય માટે એક સાધનરૂપ છે કે કેમ ? શબરસ્વામીના મતે ભાષાને અભિવ્યક્તિના સાધન તરીકે બીજાં સાધનોની જેમ ન વાપરી શકાય. બીજાં સાધનો ઉપયોગમાં લઈને બાજુમાં અલગ મૂકી શકાય છે. ભાષા સાથે આવો વ્યવહાર શક્ય નથી. આધુનિક મત ભાષાને અભિવ્યક્તિનું એક સાધન માને છે તેનો શબરસ્વામીના મંતવ્ય સાથે મેળ ખાતો નથી. પ્રચલિત ભાષા અંગેના વિવિધ મતોમાં ભાષાને વિચારવિનિમયનું સાધન લેખવામાં આવી છે. એને અનુસરીને ભાષા પ્રત્યે તેને વિનિમયસાધન જ લેખતો અભિગમ ઘડાયો છે. આ અભિગમને લીધે ભાષા એ વિનિમયાત્મક પાસાને જ વિષયભૂત બનાવીને પદાર્થોનું નામકરણ કરીને સંદર્ભ આપવાની પદ્ધતિ જ બની રહે છે. ગાપ્ટેર કહે છે તેમ The concept of language as a mere means for communication reduces and limits the scope of language to a labelling of objects by objectifying the 'communicative' aspect of language whereby it becomes the handy tool in and for a referential system.[૧૧]

ગાપ્ટેરે અહીં એક પ્રશ્ન ઉઠાવ્યો છે કે જ્ઞાનનો વિસ્તાર થવામાં 'મનુષ્યે પ્રયોજેલી ભાષા' ('The use of language by man') કારણભૂત છે કે પછી 'शब्द દ્વારા ભાષાએ મનુષ્યનો કરેલો ઉપયોગ' (the use of man by language through Śabda') કારણભૂત છે ? શબરસ્વામીના મતાનુસાર તો शब्द આદિકાલીન દૃષ્ટિએ — અર્થબોધક ઘટક તરીકે— બોલે છે અને કોઈક અર્થબોધ કરાવે છે, તેથી સ્વાભાવિક રીતે જ શબ્દ દ્વારા ભાષા બોલે છે. આ રીતે મનુષ્ય પોતે ભાષાના ક્ષેત્રની અંતર્ગત છે અને ભાષા ખાસ તેને જ ઉદ્દેશીને બોલે છે. તેથી ભાષા તેને પ્રતિભાવ આપવા–બોલવા—પ્રેરે છે. મનુષ્યની ભાષા એ શબ્દનું –ભાષાનું– પ્રાગટ્ય છે. शब्दનું જ્ઞાન થાય તો આકૃતિનું જ્ઞાન થાય અર્થાત્ એ બંને દ્વારા બંનેમાં વાસ્તવિકતાનું જ્ઞાન થાય છે. તેથી એમ કહી શકાય કે વાસ્તવિકતા ભાષા તરીકે બોલે છે. (Reality as language speaks) અર્થાત્ પોતાને વિષે જાણ કરે છે. ભાષા વાસ્તવિકતાની રજૂઆત કરે છે, નહીં કે તેનું પ્રતિનિધિત્વ (Reality is presented and not represented, by language). અર્થબોધશાસ્ત્ર (Hermeneutics) માટે આ કેન્દ્રભૂત મહત્ત્વ ધરાવે છે, કારણ કે ભાષાના મૂળ સ્વભાવને જ દર્શન અને નિર્દેશનના કાર્યકલાપની અંતર્ગત પ્રીછવાનો છે, એ અભિવ્યક્તિપરક બની શકે.

ાષાનું કાંઈક અર્થબોધ કરાવવાનું આ પ્રયોજન હોવાથી તે માત્ર સાધન કે કરણ બની હેતી નથી.

શાબરભાષ્યના સંદર્ભમાં ભાષા અને તેનું કાર્ય લક્ષમાં રાખીએ તો જેનો માનવીની ભાષા તિભાવ પાડે છે એવી એક આદિકાલીન ભાષા અંગે પુરાવો મળે છે. બીજી રીતે એમ કહી કાય કે માનવીની ભાષા તો એક આદિકાલીન ભાષા પ્રત્યેનો પ્રતિભાવ છે. આ આદિકાલીન ાષા શબ્દ ઉપર આધારિત છે અને એના દ્વારા વાસ્તવિકતા પોતાની જાતને અભિવ્યક્ત ે છે. આ માટે ઇન્દ્રિયગમ્ય માનવીય ભાષા અનિવાર્ય છે. શબરસ્વામીની શબ્દ અંગેની મજુતી અને તેનો ભાષા અંગેનો વિચાર આ ઉપર જ આધારિત છે. શબરસ્વામી કહે છે અશિષ્ટ લોકોએ બોલેલું, શિષ્ટ લોકોને અજાણ્યું હોય છતાં સમજાય, પ્રમાણથી જે રુદ્ધ ન હોય તે સમજાતું હોય તોપણ છોડી દેવું એ ન્યાયપુરઃસર ન ગણાય. 'અશિષ્ટાચાર માણરૂપ છે' એવું જે કહેવામાં આવ્યું છે તે પ્રત્યક્ષ પ્રમાણથી ન જાણી શકાતી બાબતને ગુ પડે છે. 'શબ્દાર્થ બાબતે શિષ્ટ લોકો પ્રયત્નશીલ હોય છે' એવું કહેવામાં આવ્યું છે ી સામે એ કહેવાનું છે કે પક્ષીઓના પોષણ અને પકડવાની કલામાં મ્લેચ્છો વધુ પ્રયત્ન-લ હોય છે.[૧૧૨] શબરસ્વામીના મતે સાધુ શબ્દમાં ઐકરૂપ્ય હોય છે અને તે નિરવયવ ય છે, તેથી શબ્દને બે પ્રકારનો ન સ્વીકારી શકાય. ઘણી વાર મ્લેચ્છોની ભાષામાં સાધુ દ મળી આવે છે. તેથી શબરસ્વામી કહે છે કે 'નિગમ, નિરુક્ત અને વ્યાકરણની ર્થકતાને લીધે સાધુ શબ્દ જાણી શકાય છે' એમ કહ્યું છે તે અંગે અમારે એમ કહેવાનું કે જ્યાં મ્લેચ્છોને પણ શબ્દાર્થ જાણીતે ન હોય ત્યાં નિગમ, નિરુક્ત અને વ્યાકરણની ર્થકતા છે.[૧૧૩] આમ શબરસ્વામી લૌકિક અને વૈદિક એવા ભાષાભેદને સ્વીકારવા તૈયાર નથી. રાંત શાબરભાષ્યમાં એવા કોઈ પુરાવા મળતા નથી જેને આધારે કોઈક માનવીય ભાષાથી લગ એવી કોઈક આદિકાલીન ભાષાનું પુનર્ગઠન (reconstruction) કરી શકાય. માનવીય ને આદિકાલીન એ બેની સમગ્રતયા ભાષાના સ્વરૂપ અને કાર્ય પરત્વે સ્વતંત્ર રીતે વિચારણા ય નથી. એને તો સમગ્ર રીતે ભાષાનાં બે અવિભાજ્ય પાસાં ગણીને વાસ્તવિકતાને પ્રગટ ાર વ્યાપાર તરીકે જ વિચારી શકાય

માનવી વાણી એ તો ભાષા દ્વારા અને ભાષા તરીકે વાસ્તવિકતા પ્રત્યેનો એક એવો તેભાવ છે જેમાં એ જ શબ્દ અર્થબોધક ઘટક તરીકે વિદ્યમાન છે અને પ્રગટ થાય છે. એમાં મનુષ્ય વાસ્તવિકતાની સ્થિતિ પરત્વે દખલગીરી ન કરે તો એ યોગ્ય જવાબદારી-કે માનવી વાણીને યથાર્થ તેમ જ વાસ્તવિકતાને પ્રગટ કરતી અર્થબોધક ભાષા તરીકે ાજી શકે. મનુષ્યો વાસ્તવિકતાની સ્થિતિ પરત્વે દખલગીરી કરતા હોય છે એવું શબર-ામીની જાણમાં છે. વસ્ત્ર મેળવવાનો લોભ ધરાવતા કેટલાક લોકોએ આખી ઔદુંબરી ખાની છાલ લપેટી લીધી. એના ઉપરથી સ્મૃતિવાક્ય ઉદ્‌ભવ્યું (– औदुम्बरी सर्वा तव्या ), કેટલાકે, ભૂખ્યા થયેલા હોવાથી, યજ્ઞમાં ખરીદેલો રાજગરો ભોજન માટે ઉપયોગમાં ા એના ઉપરથી સ્મૃતિવાક્ય ઉદ્‌ભવ્યું (કે क्रीतराजको भोज्यान्नः), કેટલાકે પોતાની ાતનાહીનતા છુપાવવા અડતાલીસ વર્ષો સુધી વેદાભ્યાસ અર્થે બ્રહ્મચર્ય પાળ્યું એના રથી સ્મૃતિવચન ઉદ્‌ભવ્યું (કે अष्टाचत्वारिंशद्वर्षाणि वेद ब्रह्मचर्यचरणम् ।).[૧૧૪] આ શ્રુતિ-

વિરોધી સ્મૃતિઓ પ્રમાણહીન છે, કારણ કે એમાં લોભ, અગવડ અને અશક્તિના માનવીય દોષોથી વાસ્તવિકતા સાથે ચેડાં કરવામાં આવ્યાં છે. મનુસ્મૃતિમાં આવી વાસ્તવિકતાથી વિમુખ શ્રુતિવિરુદ્ધ સ્મૃતિઓને તમોનિષ્ઠ નિષ્ફળ કુદષ્ટિ તરીકે ઓળખાવી છે.[૧૧૫] આ દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખીએ તો ભાષાનું પાયાનું કાર્ય વાસ્તવિકનું દર્શન, નિદર્શન, બોધન અને અભિવ્યક્તિ કરવાનું છે, તેથી તેને માત્ર એક સાધન તરીકે ન મૂલવી શકાય. ભાષાનું આ પ્રયોજન ન સમજીએ તો શાબરભાષ્યમાંની ભાષા અને વાસ્તવિકતા એ બંનેની માનવી અનુભવમાંની અખિલાઈ ઉપર આધારિત ભાષાની વિભાવના સમજમાં નહીં આવે. ભાષા (शब्द) અને વાસ્તવિકતા (अर्थ) એ બંને એક અખિલાઈરૂપે सत्यम् છે. શબરસ્વામીનો ચર્ચાનો વિષય આ છે, કેમ કે માનવીના અનુભવની કે તેના વિચાર અને વાણીની ઉત્પત્તિ, તેનું ક્ષેત્ર અને તેના લક્ષ્યની અભિવ્યક્તિ ભાષા અને વાસ્તવિકતા એ બંનેની सत्यम् તરીકે લેખીને જ થઈ શકે છે.

## ભાષા દ્વારા અર્થબોધમીમાંસા

શબરસ્વામીના મતે ભાષા અને વાસ્તવિકતા એ અર્થબોધમીમાંસાનું હાર્દ છે. માનવીય અનુભૂતિના એક પાસા તરીકે ભાષા આપણું ખાસ ધ્યાન ખેંચે છે, કારણ કે પ્રત્યક્ષ ઇન્દ્રિય-ગમ્ય અનુભવ કરતાં ભાષાનું ક્ષેત્ર વધુ વિશાળ છે. ઇન્દ્રિયપ્રત્યક્ષની તો વાસ્તવિકતાના કેવળ દૃષ્ટ પરિમાણમાં ગતિ છે, જ્યારે ભાષાની તો વાસ્તવિકતાનાં દૃષ્ટ અને અદૃષ્ટ બંને પરિમાણોમાં ગતિ છે. તેથી शब्द મનુષ્યની જિજ્ઞાસા ન ઉત્તેજે ત્યાં સુધી સમગ્ર વાસ્તવિકતા મનુષ્ય સામે આંશિક રૂપે જ પ્રગટ થવાની. ખરું જોતાં ભાષા તો જિજ્ઞાસાનો મૂળભૂત પાયો છે, કેમ કે એના ઉપર જ્ઞાત અને જ્ઞાતવ્યનો સાચો આધાર છે. જ્ઞાત અને અજ્ઞાત વચ્ચેના સંઘર્ષ કે તનાવમાંથી જ જિજ્ઞાસા —જાણવાની ઇચ્છા— ઉદ્‌ભવે છે. એ સત્યને અર્થાત્ ભાષા અને વાસ્તવિકતાના સાચા સ્વરૂપને, જાણવાની ઇચ્છા અને ઉત્સુકતા જ છે.

મનુષ્ય સામે વાસ્તવિકતા સ્પષ્ટ ન હોય ત્યારે પદાર્થ પ્રત્યેનો અનુરાગ અને તેની અધૂરી જાણકારી જિજ્ઞાસા ઊભી કરીને નવી દૃષ્ટિને જન્મ આપે છે. એમાંથી એક નવું એકીકરણ (integration) ઉદ્‌ભવે છે. મનુષ્ય ઉચિત અભિગમપૂર્વક બોલે અને સાંભળે તો જ આ એકીકરણ શક્ય બને છે. ભાષા માટે આ જરૂરી છે. ભાષાને સમજવી એટલે સભાન રીતે તેના પ્રભાવને વશ થવું તો જ સમજ કાર્યાન્વિત બને છે. ભાષા અને વાસ્તવિકતા બંને મળીને એક જ ઘટકરૂપે પ્રતીત થાય તો જ એ સમજ યથાર્થ ઠરે. ભાષા સ્વાભાવિક રીતે જ પોતાની અંદર વાસ્તવિકતાનું નિદર્શન કરે છે, કેમ કે ભાષા અને વાસ્તવિકતા વચ્ચેનો સંબંધ સ્વરૂપગત છે, નહીં કે આગંતુક. તેથી ભાષા એ અર્થબોધશાસ્ત્ર માટેની દીવાદાંડી છે. ભાષાથી અલગ રીતે કોઈ અર્થબોધમીમાંસા સંભવિત નથી. શ્રવણના અને વચનના આ ઉચિત અભિગમપૂર્વક ભાષાના પ્રભાવને સભાન રીતે વશ વર્તવું, આ સમગ્ર પ્રક્રિયા शब्द મારફત થાય છે. शब्द મારફત આ રીતે પદાર્થના મૂળભૂત સ્વભાવને પકડીને ભાષામાં રજૂ કરવો એને જ અર્થબોધશાસ્ત્રીય દૃષ્ટિ કહીશું. આ દૃષ્ટિએ જોતાં જણાય છે કે ભાષા વાસ્તવિકતાને રજૂ કરતી વેળાએ તેના મૂળ સ્વભાવથી તો વાસ્તવિકતાને નથી કર્મરૂપ આપતી કે નથી કર્તૃરૂપ આપતી. શબરસ્વામી આ દૃષ્ટિબિંદુ અપનાવીને એમ

માનતા જણાય છે કે ભાષા તો કેવળ વસ્તુને તે જેવી છે તેવી જ રજૂ કરે છે. ભાષાએ આ રીતે રજુ કરેલા સત્યમાં ઔપપત્તિક સંબંધે રહેલા શબ્દ અને અર્થમાં અર્થબોધશાસ્ત્ર કોઈ ચાલાકી કે ચાલભેવ કરતું નથી. જો એ કોઈ કલ્પના કે માનસિક રચનાને સાકાર કરવાનું સાધનમાત્ર બની રહે તો પ્રમાણભૂતતા ગુમાવી બેસે; એ વાસ્તવિકતા સાથે સીધો સંપર્ક ધરાવતી હોવી જોઈએ. વાસ્તવિકતાથી વિરુદ્ધ જતી કલ્પના કે મનોરથને શબરસ્વામીની અર્થબોધમીમાંસામાં સ્થાન જ નથી.

સાચી સમજ આપવી, યથાર્થ અર્થબોધ કરાવવો, માત્ર શાબ્દિક અર્થ સમજાવવામાં જ ઇતિશ્રી ન સમજવી, અણસમજને દૂર કરવી, પદાર્થનાં જ્ઞાત અને અજ્ઞાત પાસાં વચ્ચેના તનાવને દૂર કરવો, આમાં અર્થબોધમીમાંસાનું સાર્થક્ય સિદ્ધ થાય છે. જ્યારે અમુક પદાર્થ, તેને જે રીતે રજુ કરવામાં આવ્યો હોય તે સ્વરૂપે અનુભવાતો ન હોય ત્યારે અર્થબોધ-મીમાંસાની ગરજ પડે છે, કેમ કે તે અણસમજ અને અજ્ઞાનની ઉપરવટ જઈને સ્વરૂપગત સમજ આપે છે, દૃષ્ટિની ક્ષિતિજમાં જે બાબત વિકૃત કે વણપ્રીછી હોય તે અર્થબોધ-મીમાંસાની સહાયથી સ્વયંગમ્ય – દીવા જેવી સ્પષ્ટ – થઈ જાય છે અને શબ્દ એ અંગે જે બોધ કરાવવા માગતો હોય તે પ્રગટ થઈ જાય છે. શબરસ્વામી કહે છે કે પદાર્થનો બોધ શબ્દ કે આકૃતિ દ્વારા થાય છે. શબ્દ મારફત પદાર્થ સ્વરૂપની દૃષ્ટિએ કોઈ નવું મહત્ત્વ, નવી પ્રસ્તુતતા, કોઈ જુદા સ્તરે નવો અવતાર કે નવા ભૌતિક કે અધિદૈવિક ગુણધર્મો પ્રાપ્ત કરતો નથી. કોઈ વસ્તુને જાણવા માટે એ દરવખતે સામે હાજર જ હોવી જોઈએ એવું જરૂરી નથી માતૃ શબ્દ અને તેની આકૃતિ કે રૂપ (દેખાવની માનસિક છબી) એ બંને ભૌતિક વાસ્તવિક માતા ઉપર આધારિત છે. તેથી એ માતારૂપ અર્થ શબ્દ દ્વારા હાજર હોય, તેથી એ માતૃ શબ્દમાં કોઈ વિશેષતાં ઉમેરાતી નથી, પરંતુ અર્થબોધની યથાર્થતા ચકાસવા માટે માતૃ શબ્દનો પ્રત્યક્ષ માતા સાથે સીધો સંબંધ જરૂરી બને છે અને પ્રત્યક્ષ માતા પોતે હાજર હોય એ રીતે એ શબ્દનો એ અર્થ સાથે ઔપપત્તિક સંબંધ પાયારૂપ છે દા.ત. वेदमधीत्य स्नायात् એ વચનનો 'વેદનું અધ્યયન પૂરુ કરીને પછી સ્નાન કરી લેવું' એમ શબ્દાર્થ સમજાવવામાં આવે છે. અહીં 'સ્નાન' એ કોઈ અદૃષ્ટ માટે નથી, પણ વેદાધ્યયન કાળ દરમિયાન બ્રહ્મચારી માટે શરીરશોભા અર્થે કરવામાં આવેલા સ્નાનના નિષેધની સમાપ્તિ સૂચવે છે. કોઈ એવો અર્થ કરી શકે કે અહીં વેદોનું કેવળ અધ્યયન (=પાઠ માત્ર) થઈ ગયું કે પછી ગુરુકુલમાંથી સમાવર્તન પામીને વિવાહ કરી લેવો; વચ્ચે ધર્મજિજ્ઞાસા માટે કોઈ અવકાશ જ ન રહ્યો. તેથી શબરસ્વામી કહે છે કે આ શાસ્ત્રવચનનું અમે ઉલ્લંઘન કરીશું; ઉલ્લંઘન ન કરીએ તો અર્થવાન્ વેદને અનર્થક બનાવી બેસીએ. તેનું પ્રયોજન કર્મનો બોધ કરાવવાનું છે એ ચોખ્ખું છે. યાજ્ઞિક લોકો વેદના કેવળ પાઠમાત્રથી ફલ મળતું હોવાનું કહેતા નથી.[116] આ રીતે શબરસ્વામીના મતે યથાર્થ અર્થબોધ માટે કેવળ શબ્દનો કેવળ બૌદ્ધિક બોધ પૂરતો નથી. તેથી સાચો તાત્પર્યાર્થ જાણવો જરૂરી છે અને એ માટે પરંપરાને બાજુએ સારવી પડે તો તેમાં શબરસ્વામીને કશો વાંધો નથી. માટે શબ્દને ધર્મજિજ્ઞાસાના અનુષંગે પ્રત્યક્ષ પ્રમાણ ઉપર આધારિત અનુભવને આધારે સાચા યથાર્થ સ્વરૂપે સમજવા ઉપર તે ભાર મૂકે છે.

## પાદટીપ :

૧. GACHTER—OTHMAR : 'Hermeneutics and Language in Purvamīmāṁsā : A study in Śābara Bhāṣya, Publ. Motilal Banarasidas, Delhi, 1983, pp. 9-10.

૨. ibid., pp. 10–11.

૩. मी शा भा. १, पृ. १० (१.१.१) : स हि निःश्रेयसेन पुरुषं संयुनक्तीति प्रतिजानीमहे। આ લેખમાં ત્રીજા અધ્યાય સુધીના સંદર્ભો માટે — मीमांसाशाबरभाष्यम्-व्याख्याकार पं. युधिष्ठिर मीमांसक, बहालगढ (सोनीपत–हरयाणा). भाग १ (१९७७)- આ સંસ્કરણનો અને બાકીના ભાગ માટે આનંદાશ્રમ આવૃત્તિ(ASS)નો અને Frauwallner (WE) દ્વારા સંપાદિત આવૃત્તિમાંનાં ટાંકેલાં અવતરણોનો નિર્દેશ કર્યો છે.

૪. लोके कर्मार्थलक्षणं भवति, न शब्दलक्षणम् । यथाऽर्थस्तथा क्रियते, न यथा शब्दः । वेदे तु शब्देनैवार्थोऽवगम्यते, तथैवानुष्ठेयमिति । तस्माद् विद्यमानेऽपि कर्तव्यम् ।

—शा भा. ६.८.२७ (ASS. V. 366, 12 14)

५. आकारवान् बाह्योऽर्थः । स हि बहिर्देशसम्बद्धः प्रत्यक्षमुपलभ्यते । अर्थविषया हि प्रत्यक्षबुद्धिर्न बुद्ध्यन्तरविषया ।—मी. शा. भा. १. १. ५, पृ. २७.

६. साकारं चार्थं प्रत्यक्षमेवावगच्छामः । तस्माद् अर्थालम्बनः प्रत्ययः ।

—मी. शा., भा. १. १. ५, पृ. २८.

७. अन्येद्युर्दृष्टेऽपरेद्युरहमदर्शमिति भवति प्रत्ययः । प्रत्यगात्मनि चैतद् भवति, न परत्र । अपरो ह्यसावन्येद्युर्दृष्टवान् ।...... 'अविनाशी वा अरे अयमात्मा अनुच्छित्तिधर्मा (शत १४. ७. ३. १५). इति । विनश्वरं च विज्ञानम् । तस्माद् विनश्वरादन्यः स इत्यवगच्छामः।

—मी. शा., भा. १. १. ५, पृ ५२–५३.

८ अयमेवाभ्युपायो ज्ञातव्यानामर्थानां 'यो यथा ज्ञायते स तथा' इति ।

—मी. शा. भा. १. १. ५, पृ. ५६.

९ एवमसौ पुरुषः स्वयमात्मानमुपलभते, न चान्यस्मै शक्नोति दर्शयितुम् । अन्यस्य द्रष्टुर्न पुरुषं प्रति दर्शनशक्त्यभावात् । सोऽप्यन्यः पुरुषः स्वयमात्मानमुपलभते, न च परात्मानम्। तेन सर्वे स्वेनात्मना आत्मानमुपलभमानाः सन्त्येव, यद्यपि परपुरुषं नोपलभन्त इति। अथास्मिन्नर्थे ब्राह्मणं भवति– ''शान्तायां वाचि किं– ज्योतिरेवायं पुरुष [इति] आत्मज्योतिः, सम्राडिति होवाच'' (शत. १४. ७. १. ६) परेण नोपलभ्यते इत्यत्रापि ब्राह्मणं भवति— 'अगृह्यो न हि गृह्यते' (शत. १४.६.९. २८) इति ।

—मी. शा. भा १ १. ५.

१०. शब्देनावगम्यते तत्फलं, यतः फलमिति शब्द आह ततो न्याय्यम् ...तस्माद्धोमात्फलमिति दध्नः फलमिति चान्याय्यम् ।

—मी. शा. भा. २. २. २५

११. होममाश्रितो गुणः फलं साधयति । यथा राजपुरुषो राजानमाश्रितो राजकर्म करोति ।... तेन दध्नो होमेन संबध्यमानत्वात् फलं भविष्यतीति ।

—मी. शा. भा. २. २. २६

१२. न तत्र प्रमाणमस्ति, सिद्धा एवं जातीयकाः सन्ति, ते च दृष्ट्वाऽऽक्षीरन्निति । तस्मादेवंजातीयको देश एव नास्ति ।...तेन देशेन व्यवहाराभावात् कुतस्तस्याभिधायकः स्वर्गशब्दो भविष्यति ?

—मी. शा. भा. ६. १. १

१३. प्रीतिर्हि स्वर्गः । सर्वश्च प्रीतिं प्रार्थयते ।

—मी. शा. भा. ४. ३.१५

१४. इह पुनः स्वर्गशब्दः एव प्रीतेरभिधाता ।......यागो गुणभूतः, प्रीतिः प्रधानम् ।...... प्रीत्यर्थं हि पुरुषो यतते ।

—मी. शा. भा. ६. २. १

१५. भवति चानादिष्टफले कर्मणि स्वर्गः फलमिति । —मी. शा. भा. ४. ३. १६

१६. सः स्वर्गः स्यात् सर्वान् प्रत्यविशिष्टत्वात् । सर्वे हि पुरुषाः स्वर्गकामाः ।

—मी. शा. भा. ४.३. १५

१७. सूक्तभाजो हविर्भाजश्च देवताः । —मी. शा. भा. १०. ४. २३

१८. तस्मान्न किञ्चिदन्यार्थदर्शनं पुरुषविधत्वं देवतायामिदं ख्यापयति । न चेदं भोजनम् । न हि देवता भुङ्क्ते । तस्माद् भोजनस्य तदर्थत्वादिति तदसद्वचनम् ।

—मी. शा. भा. ९. १. ९

न हि माद्यन्ति देवताः । —मी. शा. भा. १. २. ३७

१९. यस्माद् द्रव्यदेवताक्रिये यजतिशब्दो वर्तते । —मी. शा. भा. ६. १. २

२०. विप्रतिपत्तौ हविषा नियम्येत । विप्रतिपत्तावेतस्यां हविर्देवतयोः हविषा विध्यन्तो नियम्येत ।

—मी. शा. भा. ८. १. ३२

२१. गुणत्वे देवताश्रुतिः । द्रव्यदेवतं हि भूतं......। तत्र यद्यपि देवतार्थता यागस्य गम्यते, फलार्थताऽपि तेन न प्रतिषिध्यते । फलं च पुरुषार्थः । पुरुषार्था च नः प्रवृत्तिः । न चासौ देवतायाः ।

—मी. शा. भा. ९. १. ९

२२ न देवताग्निशब्दक्रियाणामुपचारे प्रतिनिधिना भवितव्यमिति । कुतः ? अन्यार्थसंयोगात् । प्रतिनिधीयमानमन्यदेवतेभ्यः । अन्यच्च तेषामर्थं न शक्नुयात् कर्तुम् ।

—मी. शा. भा. ६. ३. १८

२३. स्मर्यते च कालवाचिनां देवतात्वं, कालेभ्यो भवति, मासो देवता, संवत्सरो देवता इति।
—मी. शा. भा. १०. ४. २३

२४. देवतायाश्च यज्ञसाधनभावो न रूपेण भवति । केन तर्हि ? संबन्धिना शब्देन । यथा, अध्वर्युर्हस्ताभ्यामुपकरोति, एवं देवता शब्देनोपकरोति ।... शब्द एव हविषा संबध्यते। तत्संबन्धादर्थोऽपि देवता भविष्यति । यस्य हि शब्दो हविषा तादर्थ्येन संबध्यते, सा देवता ।... इह तु शब्द एव कार्यं संभवति । तस्मान्नार्थप्रत्यायनार्थः शब्द इति ।
—मी. शा. भा. १०. ४. ३२

२५. अतो यस्तस्य वाचकः शब्दस्ततोऽपूर्वं प्रतीयत इति ।... न तु कश्चिच्छब्दः साक्षादपूर्वस्य वाचकोऽस्ति ।
—मी. शा. भा. २. १. १

२६. यस्य च शब्दस्यार्थेन फलं साध्यते, तेनापूर्वं कृत्वा नान्यथेति ततोऽपूर्वं गम्यते ।
—मी. शा. भा. २. १. १

२७. प्रति शब्दमपूर्वभेद इति । —मी. शा. भा. २. १. १

२८. चोदनेत्यपूर्वं ब्रूमः। अपूर्वं पुनरस्ति यत आरम्भः शिष्यते स्वर्गकामो यजेतेति । इतरथा हि विधानमनर्थकं स्यात् । —मी. शा. भा. २. १. ६–७

२९ यद्विषयं ज्ञानं, तेनैव संप्रयोगे इन्द्रियाणां पुरुषस्य बुद्धिजन्म सत् प्रत्यक्षम् ।
—मी. शा. भा. १. १. ५

३०. मी. शा. भा. १. १. ५

३१. मी. शा. भा. १. १. १४

३२. मी. शा. भा. १. १. १६

३३. मी. शा. भा १. १. २०

३४. वृत्तिकारग्रन्थ, पृ. ४५

३५. औत्पत्तिकस्तु शब्दस्यार्थेन सम्बन्धः......... ।
—जै. मी. सू. १. १. ५

३६. औत्पत्तिक इति नित्यं ब्रूमः । उत्पत्तिर्हि भावे उच्यते लक्षणया । अवियुक्तः शब्दार्थयोर्भावः सम्बन्धः, नोत्पन्नयोः पश्चात् सम्बन्धः ।
—मी. शा. भा. १. १. ५

३७ अवियुक्तः शब्दार्थयोर्भावः सम्बन्धः ।
—मी. शा. भा. १. १. ५

३८. अपौरुषेयः शब्दस्यार्थेन सम्बन्धः । अपौरुषेयत्वात् सम्बन्धस्य सिद्धमिति । ... पुरुषस्य सम्बन्धुरभावात् । ...तस्मात् कारणादवगच्छामो न कृत्वा संबन्धं व्यवहारार्थं केनचित् वेदाः प्रणीता इति । —मी. शा. भा. १. १. ५,

३९. यच्छब्दे विज्ञातेऽर्थो विज्ञायते । —मी. शा. भा. १. १. ५

४०. अतो नास्ति संबन्धस्य कर्ता । —मी. शा. भा. १. १. ५

૪૧. न हि सम्बन्धव्यतिरिक्तः कश्चित्कालोऽस्ति, यस्मिन् न कश्चिदपि शब्दः केनचिदर्थेन सम्बद्ध आसीत् ।

—वृत्तिकारग्रन्थ, पृ. ५७

૪૨. तस्मात्स्वयमनेन सम्बन्धं कृत्वा अकृतसम्बन्धाः केचन शब्दा वृद्धव्यवहारसिद्धा अभ्युपगन्तव्याः । अस्ति चेत् व्यवहारसिद्धिः, न नियोगतः सम्बन्धा भवितव्यम्...।

—એજન

૪૩. सर्वेषामेव शब्दानामर्थज्ञाने लौकिकः प्रयोगोऽभ्युपायः ।

—मी. शा. भा. ६. १. १

लोको हि शब्दार्थावगमे प्रमाणम् ।

—मी. शा. भा. ९. ३. १३

૪૪. पदेभ्य एव पदार्थप्रत्ययः, पदार्थेभ्यो वाक्यार्थः इति ।

—मी. शा. भा. १. १. २६

૪૫. न शब्दप्रमाणकानामन्तरेण शब्दमवगतिर्न्याय्या ।

—मी. शा. भा. ६. १. ३

शब्दलक्षणे च कर्मणि शब्दो नः प्रमाणम् ।

—मी. शा. भा. १०. ५. ४४

૪૬. अनुवादे हि लक्षणा न्याय्या, न विधौ ।

—मी. शा. भा. ४. १. १९

૪૭. वायवीयश्चेच्छब्दो भवेत् , वायोः सन्निवेशविशेषः स्यात् । न च वायवीयानवयवान् शब्दे सतः प्रत्यभिजानीमः ।...तस्मान्न वायुकारणकः । अतो नित्यः ।

—मी. शा. भा. १. १. २२

૪૮. न च गकारादिभ्योऽन्यो गोशब्द इति, भेददर्शनाभावात् , अभेददर्शनाच्च । गकारादीनि हि प्रत्यक्षाणि । तस्माद् 'गौः' इति गकारादीविसर्जनीयान्तं पदं अक्षराण्येव । अतो न तेभ्यो व्यतिरिक्तमन्यत् पदं नामेति ।...तस्मादक्षराण्येव पदम् ।

—मी. शा. भा. १. १. ५

૪૯. अथ 'गौः' इत्यस्य शब्दस्य कोऽर्थः ? सास्नादिविशिष्टाऽऽकृतिरिति ब्रूमः ।

—मी शा. भा. १ १. ५

૫૦. न चाऽऽकृत्या शब्दस्य सम्बन्धः शक्यते कर्तुम् ।

—मी. शा. भा. १. १. १९

૫૧. नित्ये तु सति गोशब्दे बहुकृत्व उच्चारितः श्रुपूर्वश्चान्यासु गोव्यक्तिष्वन्वयव्यतिरेकाभ्याम् आकृतिवचनमवगमयिष्यति ।

—मी. शा. भा. १ १. १९

૫૨. आकृतिर्हि व्यक्त्या नित्यसम्बद्धा । सम्बन्धिन्यां च तस्यामवगतायां सम्बन्ध्यन्तरमवगम्यते ।

— मी. शा. भा. १. ३. ३३

५३. तस्माच्छब्द आकृतिप्रत्ययस्य निमित्तम् । आकृतिप्रत्ययो व्यक्तिप्रत्ययस्य ।

—मी. शा. भा. १. ३. ३३

५४. तदेतदात्मप्रत्यक्षम्-यच्छब्दे उच्चरिते व्यक्तिः प्रतीयते इति । किं शब्दाद् उताकृतेः इति विभागो न प्रत्यक्षः । सोऽन्वयव्यतिरेकाभ्यामवगम्यते । अन्तरेणापि शब्दं च आकृतिमवबुध्येत, अवबुध्येतैवासौ व्यक्तिम् । यस्तूच्चारितेऽपि शब्दे मानसादपचारात् कदाचिदाकृतिं नोपलभेत, न जातुचिदसाविमां व्यक्तिमवगच्छेत ।

—मी. शा. भा. १. ३. ३३

५५. येष्वेव प्रयोगो दृष्टः, तेषु वर्तिष्यते, न सर्वत्र । न चाश्वव्यक्तौ गोशब्दस्य प्रयोगो दृष्टः । तस्मात् तत्र न वर्तिष्यते ।

—मी. शा. भा. १. ३. ३३

५६. यदि यत्र प्रयोगो दृष्टस्तत्र वृत्तिः, अथ जातायां गवि प्रथमप्रयोगो न प्राप्नोति, तत्रादृष्टत्वात् ।

—मी. शा. भा. १. ३. ३३

५७. भवति तु सामान्यप्रत्ययोऽदृष्टपूर्वायामपि गोव्यक्तौ । तस्मान्न प्रयोगापेक्षो 'गोशब्दो व्यक्तिवचनः' इति शक्यते आश्रयितुम् ।

—मी. शा. भा. १. ३. ३३

५८. विधीयतेऽनेनेति विधानं शब्दः । सोऽनुमीयते स्मृत्या । न च तस्याऽऽकृतिवचनता न्याय्या, न च व्यक्तिवचनता ।

—मी. शा. भा. १. ३. ३६

५९. अनुपलब्धे च देवतादावर्थेऽनर्थकं संज्ञाकरणम् अशक्यं च । विशेषान् प्रतिपत्तुं हि संज्ञाः क्रियन्ते विशेषांश्चोद्दिश्य । तद्विशेषेष्वज्ञायमानेषूभयमप्यनवक्लृप्तम् । तस्मादपौरुषेयः शब्दस्यार्थेन सम्बन्धः ।

—वृत्तिकारग्रन्थ, पृ. ५८

६०. न चाक्षरव्यतिरिक्तोऽन्यः कश्चिदस्ति समुदायो नाम, यतोऽर्थप्रतिपत्तिः स्यात् । यदा गकारो न तदा औकारविसर्जनीयौ, यदौकारविसर्जनीयौ न तदा गकारः ।... स्मृतेरपि क्षणिकत्वादक्षरैस्तुल्यता । पूर्ववर्णजनितसंस्कारसहितोऽन्त्यो वर्णः प्रत्यायक इत्यदोषः ।

—मी. शा. भा. १. १. ५

६१. न च 'दध्यत्र' इत्यत्र प्रकृतिविकारभावः । शब्दान्तरम् इकाराद् यकारः । न हि यकारं प्रयुञ्जाना इकारमुपाददते ।

—मी. शा. भा. १. १. १६

६२. मी. सू. १. १. १६

६३. अर्थवत्सादृश्याद् अर्थावगम इति चेत्, न कश्चिदर्थवान् सर्वेषां नवत्वात् ।... सदृश इति चावगते व्यामोहात् प्रत्ययो व्यावर्तेत, शालाशब्दान्मालाप्रत्यय इव ।

—मी. शा. भा. १. १. १८

૬૪. गौः गावी गोणी गोपोतलिका इत्येवमादयः शब्दा उदाहरणम् ।...प्रतीयते हि गाव्या-दिभ्यः सास्नाऽऽदिमान् । तस्मादितो वर्षशतेऽप्यस्यार्थस्य सम्बन्ध आसीदेव। ततः परेण, ततश्च परतरेणेति अनादिता । कर्ता चास्य सम्बन्धस्य नास्तीति व्यवस्थितमेव । तस्मात् सर्वे साधवः, सर्वं भाषितव्यम् सर्वे हि साधयन्त्यर्थम् । यथा-हस्तः करः पाणिरिति । अर्थाय ह्येते उच्चार्यन्ते, नादृष्टाय । न ह्येषामुच्चारणे शास्त्रमस्ति । तस्मान्न व्यवतिष्ठेत --कश्चिदेक एव साधुरितरेऽसाधव इति ।

—मी. शा. भा. १. ३. २४

૬૫. महता प्रयत्नेन शब्दमुच्चरन्ति— "वायुर्नाभेरुत्थितः, उरसि विस्तीर्णः, कण्ठे विवर्तितः मूर्द्धानमाहत्य परावृत्तः, वक्त्रे विचरन् विविधान् शब्दानभिव्यनक्ति" । तत्रापराध्येताऽप्यु-च्चारयिता । यथा शुष्के पतिष्यामीति कर्दमे पतति, सकृद् उपस्प्रक्ष्यामीति द्विरुपस्पृशति । ततोऽपराधात् प्रवृत्ता गाव्यादयो भवेयुः न नियोगतोऽविच्छिन्नपारम्पर्या एवेति ।

—मी. शा. भा. १. ३. २७

૬૬. न चैष न्यायो, यत् सदृशाः शब्दा एकमर्थमभिनिविशमानाः सर्वेऽविच्छिन्नपारम्पर्या एवेति । प्रत्ययमात्रदर्शनादभ्युपगम्यते- सादृश्यात् साधुशब्देऽप्यवगते प्रत्ययोऽवकल्प्यते । तस्मादमीषामेकोऽनादिरन्येऽपभ्रंशाः । हस्तः करः पाणिरित्येवमादिषु त्वभियुक्तोपदेशादना-दिरमीषामर्थेन सम्बन्ध इति ।

—मी. शा. भा. १. ३. २६

૬૭. निरवयवो हि शब्दः, अवयवभेदानवगमाद् निरवयवत्वाच्च महत्त्वानुपपत्तिः ।

—मी. शा. भा. १. १. १७

૬૮. एकत्वे सति देशभेदेन कामं देशा एव भिन्ना, न तु शब्दः ।

—मी. शा. भा. १. १. १५

૬૯. संयोगविभागा नैरन्तर्येण क्रियमाणाः शब्दमभिव्यञ्जन्तो नादशब्दवाच्याः ।

—मी. शा. भा. १. १. १७

૭૦. श्लोकवार्तिक, आकृतिवाद ५-७ અને શબ્દાધિકરણ ૨૯૦-૩૦૧

૭૧. यदि विस्पष्टेन हेतुना शब्दस्य नित्यत्वं वक्तुं शक्यामः ततो नित्यप्रत्ययसामर्थ्यात् प्रय-त्नेनाभिव्यज्यते, इति भविष्यति । यदि प्रागुच्चारणादनभिव्यक्तः, प्रयत्नेनाभिव्यज्यते । तस्मादुभयोः पक्षयोः सममेतत् ।

—मी. शा. भा. १. १. १२

૭૨. RUEGG, D. S.—Contributions a l'historie de la philosophie linguistique indienne, Paris, 1959, p. 56 ગાળ્ટેરના ગ્રંથમાંથી અવતરણ.

૭૩. 'अष्टकृत्वो गोशब्द उच्चारितः' इति वदन्ति, 'नाऽष्टौ गोशब्दा' इति । किमतो यद्येवम् ? अनेन वचनेनावगम्यते प्रत्यभिजानन्तीति । अयं तावत् प्रत्यभिजानीमो न नः करणदौर्बल्यम् । एवमन्येऽपि प्रत्यभिजानन्ति 'स एवायम्' इति । प्रत्यभिजानानाः प्रत्यभिजानन्ति चेद्,

वयमिवान्येऽपि नान्य इति वक्तुमर्हन्ति । .....न हि ते 'सदृश' इति प्रतियन्ति । किं तर्हि ? 'स एवायम्' इति । विदिते च स्फुटेऽन्यत्वे व्यामोह इति गम्यते । न च 'अयमन्यः' इति प्रत्यक्षमन्यद् वा प्रमाणमस्ति ।

—मी. शा. भा. १. १. २

७४. ह्यस्तनस्य शब्दस्य विनाशादन्योऽयमिति चेत् नैव विनष्टः, यत एनं पुनरुपलभामहे । न हि प्रत्यक्षदृष्टं मुहूर्तमदृष्ट्वा पुनरुपलभ्यमानं प्रत्यभिजानन्तो विनष्टं परिकल्पयन्ति । परिकल्पयन्तो द्वितीयसंदर्शने मातरि जायायां पितरि वा नाऽऽश्वस्युः । न ह्यनुपलम्भमात्रेण नास्तीत्यवगम्य नष्ट इत्येव कल्पयन्ति । अप्रमाणतायां विदितायां नास्तीत्यवगच्छामः । न हि प्रमाणे प्रत्यक्षे सत्यप्रमाणता स्यात् । अस्तीति पुनर्व्यामोहेनावगम्यमाने न क्वचिदप्यभावः । न चाऽसिद्धेऽभावे व्यामोहः, न च सिद्धोऽभावः । तस्मादसति व्यामोहे नाभावः । तदेतदानुपूर्व्या सिद्धम् । तस्मात् पुरस्तादनुच्चरितमनुपलभमाना अपि न 'विनिष्टः' इत्यवगन्तुमर्हन्ति ।

मी. शा. भा. १. १. २०

७५. यथा गृहान्निर्गताः सर्वगृहजनमपश्यतः पुनः प्रविश्योपलभमाना अपि प्राक् प्रवेशाद् विनिष्टा इत्यवगच्छन्ति । तद्वदेनमपि न अन्य इति वक्तुमर्हन्ति ।

—मी. शा. भा. १. १. २०

७६. येऽपि सर्वेषां भावानां प्रतिक्षणं विनाशमभ्युपगच्छन्ति, तेऽपि न शक्नुवन्ति शब्दस्य वदितुम् । अन्ते हि क्षयदर्शनात् ते मन्यन्ते । न च शब्दस्यान्तो न च क्षयो लक्ष्यते । 'स' इति प्रत्यक्षः प्रत्ययः, 'सदृश' इत्यानुमानिकः । न च प्रत्यक्षविरुद्धमनुमानमुदेति, स्वकार्यं साधयति । तस्मान्नित्यः ।

—मी. शा. भा. १. १. २०

७७. BIARDEAU, M., The'orie, pp 187-188 (ગાપ્ટેરનું અવતરણ)

७८. ऐकरूप्ये सति देशभेदेन कामं देशा एव भिन्ना, न तु शब्दः ।

—मी. शा. भा. १. १. १९.

संयोगविभागा नैरन्तर्येण क्रियमाणाः शब्दमभिव्यञ्जन्तो नादशब्दवाच्याः । तेन नादस्यैषा वृद्धिः न शब्दस्येति ।

मी. शा. भा. १. १. १७

७९. न च 'दध्यत्र' इत्यत्र प्रकृतिविकारभावः । शब्दान्तरं इकाराद् यकारः । न हि यकारं प्रयुञ्जाना इकारमुपाददते । यथा कटं चिकीर्षन्तो वीरणानि ।

—मी. शा. भा. १. १. १६

८०. જુઓ યુધિષ્ઠિર મીમાંસકકૃત વિવિરણ.

—मी. शा. भा. भा. १, पृ. ६९

८१. येषामनवगतोत्पत्तीनां द्रव्याणां भाव एव लक्ष्यते, तेषामपि केषाञ्चिदनित्यता गम्यते, येषां विनाशकारणमुपलभ्यते, यथाऽभिनवं पटं दृष्ट्वा । न चैनं क्रियमाणमुपलब्धवान् । अथवाऽ

नित्यमवगच्छति रूपमेव दृष्ट्वा तन्तुव्यतिषङ्गजनितोऽयम्, तन्तुव्यतिषङ्गविनाशात् तन्तुविनाशाद् वा विनङ्क्ष्यतीत्यवगच्छति । नैवं शब्दस्य किञ्चित् कारणमवगम्यते यद्विनाशाद् विनङ्क्ष्यतीत्यवगम्यते ।

—मी. शा. भा. १. १. २१

૮૨. य एव लौकिकाः शब्दास्त एव वैदिकाः । त एवैषामर्था इति ।...एवं प्रयोगचोदना सम्भवति, यदि त एव शब्दास्त एवार्थाः । इतरथा शब्दान्यत्वेऽर्थो न प्रतीयेत । तस्मादेकशब्दत्वमिति ।

—मी. शा. भा. १. ३. ३०

૮૩. पदानि हि स्वं स्वं पदार्थमभिधाय निवृत्तव्यापाराणि । अथेदानीं पदार्था अवगताः सन्तो वाक्यार्थं गमयन्ति ।

—मी. शा. भा. १. १. २५

૮૪. यत्र हि शुक्ल इति वा कृष्ण इति वा गुणः प्रतीतो भवति, भवति खल्वसावलं गुणवति प्रत्ययमाधातुम् । तेन गुणवति प्रत्ययमिच्छन्तः केवलं गुणवचनमुच्चारयन्ति । संपत्स्यते एषां यथासंकल्पितोऽभिप्रायः, भविष्यति विशिष्टार्थसंप्रत्ययः । विशिष्टार्थसंप्रत्ययश्च वाक्यार्थः ।

—मी. शा. भा. १. १. २५

૮૫. अपि चान्तरेण पदोच्चारणं यः शौक्ल्यमवगच्छति, अवगच्छत्येवासौ शुक्लगुणकम् । तस्मात् पदार्थप्रत्यये एव वाक्यार्थः, नास्य पदसमुदायेन सम्बन्धः ।

—मी. शा. भा. १. १. २५

૮૬. BIARDEAU, M. The'orie, p. 195, note 1, ગાપ્ટેનું અવતરણ.

૮૭. नित्यः शब्दो भवितुमर्हति । कुतः ? दर्शनस्य परार्थत्वात् । दर्शनमुच्चारणं तत्, परार्थं, प्रत्याययितुम् ।

—मी. शा. भा. १. १. १८

૮૮. पौरुषेये हि शब्दे यः प्रत्ययः, तस्य मिथ्याभाव आशङ्क्येत, परप्रत्ययो हि तदा स्यात् । अथ शब्दे ब्रुवति कथं मिथ्येति ? न हि तदानीमन्यतः पुरुषाद् अवगतिमिच्छामः । 'ब्रवीति' इत्युच्यते बोधयति बुद्ध्यमानस्य निमित्तं भवतीति । शब्दे च निमित्ते स्वयं बुध्यते । कथं विप्रलब्धं ब्रूयाद्, नैतदेवमिति ।

मी. शा. भा. १. १. ५

૮૯. यच्च नाम ज्ञानं न विपर्येति । न तच्छक्यते वक्तुं न एतदेवमिति । यथा भवति यथा विज्ञायते, न तथा भवति । यथैतन्न विज्ञायते, तथैतदिति । अन्यदस्य हृदये अन्यद्वाचि स्यात् । एवं वदतो विरुद्धमिदं गम्यते–अस्ति नास्ति चेति । तस्मात् तत् प्रमाणम्, अनपेक्षत्वात् ।

—मी. शा. भा. १. १. ५

૯૦. यदन्यविषयं ज्ञानमन्यसंप्रयोगे भवति, न तत् प्रत्यक्षम् ।......प्रयत्नेनान्विच्छन्तो न चेद् दोषमवगच्छेमहि, प्रमाणाभावाददुष्टमिति मन्येमहि । तस्माद् यस्य च दुष्टं करणं, यत्र च मिथ्येति प्रत्ययः, स एवासमीचीनः प्रत्ययो, नान्य इति ।

—मी. शा. भा. १. १. ५

९१. भवति हि कदाचिदियमवस्था यत्सादृश्यात् यदृच्छाचारिभ्यः पदेभ्यो न पदार्था अवधार्यन्ते । तदानीं नियोगतो वाक्यार्थं नावगच्छेयुः, यद्यस्य अपार्थगर्थ्यमभविष्यत् ।

--मी. शा. भा. १. १. २५

९२. अव्यतिरेकश्च भवति तस्य ज्ञानस्य । न हि तदुत्पन्नं ज्ञानं विपर्येति । यच्च नाम ज्ञानं न विपर्येति । न तच्छक्यते वक्तुं न एतदेवमिति ।

—मी. शा. भा. १. १. ५

९३. तस्मात् तत् प्रमाणम्, अनपेक्षत्वात् । न ह्येवं सति प्रत्ययान्तरमपेक्षितव्यं पुरुषान्तरं वापि । स्वयं प्रत्ययोऽसौ ।

—मी. शा. भा. १. १. ५

९४. अभावोऽपि प्रमाणाभावः । नास्तीत्यस्यार्थस्यासन्निकृष्टस्य ।

—मी. शा. भा. १. १. ५

९५. प्रत्यक्षस्य प्रमाणस्य अभावात्, तत्पूर्वकत्वाच्चेतरेषाम् ।

—मी. शा. भा. १. १. ५

९६. न स्यात् प्रमाणं, यदि पञ्चैव प्रमाणान्यभविष्यन् । येन येन हि प्रमीयते, तत् तत् प्रमाणम् । शब्देनापि प्रमीयते, ततः शब्दोऽपि प्रमाणम्, यथैव प्रत्यक्षम् ।

--मी. शा. भा. १. १. ५

९७ चोदना हि भूतं भवन्तं भविष्यन्तं सूक्ष्मं व्यवहितं विप्रकृष्टमित्येवंजातीयकमर्थं शक्नोत्यवगमयितुम्, नान्यत् किञ्चनेन्द्रियम् । ...ब्रवीति इति उच्यतेऽवबोधयति, बुध्यमानस्य निमित्तं भवतीति । यस्मिंश्च निमित्तभूते सति अवबुध्यते, सोऽवबोधयति । यदि च चोदनायां सत्यामग्निहोत्रात् स्वर्गो भवतीति गम्यते, कथमुच्यते न तथा भवतीति ? अथ न तथा भवतीति कथमवबुध्यते ? असन्तमर्थमवबुध्यते इति विप्रतिषिद्धम् ।

--मी. शा. भा. १. १. २

९८. न चादृष्टपूर्वे स्मृतिर्भवति ।

--मी. शा. भा. १. १. ५

९९ अविदितवेदनं च विधिरित्युच्यते ।

--मी. शा. भा. १. ४. ४

१००. चोदना इति क्रियायाः प्रवर्त्तकं वचनमाहुः ।

-- मी. शा. भा. १. १. २

१०१. संनिकृष्टकालाः कृतका वेदा इदानींतनाः ।

--मी. शा. भा. १. १. २७

१०२. उक्तमस्माभिः शब्दपूर्वत्वमध्येतॄणाम् ।

--मी. शा. भा. १. १. २९

१०३. अकर्तृभिरपि ह्येनामाचक्षीरन् ।...प्रकर्षेण वचनमनन्यसाधारणं कठादिभिरनुष्ठितं स्यात् । तथापि हि समाख्यातारो भवन्ति । स्मर्यन्ते च वैशम्पायनः सर्वशाखाध्यायी । कठः पुनरिमां केवलां शाखामध्यापयाम्बभूवेति ।

—मी. शा. भा. १. १. ३०

१०४. यच्च प्रावाहणिरिति । तन्न । प्रवाहणस्य पुरुषस्यासिद्धत्वात्, न प्रवाहणस्यापत्यं प्रावाहणिः। प्रशब्दः प्रकर्षे सिद्धो, वहतिश्च प्रापणे, न त्वस्य समुदायः क्वचित् सिद्धः । इकारस्तु यथैवापत्ये सिद्धस्तथा क्रियायामपि कर्तरि । तस्माद् यः प्रवाहयति स प्रावाहणिः ।

—मी. शा. भा. १. १. ३१

१०५. स्तुतयो ह्येताः सत्रस्य–वनस्पतयो नामाचेतना इदं सत्रमुपासितवन्तः, किं पुनर्विद्वांसो ब्राह्मणाः ?

—मी. शा. भा. १. १. ३२

१०६. विनियुक्तं हि दृश्यते परस्परेण सम्बन्धार्थम् ।

—मी. शा. भा. १. १. ३२

१०७. अविगीतः सुहृदुपदेशः सुप्रतिष्ठितः कथमिवाशङ्क्येत उन्मत्तबालवाक्यसदृश इति ?

—मी. शा. भा. १. १. ३२

१०८. अपि च पुरुषवचनसाधर्म्याद् वेदवचनं वितथमिति अनुमानव्यपदेशादवगम्यते । प्रत्यक्षस्तु वेदवचनेन प्रत्ययः । न चानुमानं प्रत्यक्षविरोधि प्रमाणं भवति ।

—मी. शा. भा. १. १. २.

१०९. उपदेशा हि व्यामोहादपि भवन्ति । असति व्यामोहे वेदादपि भवन्ति । अपि च पौरुषेयवचनाद् 'एवमयं पुरुषो वेद' इति भवति प्रत्ययः न 'एवमयमर्थः' इति । विप्लवते हि खल्वपि कश्चित् पुरुषकृताद् वचनात् प्रत्ययः । न तु वेदवचनस्य मिथ्यात्वे किञ्चन प्रमाणमस्ति ।

—मी. शा. भा. १. १. २

११० धर्मं प्रति हि विप्रतिपन्ना बहुविदः, केचिदन्यं धर्ममाहुः, केचिदन्यम् । सोऽयमविचार्य प्रवर्तमानः कंचिदेवोपाददानो विहन्येत, अनर्थं च ऋच्छेत् । तस्माद् धर्मो विजिज्ञासितव्यः।

—मी. शा. भा. १. १. १.

१११. Ga'c'hter-Herm. & lang in P. M., p. 91.

११२. चोदितमशिष्टैरपि शिष्टानवगतं प्रतीयेत, यत् प्रमाणेनाविरुद्धं तदवगम्यमानं न न्याय्यं त्यक्तुम् । यत्तु शिष्टाचारः प्रमाणमिति, तत् प्रत्यक्षानवगतेऽर्थे । यत्त्वभियुक्ताः शब्दार्थेषु शिष्य इति, तत्रोच्यते–अभियुक्ततराः पक्षिणां पोषणे बन्धने च म्लेच्छाः ।

—मी. शा. भा १. ३. १०

११३. यत्तु निगमनिरुक्त व्याकरणानार्थवत्तेति, तत्रैषामर्थवत्ता भविष्यति न यत्र म्लेच्छैरप्यवगतः शब्दार्थः ।

—मी. शा. भा. १. ३. १०

११४. लोभाद् वास आदित्समाना औदुम्बरीं कृत्स्नां वेष्टितवन्तः केचित् । तत स्मृतेर्बीजम् । बुभुक्षमाणाः केचित् क्रीतराजकस्य भोजनमाचरितवन्तः । अपुंस्त्वं प्रच्छादयन्तश्चाष्टाचत्वारिंशद्वर्षाणि वेदब्रह्मचर्यं चरितवन्तः । तत एषा स्मृतिरित्यवगम्यते ।

—मी. शा. भा. १. २. ४.

पितृदेवमनुष्याणां वेदश्चक्षुः सनातनम् ।
अशक्यमप्रमेयं च वेदशास्त्रमिति स्थितिः ॥
या वेदबाह्या स्मृतयो याश्च काश्च कुदृष्टयः ।
सर्वास्ता निष्फलाः प्रेत्य तमोनिष्ठा हि ताः स्मृताः ॥

—म. स्मृ. १२. ९४–९५

अतिक्रमिष्याम इममाम्नायम्, अनतिक्रामन्तो वेदमर्थवन्तं सन्तमनर्थकमवकल्पयेम । दृष्टो हि तस्यार्थः कर्मावबोधनं नाम । न च तस्याध्ययनमात्रात् । तत्रभवन्तो याज्ञिकाः फलं समामनन्ति ।

—मी. शा. भा. १. १. १.

# શ્રી યશોવિજયજી મહારાજની કાવ્યપ્રકાશટીકા*

તપસ્વી નાન્દી

મમ્મટના કાવ્યપ્રકાશ ઉપર અનેક મહત્ત્વપૂર્ણ ગંભીર ટીકાઓ રચાઈ છે અને શ્રીયશોવિજયજી મહારાજે પણ આવી જ એક ટીકા રચી છે. વાસ્તવમાં કા. પ્ર. વિદ્વાનો માટે એવો પડકારરૂપ ગ્રંથ બની રહ્યો છે કે એક યુગમાં એ ગ્રંથ ઉપર ટીકા રચે એની જ વિદ્વાનમાં ગણતરી થાય એવી હવા જામી હતી. આથી કહેવાય છે કે કા. પ્ર.ની ટીકાઓ ઘેર ઘેર રચાઈ અને છતાં એ એવો ને એવો જ દુર્ગમ એવરેસ્ટ જેવો રહ્યો છે.

આપણા દુર્ભાગ્યે શ્રીયશોવિજયજીએ રચેલી કા. પ્ર. ટીકા ફક્ત ઉલ્લાસ ૨ અને ૩ ઉપરની જ ઉપલબ્ધ છે. બાકીના ઉલ્લાસો ઉપરની ટીકા હાલ ઉપલબ્ધ નથી. જે ભાગ આપણને પ્રાપ્ત થાય છે એની મૂળ હસ્તપ્રત ઉપરથી મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે સ્વહસ્તે પ્રેસકૉપી તૈયાર કરી હતી, જે ખૂબ સ્વચ્છ અને દોષમુક્ત છે. ફક્ત એટલા આંશિક પ્રકાશન ઉપરથી આપણે વિક્રમની ૧૬મી સદીના બહુશ્રુત આચાર્યશ્રી યશોવિજયજીની બહુમુખી પ્રતિભાનું પૂરું દર્શન મૂલ્યાંકન તો ન કરી શકીએ, પણ દેવમંદિરના બંધ બારણામાં પડેલી ફાટો અથવા છિદ્રમાંથી જેમ દેવનાં દર્શનની ઝલક પામી શકાય તેમ શ્રીમુનિજીની પ્રતિભાનો આછો અંદાજ કાવ્યશાસ્ત્રના ક્ષેત્રમાં આપણે પામી શકીએ તેમ છીએ. વાસ્તવમાં તો આ આંશિક ભાગનું પૂરું અવલોકન વિચારવા બેસીએ તો એક મોટો સંશોધનગ્રંથ રચી શકાય તેમ છે, પણ અમે તો અહીં ફક્ત થોડાં ઉદાહરણથી જ સંતોષ માનીશું. એટલાથી પણ એ વાતની પ્રતીતિ થાય છે જ કે

"काव्येषु कोमलधियः वयमेव नान्ये,
तर्केषु कर्कशधियः वयमेव नान्ये ।"

એ ઉક્તિ આચાર્યશ્રીને અક્ષરશઃ લાગુ પાડી શકાય તેમ છે. (૧) કા પ્ર. ઉ. ૨, મૂલ સૂત્ર ૫ (પૃ. ૧) ઉપર આચાર્ય નીચે પ્રમાણે શાસ્ત્રાર્થ કરે છે :

દેખીતી રીતે જ શબ્દ વાચકાદિ ભેદથી ત્રિવિધ છે, છતાં મમ્મટે 'त्रिधा' એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે તે અંગે આચાર્યશ્રી નોંધે છે કે

यद्यपि विभागादेव त्रित्वं सिद्धं, तथाऽपि गौणीलक्षणा भिन्नेति न्यूनता, व्यञ्जनायां प्रमाणमेव नास्तीति आधिक्यं च विभागस्येति परविप्रतिपत्तिनिरासाय आह—'त्रिधे'ति ।

* 'યશોવિજયજી : વ્યક્તિત્વ અ૦ વાઙ્મય' અંગેના પરિસંવાદમાં રજૂ કરવામાં આવેલો લેખ ડીસે. '૮૭.

આ સ્પષ્ટતા માટે અને અન્યત્ર જ્યાં શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો છે તે તે સ્થળે આચાર્યના કયા કયા પૂર્વાચાર્યોની કઈ કઈ ટીકાઓનો ઋણભાર એમના ઉપર છે એ વિચારવાનો આપણો ઉપક્રમ રહેશે. એ રીતે જોતાં, ઉદ્યોત (પૃ. ૨૩)માં 'ત્રિધા'ની સમજ આ રીતે અપાઈ છે, જેમ કે—

"વાચકત્વ વગેરે ઉપાધિઓમાં ત્રિત્વ જાણવું, શબ્દમાં નહિ, કારણ કે એકનો એક શબ્દ વાચક, લક્ષક અને વ્યંજક હોઈ શકે છે."— "त्रिधेति । वाचकत्वाद्युपाधौ त्रित्वं बोध्यम् ।" ત્યાં પા. ટી.માં એવી નોંધ છે કે

ननु य एव शब्दो वाचकः स एवान्यत्र लक्षकः । किं च वाचकलक्षकान्यतर एव व्यञ्जकः । अतः सांकर्यात्कथमेषां भेद इत्यत आह वाचकत्वाद्युपाधाविति ॥ (चू)

આમ ઉદ્યોતે જે નોંધ કરી છે તે વિગતથી જુદી નોંધ શ્રીયશોવિજયજીએ કરી છે.

સાહિત્યચૂડામણિ(સા. ચૂ.)માં આની ચર્ચા નથી, પણ સુધાસાગર (સુધા.) ઉદ્યોતની જ વાત દોહરાવતાં નોંધે છે કે

अत्र उपाधीनामेव त्रित्वं, न तु उपधेयानाम् । न हि कश्चिद् वाचक एव, कश्चिद् लाक्षणिक एव, कश्चिद् व्यञ्जक एव इत्यस्ति नियम इति बोध्यम् ।

જોકે શ્રીધર નોંધે છે કે

**त्रिधेति** । गौणी तु लक्षणातो न व्यतिरिच्यते, लक्षणाया गौणस्य व्याप्तत्वात् ।

આનો પ્રભાવ શ્રી યશોવિજયજીએ કરેલી નોંધમાં આંશિક રીતે જોવા મળે છે, જોકે પૂર્વને પક્ષીએ સૂચવેલા આધિક્યદોષનો વિકલ્પ શ્રીધરે નથી આપ્યો. એટલો અંશ તેમના મૌલિક ચિંતન આભારી લેખી શકાય. આમ, ઉપર કરેલી નોંધ પ્રમાણે આચાર્યશ્રીના મતે 'ત્રિધા' એવા મમ્મટના નિર્દેશનું સ્વારસ્ય એ છે કે "જોકે વિભાગથી જ ત્રણ ભેદ સિદ્ધ હતા છતાં, 'ત્રિધા' શબ્દના ઉલ્લેખથી એવું બતાવાયું છે કે કાવ્યમાં શબ્દના ત્રણ જ ભેદ છે. ત્રણથી વધારે કે ઓછા નહિ. આથી ગૌણીને લક્ષણાથી જુદી માનીને "ગૌણ" નામના શબ્દભેદના અનુલ્લેખથી કારિકાકારની ન્યૂનતા તથા વ્યંજના માનવામાં પ્રમાણાભાવ હોવાથી "વ્યંજક" શબ્દના ઉલ્લેખને અધિક માનનારાના સંશયને દૂર કરવા જ "ત્રિધા" કહ્યું છે. ઉપાધ્યાયજી જૈનમુનિ હોવા છતાં આચાર્ય હેમચંદ્રે ગૌણી/ગૌણનો સ્વતંત્ર સ્વીકાર કર્યો છે તેનું સમર્થન કરતા નથી એ એમની તટસ્થ શાસ્ત્રદૃષ્ટિનો સબળ પુરાવો છે. આપણે અહીં શ્રીધરનો આંશિક પ્રભાવ જોયો છે.

એ ઉપરાંત, ઝળકીકરે (પૃ. ૨૫) સ્પષ્ટ રીતે નોંધ્યું છે કે—

"विभागादेव त्रित्वे सिद्धेऽपि न्यूनाधिकसंख्याव्यवच्छेदाय त्रिधेत्युक्तम् । एतेन गौणी लक्षणा भिन्नेति गौणशब्दस्य अत्र असंग्रहात् विभागस्य न्यूनता । व्यञ्जनायां च प्रमाणाभावेन व्यञ्जकशब्दस्य अभावात् विभागस्य आधिक्यं चेति परविप्रतिपत्तिर्निरस्ता ।"

આ બધું લગભગ શબ્દશઃ યશોવિજયજીને અનુસરે છે, પણ ઝળકીકર તેમનો નામોલ્લેખ કરતા નથી. યશોવિજયજી વિ. સં. ૧૬૪૦–'૫૦ વચ્ચે જન્મ્યા અને વિ. સં. ૧૭૪૩માં

અવસાન પામ્યા. એટલે અનેક ટીકાઓનું દોહન કરનાર ઝળકીકરની ધ્યાન બહાર એમની ટીકા રહી હોય એ માની શકાય તેમ નથી. યશોવિજયજીની લેખનપ્રવૃત્તિ ઈ. સ.ની ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં થઈ હશે એમ માની શકાય

હવે નરહરિ સરસ્વતીતીર્થની બાલચિત્તાનુરંજનીમાં (પરિશિષ્ટ B; પૃ. ૧૦) નીચે મુજબ નોંધ જોવા મળે છે, જેમ કે—

નન્વર્થશાસ્ત્રાદૌ व्यञ्जकशब्दव्यवहाराभावात् कथं त्रैविध्यमित्याशङ्क्य श्लोकगतात्रशब्दार्थमाह

વગેરે.

અહીં વ્યંજના માટે પ્રમાણ નથી એથી આધિક્ય છે એવી યશોવિજયજીની નોંધનું મૂળ વાંચી શકાય. આમ, શ્રીધર અને નરહરિ આ સ્થળે એમનાં પ્રેરક બળ લેખી શકાય. નરહરિને અનુસરીને ગુણરત્નગણિ પોતાની કા. પ્ર. ઉપરની સારદીપિકા(પૃ. ૪૫)માં નોંધે છે કે —

नन्वर्थशास्त्रादौ व्यञ्जकशब्दव्यवहाराभावात् कथं त्रैविध्यमित्याशङ्क्य श्लोकगतात्रशब्दार्थमाह।

વગેરે.

ગુણરત્ન યશોવિજયજીના નજીકના પુરોગામી છે અને તેમના ઉપર નરહરિની બાલચિત્તાનુરંજની અને શ્રીવત્સની સારબોધિનીનો પ્રભાવ વિશેષ છે.

"ત્રિધા" વિષે શ્રી પરમાનંદ ચક્રવર્તીની વિસ્તારિકા ટીકામાં (પૃ. ૩૩) ફક્ત આટલી જ નોંધ છે કે—

**त्रिधेति** । तेनामीषां नोपाधेयभेदः, किन्तूपाधिभेद एवेत्यर्थः ।

અહીં પણ ઉદ્યોતની જ અસર છે. આપણે જોયું હતું કે ઉપાધ્યાયજીએ આ નોંધ પોતાની ટીકામાં સમાવી નથી.

આ પછી, "अत्र इति काव्ये" એવી મમ્મટની નોંધ ઉપર યશોવિજયજી (પૃ. ૩) નોંધે છે—

"**काव्ये** इति । ननु शास्त्रेषु व्यञ्जकशब्दानां नामाऽपि नास्तीत्यत आह, **काव्य** इति। चमत्कारविशेषस्य अन्यथाऽनुपपत्तेरिति भावः । न च य एव शब्दो वाचकः स एव लाक्षणिको व्यञ्जकश्चेति भेदाभावात् विभागोऽनुपपन्न इति वाच्यम् । तथात्वेऽपि सम्बन्धभेदात् भेदमङ्गीकृत्य तथा विभागात् एवमेवार्थविभागोपपत्तिरित्यनुपदमेव व्यक्तम् । विभागानन्तरं लक्षणस्य जिज्ञासाविषयत्वेन अभिधातुमुचितत्वात् तदनभिधानं समर्थयति ।

આ સાથે ઝળકીકર(પૃ. ૨૫)માં નીચે પ્રમાણેની નોંધ છે : "चमत्कारविशेषस्य अन्यथा अनुपपत्तेरिति भावः । विभागानन्तरं लक्षणस्य जिज्ञासाविषयत्वेन अभिधातुमुचितत्वात् **तदभिधानं** समर्थयति **एषामिति** ।

આ શબ્દો યશોવિજયજીમાં છે, પણ ઝળકીકરે એમનો નામોલ્લેખ કર્યો નથી એટલે સંભવ છે કે એનો મૂળ સ્રોત અન્યત્ર હોય, જોકે યશોવિજયજીમાં "तदनभिधानं" છે તે વધારે શુદ્ધ પાઠ છે એ નિર્વિવાદ છે.

આ બંનેના મૂળ સ્રોત માટે કદાચ નરહરિની બાલચિત્તાનુરંજનીમાં નજર નાખી શકાય, જેમ કે— (પૃ. ૧૦)

"નન્વર્થશાસ્ત્રાદૌ વ્યઞ્જકશબ્દવ્યવહારાભાવાત્......નનુ વિભાગાનન્તરં વાચકાદીનાં લક્ષણં વાચ્યં...વગેરે.

યશોવિજયજીના શબ્દ ઝળકીકરમાં ઝિલાયા છે અને છતાં પાઠ યશોવિજયજીનો સારો છે, કારણ કે અહીં દલીલ આ પ્રમાણે ચાલે છે, જેમ કે "(શબ્દ)ના વિભાગના ઉલ્લેખ પછી (તેમના) લક્ષણના સંબંધમાં જિજ્ઞાસા થાય અર્થાત્ વાચક, લાક્ષણિક અને વ્યંજક શબ્દ કોને કહેવાય એવો પ્રશ્ન થાય, પણ અહીં એનું લક્ષણ આપવું ઉચિત હોવા છતાં **તેનુ કથન થયું નથી** (अनभिधानं) તેનું કારણ આપે છે"—

યશોવિજયજી (પૃ. ૪) "एषां" વગેરેમાં નોંધે છે કે શબ્દોનું લક્ષણ આગળ કહેવાશે, પણ પહેલાં જિજ્ઞાસાનો પ્રથમ વૃત્ત્યાશ્રય છે, કારણ કે અર્થની ઉપસ્થિતિ વૃત્તિ ઉપર અવલંબે છે અને એનો જ શાબ્દબોધ થાય છે. આથી જેમ શબ્દ વિષે જિજ્ઞાસા થાય છે તેમ અર્થ કે જે વ્યંજનારૂપ વૃત્તિનો આશ્રય છે તેને માટે પણ જિજ્ઞાસા થાય છે, અને શિષ્યની પહેલી જિજ્ઞાસા થોડી વાર રોકી શકાય તેમ છે, જ્યારે બીજી જિજ્ઞાસા શાન્ત કરવા અર્થનું નિરૂપણ આવશ્યક છે. તેથી અર્થોનો વિભાગ પહેલો હાથ ધરાયો છે.

આ ચર્ચા સ્પષ્ટરૂપે અન્યત્ર જોવા મળતી નથી એટલે યશોવિજયજીના સૂક્ષ્મ નિરૂપણનું તે ઉદાહરણ બને છે, જોકે વિસ્તારિકામાં (પૃ. ૩૩) નીચેના શબ્દો છે :

"ननु विभागस्य विशेषलक्षणाभिधानप्रयोजनकत्वेन विभागानन्तरं तदुचितमित्याह—**एषामि-**त्यादि । अत्रापि स्वरूपमित्येकवचनं पूर्ववत् । वक्ष्य इति विभागप्रकरणसमाप्तौ, **सा च अर्थविभागात्तद्धानेव** स्यादिति, सम्प्रति **तदनभिधानम्** ।"

અહીં પણ 'अनभिधान' પાઠ છે, જે યશોવિજયજીમાં આપણે નોંધ્યો છે. ઝળકીકર કદાચ વિસ્તારિકાનો આધાર લેતા હશે એમ કહી શકાય. યશોવિજયજી ઉપર પણ વિસ્તારિકાનો પ્રભાવ સ્પષ્ટ છે.

આ પછી યશોવિજયજી (પૃ. ૪) વાચ્ય વગેરે તેના અર્થો બનશે" એવી કા. પ્ર.ની નોંધ ઉપર વ્યાખ્યા કરે છે. તેમાં નૈયાયિક શૈલીમાં ખૂબ વિસ્તૃત રીતે શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો છે. નવ્યન્યાયદર્શનના પ્રભાવ નીચે જે નવ્યો, જેવા કે સિદ્ધિચન્દ્ર, શ્રીવત્સલાંછન ભટ્ટાચાર્ય, જગન્નાથ પંડિત, પંડિત વિશ્વેશ્વર વગેરેએ અલંકારશાસ્ત્રના વિવેચનમાં જે નવો મોડ આણ્યો તેનો પ્રભાવ યશોવિજયજીમાં પણ જોવા મળે છે. એમણે અહીં જે વિસ્તૃત ચર્ચા કરી છે તે સાંગોપાંગ અન્યત્ર જોવા મળતી નથી, પણ એના મૂળ સ્રોતરૂપે સુધાસાગરના શબ્દો (પૃ. ૪૧) હોવા સંભવ છે. જેવા કે—

"स्वरूपं लक्षणं, तच्चार्थघटितमेवेति प्रथमं तज्ज्ञानं आवश्यकमिति भावः ।"

જોકે યશોવિજયજીએ અહીં જે વિસ્તાર અને વિદ્વત્તાનું પ્રકાશન કર્યું છે તે અન્યત્ર ક્યાંય સાંપડતું નથી.

યશોવિજયજી (પૃ. ૪) નોંધે છે કે,

वाच्यादयः इति । शब्दानामपि लक्षणमर्थघटितमिति तेषां लक्षणमकृत्वा अपि अर्थविभागः इति **नव्याः** ।

અહીં ‘ नव्याः ’ માં કદાચ વિસ્તારિકાકાર શ્રીપરમાનંદ ચક્રવર્તીનો સંદર્ભ પણ હોઈ શકે.

યશોવિજયજી આગળ નોંધે છે કે ‘वाच्यादयः’માં, “વાચ્ય આદિ છે, જેમનો” એ રીતે વિગ્રહ કરીએ તો અને એ પ્રમાણે ‘અતદ્‌ગુણ-સંવિજ્ઞાન=બહુવ્રીહિ’ સમાસ માનીએ તો (‘વાચ્યાદિ’ એ પદમાં વાચ્યાનું ગ્રહણ નહીં થાય) (અને) વાચ્યનો અર્થભેદમાં સમાવેશ નહિ થાય અને તેથી સાથે સાથે ‘वाच्यादयः’ એમાંનું બહુવચન પણ પ્રયોજી શકાશે નહિ’ કારણ કે વાચ્ય સિવાયના તો બીજા બે—લક્ષ્ય અને વ્યંગ્ય—જ બાકી રહેશે અને તેથી ‘**वाच्यादी**’ એમ દ્વિવચન સિદ્ધ થશે, “वाच्यादयः’ એમ બહુવચન નહિ! હવે જો આ સ્થળે તદ્‌ગુણ-સંવિજ્ઞાન–બહુવ્રીહિ માનીએ તો તે પદ ‘વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય’ એમ ત્રણેનું બોધક બની જશે.

અહીં યશોવિજયજી જણાવે છે કે આવું કહેવું જોઈએ નહિ કારણ કે (સમાસમાં પૃથક્ શક્તિ ન માનવાવાળા અને સમસ્ત પદોમાં લક્ષણા દ્વારા અર્થબોધ કરવાના પક્ષપાતી નૈયાયિકો પ્રમાણે મત ધરાવનારાઓ અનુસાર લક્ષણા દ્વારા ત્રણેની “एकलक्ष्यतावच्छेदकत्व’માં અર્થાત્ “एकवाच्यादित्व”માં ઉપસ્થિતિ થશે. આવી પરિસ્થિતિમાં ભિન્ન ભિન્ન “विभाजकतावच्छिन्नत्वरूप’ માં ઉપસ્થિતિ ન થવાથી ત્રણ વિભાગોની ઉપપત્તિ નહિ શકે, કારણ કે ભેદ તો એ જ વસ્તુઓની બાબતમાં માની શકાય જેમની ઉપસ્થિતિ ભિન્ન ભિન્ન રૂપમાં થાય છે. વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્યમાં ભેદ માની શકાય છે, કારણ કે આ ત્રણેની વિભિન્ન રૂપોમાં ઉપસ્થિતિ થાય છે. પણ જો, “वाच्यादि” એ શબ્દથી જ વાચ્ય લક્ષ્ય અને વ્યંગ્યની ઉપસ્થિતિ થઈ જાય તો એમનામાં ભેદ માની શકાય નહિ, કારણ કે ત્રણેની ઉપસ્થિતિ વાચ્યાદિ એક જ રૂપમાં થાય છે તેથી તે ત્રણેને એક માનવા જોઈએ, અનેક નહિ. આ રીતે “वाच्यादयस्तदर्थाः स्युः’ એ સૂત્રમાં અર્થના જે ત્રણ ભેદ બતાવવાના અભિપ્રેત છે તે સિદ્ધ નહિ થાય-આ મૂળ પ્રશ્ન છે. વળી, આ સૂત્રમાં “वाच्यादयः” શબ્દને લીધે એક વધારાનો દોષ પણ આવ્યો છે, જેને ઉપાધ્યાયજી ‘किञ्च’...વગેરેથી બતાવે છે અને તે દોષ છે ‘**ઉદ્દેશ્ય અને વિધેયની એકતા**’.

જેમ કે, કોઈ એમ કહે કે “ ब्राह्मणादीन् भोजय ”–અર્થાત્ ‘બ્રાહ્મણાદિને જમાડો’—તો બધા જ બ્રાહ્મણ વગેરે મનુષ્યોને જમાડવાનું તો અશક્ય હોવાથી “ निमंत्रितान् ब्राह्मणादीन् भोजय ”—‘નિમંત્રિત બ્રાહ્મણાદિને જમાડો’— એમ અર્થ માનવો પડે. ‘निमन्त्रितत्व’ અહીં ‘લક્ષ્યતાવચ્છેદક’ અથવા ‘ઉદ્દેશ્યતાવચ્છેદક’ બનશે. એ જ રીતે ‘वाच्यादि’માં ‘અર્થત્વ’ એ જ લક્ષ્યતાવચ્છેદક બનશે. તેથી છેવટે સૂત્રનું રૂપાંતર આ રીતે થશે, જેમ કે. “ अर्थाः (वाच्यादयः) तदर्थाः शब्दार्थाः”. અહીં ઉદ્દેશ્યતાવચ્છેદક’ એ અર્થ છે અને ‘વિધેયતાવચ્છેદક’ પણ અર્થ જ છે. આમ, ઉદ્દેશ્યતાવચ્છેદક અને લક્ષ્યતાવચ્છેદક અભિન્ન હોવાથી સૂત્રાર્થની બરાબર સમજૂતી લાગતી નથી આથી જો આગળના સૂત્રમાંથી ‘त्रिधा’ પદની અનુવૃત્તિ કરવામાં આવે તોપણ “વિભાજકતાવચ્છેદકત્વ”ની અનુપસ્થિતિ (જે પહેલો દોષ બતાવ્યો ત્યારે નિર્દેશિત થઈ હતી) તે તો એકસરખી જ રહેશે. આથી (મમ્મટ) વૃત્તિમાં કહે છે કે “वाच्यलक्ष्यव्यङ्ग्याः’- હવે વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્યમાંથી પ્રત્યેક અહીં લક્ષ્યતાવચ્છેદક

બને છે. તેમને આધારે વિભાજકતાવચ્છેદક વાચ્યત્વ, લક્ષ્યત્વ અને વ્યંગ્યત્વની પૃથક્ ઉપસ્થિતિ થશે અને તેથી વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્યરૂપી વિભાજ્યોની પણ અલગ અલગ ઉપસ્થિતિ થાય છે. તેથી મમ્મટે કરેલા વિભાગમાં અનુપપત્તિ થતી નથી.

યશોવિજયજી આગળ નોંધે છે કે "અથવા અમે એમ કહીશું (પૃ. ૫) કે 'વાચ્યાદિ પદ'ના 'વાચ્ય' પદમાં શક્તિને કારણે અને 'આદિ' પદમાં લક્ષણાને કારણે 'વાચ્યાદિ' પદ દ્વારા વાચ્યત્વરૂપ 'શક્યભાવચ્છેદકાવચ્છિન્ન' અને લક્ષ્યત્વ અને વ્યંગ્યત્વરૂપ 'લક્ષ્યતાવચ્છેદકાવચ્છિન્ન' એમ વાચ્યાદિ ત્રણેની ઉપસ્થિતિ થાય છે. અર્થાત્ 'વાચ્ય' પદ વડે એના મુખ્ય અર્થ = 'શબ્દાર્થ'નું ગ્રહણ થાય છે અને 'આદિ' પદ વડે બીજા બે લક્ષ્ય અને વ્યંગ્ય —અર્થોનું ગ્રહણ થાય છે. આમ શક્તિ અને લક્ષણાથી 'વાચ્યાદિ' પદ—'વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય' એમ ત્રણે અર્થોનું પ્રત્યાયક બને છે. આમ, પાર્થક્યસાધક ધર્મોની ઉપસ્થિતિ થઈ જતાં વિભાગ અનુપપન્ન થતો નથી.

આ લાંબો શાસ્ત્રાર્થ તો એકમાત્ર ઉદાહરણ છે. વાસ્તવમાં ઠેકાણે ઠેકાણે યશોવિજયજી નવ્યન્યાયદર્શનની પરિપાટી અને શૈલીનો વિનિયોગ કરી અત્યંત ગંભીર, મૂલગામી અને સૂક્ષ્મ ચર્ચા છેડે છે. તેમાં ક્યાંક અંતઃસ્રોતોનું દર્શન જરૂર થાય છે, છતાં એમનાં પાંડિત્ય અને મૌલિકતાનાં વિશેષ દર્શન થાય છે. કાવ્યપ્રકાશ ઉપરની એમની આખી ટીકા જો ઉપલબ્ધ થાય તો અલંકાર શાસ્ત્રમાં યશોવિજયજીનું પ્રદાન અને સ્થાન અપ્પય્ય દીક્ષિત, પંડિત જગન્નાથ અને વિશ્વેશ્વર પંડિતની સાથે, સમકક્ષ રીતે, મૂકી શકાય એ નિઃસંદેહ વિગત છે.

યશોવિજયજીએ પોતાની ટીકામાં અત્રતત્ર છ પ્રાચીન ટીકાકારોનો નામોલ્લેખ કર્યો છે. જેમ કે ચંડીદાસ, સુબુદ્ધિમિશ્ર, પરમાનંદ ચક્રવર્તી, યશોધર ઉપાધ્યાય, પ્રદીપકાર (= ગોવિન્દ ઠક્કુર) અને મધુમતીકાર રવિ ઠક્કુર. આ ઉપરાંત નામોલ્લેખ વગર અહીંતહીં લગભગ ૧૫થી ૨૪ મતોની વિચારણા કરી છે. 'નરસિંહમનીષા'નો ઉલ્લેખ (ઈ.સ. ૧૬૦૦/૧૭૦૮) ઉલ્લાસ–૨ ના અંતમાં આવે છે તેથી યશોવિજયજીની ટીકાનો રચનાકાળ પણ ૧૭મી સદીનો ઉત્તરાર્ધ હોઈ શકે.

**સંદર્ભ સાહિત્ય :**


૧. કાવ્યપ્રકાશટીકા – યશોવિજયજી મહારાજ શ્રી યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ,ઈ.સ. ૧૯૭૬ની આવૃત્તિ.

૨. કા. પ્ર. ઉદ્યોત – નાગેશકૃત અભ્યંકર શાસ્ત્રી દ્વારા સંપાદિત, આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથ ૧૯૧૧.

૩. કા. પ્ર. સુધાસાગર – ભીમસેન દીક્ષિતકૃત રેવાપ્રસાદ દ્વારા સંપાદિત, કાશી વિશ્વવિદ્યાલય, વારાણસી ૧૯૮૧

૪. કા. પ્ર. વિવેક – શ્રીધરકૃત શિવપ્રસાદ ભટ્ટાચાર્ય દ્વારા સંપાદિત કલકત્તા ૧૯૫૯નું પ્રકાશન.

| | | |
|---|---|---|
| ૫. | કા. પ્ર. બાલબોધિની | – ઝળકીકરરકૃત ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટયૂટ પૂના ૧૯૮૩–પુનઃમુદ્રિત-આઠમી આવૃત્તિ |
| ૬. | કા. પ્ર. બાલચિત્તાનુરંજની | – નરહરિ સરસ્વતી તીર્થકૃત સુકઠણકર દ્વારા સંપાદિત, ૧૯૩૩ની આવૃત્તિ. |
| ૭. | કા. પ્ર. સારદીપિકા | – ગુણરત્નગણિકૃત ડૉ. નાન્દી સંપાદિત, ગુજ. યુનિ. ૧૯૭૬નુ પ્રકાશન. |
| ૮. | કા. પ્ર. સારબોધિની | – શ્રીવત્સલાંછનકૃત ગંગાનાથ ઝા, સંસ્કૃત વિદ્યાપીઠ, પ્રયાગ, ૧૯૭૬નું પ્રકાશન. |
| ૯. | કા. પ્ર. વિસ્તારિકા | – શ્રી પરમાનંદ ચક્રવર્તીકૃત સંપૂર્ણાનંદ સંસ્કૃત વિદ્યાલય, સરસ્વતી ભવન ગ્રંથમાલા, ૧૯૭૬નું પ્રકાશન. |

**સંદર્ભ સાહિત્ય :**

| | | |
|---|---|---|
| ૧૦. | કાવ્યપ્રકાશ | – નાગેશકૃત 'ઉદ્યોત' સાથે અભ્યંકરશાસ્ત્રી દ્વારા સંપાદિત, આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથ, ૧૯૧૧. |
| ૧૧. | કાવ્યપ્રકાશ | – રેવાપ્રસાદ દ્વારા સંપાદિત |

# સતના બળે પ્રગટેલો આંબો

હરિવલ્લભ ભાયાણી

પંદરમી શતાબ્દીમાં રચાયેલ શુભશીલગણિના 'વિક્રમચરિત્ર'માં અગિયારમા સર્ગમાં વિક્રમ રાજા સ્ત્રીચરિત્ર જાણવા ગયાનો પ્રસંગ રત્નમંજરીની કથામાં વર્ણવ્યો છે. તેમાં અંતે પોતાની રાણી મદનમંજરીના દુરાચારના સાક્ષી બનીને ખિન્ન થયેલા વિક્રમને જ્યારે કોચી કંદોયણ, પરપુરુષની લાલસા સ્ત્રીઓને સ્વભાવગત હોવાનાં ઉપદેશવચન કહે છે તે પ્રસંગે તે 'મહાભારત'માંના દ્રૌપદીના પ્રસંગની દૃષ્ટાંતરૂપે વાત કરે છે. સંપાદક ભગવાનદાસ હરખચંદ દોશીએ નોંધ્યું છે કે આ પ્રસંગને લગતો હસ્તપ્રતોમાં કેટલોક પાઠભેદ મળે છે. દ્રૌપદીએ ઉચ્ચારેલા શ્લોકોના પાઠ અને ક્રમ બાબત કેટલીક ભિન્નતા છે. સમન્વયદૃષ્ટિથી પાઠભેદને જોતાં એ પ્રસંગ નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

એક વાર યુધિષ્ઠિરે ગર્વપૂર્વક અઠ્યાશી હજાર ઋષિઓને કહ્યું કે તમે ઇચ્છો તે ભોજન હું આપું. યુધિષ્ઠિરનો ગર્વ ઉતારવા ઋષિઓએ માઘમાસમાં કેરીના ભોજનની માગણી કરી. એટલે નારદે દુર્વાસા ઋષિને આ સંકટમાંથી બહાર નીકળવાનો ઉપાય પૂછીને તે યુધિષ્ઠિરને જણાવ્યો. ઉપાય એ હતો કે જો દ્રૌપદી પાંચ બાબત વિશે સત્યવાક્ય બોલે તો તેના સત્યવાદને પ્રભાવે અકાળે આંબો ફળે. એ પાંચ બાબતો આ પ્રમાણે હતી : (૧) પાંચ પતિથી દ્રૌપદી સંતુષ્ટ છે? (૨) તે સતી છે? (૩) તેના પરપુરુષ સાથેના સંબંધ શુદ્ધ છે? (૪) તેનો પતિ પ્રત્યે પ્રેમ છે? (૫) તેને આત્મસંતોષ છે? દ્રૌપદીએ ઋષિઓનું તર્પણ કરવા માટે એ બાબતો વિશે સત્ય બોલવાનું સ્વીકાર્યું. રાજસભામાં સાંબેલું રોપવામાં આવ્યું. સભા સમક્ષ દ્રૌપદીએ નારદને સંબોધતાં પહેલી બાબત પરત્વે સત્યવચન આ પ્રમાણે ઉચ્ચાર્યું : પાંચેય વીર, સ્વરૂપવાન પાંડવો મને વહાલા છે, તોપણ હે નારદ ! છઠ્ઠા પુરુષનો સંગ મારું મન ઝંખે છે. આ શ્લોક ઉચ્ચારતાં જ સભામાં ખોડેલા સાંબેલાનું આંબાના થડમાં રૂપાંતર થઈ ગયું.

તે પછી દ્રૌપદીએ બીજી બાબત પરત્વે સત્યવચન આ પ્રમાણે ઉચ્ચાર્યું : એકાંતનો અભાવ હોય, તકનો અભાવ હોય અને કામુક પુરુષનો અભાવ હોય તેટલા પૂરતી જ હે નારદ ! સ્ત્રી સતી રહે છે. આ વચન ઉચ્ચારાયું એટલે પેલા આંબાના થડને પાન ફૂટયાં.

તે પછી ત્રીજું સત્યવચન આ પ્રમાણે કહ્યું : સુંદર નરને જોઈને—પછી તે ભાઈ હોય, પિતા હોય કે પુત્ર હોય સ્ત્રીની યોનિ ભીની થાય છે. આ ઉદ્‌ગારને પ્રભાવે આંબો મહોર્યો.

તે પછી દ્રૌપદીએ ઉચ્ચારેલું ચોથું સત્યવચન આ પ્રમાણે હતું : વર્ષાઋતુ પ્રાણીઓને વિહ્વળ કરનારી, કષ્ટકર ઋતુ છે, માત્ર તેથી જ સ્ત્રીઓને પોતાનો પતિ પુરુષ તરીકે વહાલો લાગે છે. આ વચનને પ્રભાવે આંબે ફળ બેઠાં.

તે પછી દ્રૌપદીએ પાંચમો શ્લોક ઉચ્ચાર્યો : અશાડ માસમાં જેમ ગાયો નવા નવા ઘાસનો સ્વાદ લેવાની લાલસાથી અહીંતહીં દોટ દે છે, તેમ પરપુરુષને જોઈને સ્ત્રીની ભોગેચ્છા જાગે છે. એ સત્યવચનને પ્રભાવે કેરીઓ પાકી ગઈ. યુધિષ્ઠિરે નિમંત્રિત ઋષિઓને ઇચ્છાભોજન આપ્યું.

"ગુજરાતી લોકસાહિત્યમાળા", મણકો ૯, પૃ. ૨૫થી ૨૭ ઉપર "આંબલો રોપ્યો" એવા મથાળા નીચે હરિલાલ મોઢા સંપાદિત "ખરડાપ્રદેશનાં લોકગીતો"માં જે એક લોકગીત પ્રકાશિત થયેલું છે તે ગોહિલવાડ પ્રદેશમાં પણ પ્રચલિત રહ્યું છે. મારાં દાદીમાને તે કંઠસ્થ હતું. એ બંને પાઠોની વચ્ચે અંતર છે અને દેખીતાં જ પાઠોમાં ઘણી ગરબડ છે. આંબાના પ્રગટવાનો ક્રમ (થડ, પાન, ડાળ, ફળ, શાખ અને પાકી કેરી) આડોઅવળો થઈ ગયો છે. વધુ શ્રદ્ધેય પાઠ ન મળે ત્યાં સુધી ઉપર્યુક્ત બંને પાઠપરંપરાને આધારે કામચલાઉ નીચે પ્રમાણે પાઠ રજુ કરી શકાય :

પાંડવઘેર આંબો રોપ્યો આજ, રાખો લખમીના વર લાજ— ટેક
ઘઉં ચણા (દાણા ?) ને ગોટલી ને ત્રીજી શેકેલ શાળ
પકવી આલો પાંડવ મારે કરવું છે ફરાળ—પાંડવ૦ ૧
દુર્વાસા ઋષિએ ગોટલી મેલી ને એમાં મેલી ગાર
પકવી આલો પાંડવ મારે કરવું છે ફરાળ (?)---પાંડવ૦ ૨
ધરમે આંબો રોપિયો ને ધર્યું હરિનું ધ્યાન
સતને જ્યારે શરણે આવ્યા નીસર્યાં રાતાં પાન—પાંડવ૦ ૩
ભીમને તો ભાવ ઘણેરો ને નિત ભજે ભગવાન,
સામરણુ કીધું શામળિયાનું ચયદશ હાલી ડાળ—પાંડવ૦ ૪
અર્જુનને આદર ઘણેરો ને આંગણે આવ્યા ગોર
સમરણ કીધું શામળિયાનું ને આંબે આવ્યો મોર—પાંડવ૦ ૫
નિકુળને તો નીમ ઘણેરો ને નિત ભજે ભગવાન
સમરણ કીધું શામળિયાનું ને આખડિયે ખખડાટ (?)—પાંડવ૦ ૬
સહદેવને તો સાધ્ય ઘણેરી ને લીધી પોથી હાથ
સમરણ કીધું શામળિયાનું તો ફળ થયાં છે શાખ—પાંડવ૦ ૭
આવ્યાં સતી દ્રૌપદી ને લાંબી કીધી લાજ
કર જોડી ઊભાં રહ્યાં ને ફળ પાક્યો સવા લાખ – પાંડવ૦ ૮
થાળ ભરી આંબો વેડિયો ને કરો ઋષિ ફરાળ
હાથનો વેડેલ આંબલો નાવે મોરે કામ—પાંડવ૦ ૯
માતા કુંતાનાં સત ઘણેરાં ને અલૌકિક અવતાર
પાંડવ જઈને પગે પડ્યા તો ફળ ખર્યાં હજાર – પાંડવ૦ ૧૦
ઋષિ જમાડીને રાજી કીધા ને બીડલાં વહેંચ્યાં પાન
સતને કારણે સાંભળે એનાં સત રાખે ભગવાન—પાંડવ૦ ૧૧

શુભશીલે જે પાંડવકથાના પ્રસંગનો નિર્દેશ આપ્યો છે તે પરંપરાગત કથાપ્રસંગને આધારે આ લોકગીત કે ઘોળ રચાયેલું છે. દુર્વાસા ઋષિની કેરીનું ફરાળ કરવાની માગણી (પણ ઘઉં, શાળ વગેરેનો નિર્દેશ છે તે ફરાળ નહીં, પણ તેમાં તો પૂરા ભોજનની વાનગીઓનો સંકેત મળે છે) અને પાંડવપરિવારે એક પછી એક પોતપોતાના સતના પ્રભાવે અને શામળિયાના સ્મરણે આંબો ઉગાડીને ઋષિને કરાવેલું ફરાળ કે ભોજન ગીતનો વિષય છે. સતને પ્રભાવે આ ચમત્કાર થાય છે એમાં જૂની પરંપરા અનુસરાઈ છે, પણ તે સાથે કૃષ્ણભક્તિ પણ એક પ્રભાવક તત્ત્વ તરીકે ભળેલ છે (દ્રૌપદીનાં ચાર કૃષ્ણે પૂર્યાંનો કથાપ્રસંગ સરખાવો, જેનો ઉલ્લેખ ઘણાં મધ્યકાલીન પદો અને ભજનોમાં મળે છે). અંતિમ પંક્તિમાં આ ભાવ સ્પષ્ટપણે વ્યક્ત થયો છે : "સતને કારણે સાંભળો એનાં સત રાખે ભગવાન". પણ શુભશીલવાળા કથાપ્રસંગ અને લોકગીતના કથાપ્રસંગ વચ્ચે બીજા બે મહત્ત્વના ભેદ છે : પહેલામાં માત્ર દ્રૌપદી જ પાંચ વાર સત્યવાદ કરે છે અને ક્રમે ક્રમે આંબો ઊગીને ફળે છે, પણ બીજામાં પાંચ પાંડવ, દ્રૌપદી અને કુંતા એમ પ્રત્યેક જણ એક પછી એક પોતાના સતનું કૃષ્ણસ્મરણ સાથે આહ્વાન કરીને ઇષ્ટ પરિણામ પ્રાપ્ત કરે છે. બીજું, શુભશીલમાં આ પ્રસંગ સ્ત્રીની સ્વભાવગત કુશીલતાના દૃષ્ટાંત તરીકે આપ્યો છે, જ્યારે લોકગીતમાં ધર્મ-સંકટ આવી પડે ત્યારે તેમાંથી ઉગારવાની સતની શક્તિ દર્શાવવાનું તાત્પર્ય છે અને કૃષ્ણ ભગવાન પોતાના ભક્તોની લાજ રાખતા હોવાનું પણ દૃષ્ટાંત પૂરું પાડે છે.

લોકકથાવિદોએ "સત્યક્રિયા" (પાલિ "સચ્ચકિરિયા"), "સત્યાધિષ્ઠાન" કે "સત્યવાદ"નો જે રીતે વિશ્વની લોકકથાઓમાં કથાઘટક તરીકે ઉપયોગ થયો છે તેનો વ્યાપક અભ્યાસ કર્યો છે.* અમુક સત્ય હકીકતનો પ્રકટપણે લોકસમક્ષ ઉદ્ગાર કરીને અમુક ઇચ્છા કે ઇષ્ટ પરિણામ ચમત્કારિકપણે સિદ્ધ કરી બતાવવું એ કથાસાહિત્યમાં મળતું સત્યક્રિયાનું સ્વરૂપ છે. જેમ કે આગમાં પડવા છતાં ન બળવું, ચડેલું ઝેર ઊતરી જવું, મૃતનું સજીવન થવું, ભારે આપત્તિમાંથી ઊગરવું, અસંભવિતનું સંભવિત બનવું વગેરે. બૌદ્ધ ગ્રંથ "મિલિંદપન્હ"માં (પૃ. ૧૧૯–૧૨૩) મિલિંદરાજાને ભિક્ષુ નાગસેને સચ્ચકિરિયાનો – સત્યના ઉચ્ચારણનો–– ચમત્કારિક પ્રભાવ અને પ્રતાપ સવિસ્તર સમજાવ્યો છે.

નલોપાખ્યાનમાં સ્વયંવરમાં નળરૂપધારી દેવો વચ્ચે સાચા નળને ઓળખવા માટે તથા વનમાં વ્યાધના બળાત્કારથી બચવા માટે દમયંતી સત્યક્રિયા પ્રયોજે છે, પરંતુ ઉપર રજૂ કરેલા દ્રૌપદીની સત્યક્રિયાના પ્રસંગને મળતો પ્રસંગ ૪૪૪મી જાતકકથા છે : પુત્ર યજ્ઞદત્તને

* સૌ પ્રથમ બર્લિંગેમે આની ચર્ચા કરી છે. જુઓ 'ધ એક્ટ ઓવ ટ્રુથ", જર્નલ ઓવ ધ રોયલ એસિઆટિક સોસાયટી, જુલાઈ–૧૯૧૭, પૃ. ૪૨૯–૪૬૭. તેમાં જાતકકથા અને અન્ય બૌદ્ધ સાહિત્યમાંથી તથા વિશ્વના કથાસાહિત્યમાંથી સત્ય-ક્રિયાના અનેક પ્રસંગો ટાંકેલા છે. પેન્ઝરે "ઓશન ઓવ સ્ટોરી" માં બર્લિંગેમના લેખની સામગ્રીનો ઉપયોગ કરીને તેની પૂર્તિ કરી છે, (ગ્રંથ–૧ પૃ. ૧૬૬, ૨, પૃ. ૩૧–૩૩; ૩, પૃ. ૧૭૯-૧૮૨; ઉપરાંત જુઓ ૧૦મા ગ્રંથમાં સૂચિમાં "એક્ટ ઓવ ટ્રુથ")

સર્પદંશથી ચડેલું વિષ ઉતારવા માટે ભદંત દ્વિપાયન અને તેમનાં ભક્ત દંપતી માંડવ્ય અને ગોપા પોતે જીવનભર કરેલી આત્મવંચનાનો કડવો એકરાર-આલોચના કરીને સત્યક્રિયા કરે છે દ્વિપાયન પોતે પચાસ વરસથી અનિચ્છાએ બ્રહ્મચર્ય પાળતા હોવાનું પ્રકટ કરે છે એટલે યજ્ઞદત્તનું છાતીની ઉપરના ભાગનું વિષ જરી જાય છે. પછી પિતા માંડવ્ય પોતાના સત્યનું બળ અજમાવતાં કહે છે કે 'હું વરસોથી બ્રાહ્મણો અને શ્રમણોની સેવા અનિચ્છાએ કરતો રહ્યો છું', એટલે પુત્રનું કમર સુધીનું વિષ ધરતીમાં ઊતરી ગયું. છેવટે માતા ગોપા સત્ય-શ્રાવણા કરતાં કહે છે કે 'મને મારો પતિ કાળા નાગ જેટલો અપ્રિય છે, જોકે મેં તેમને આની કદી જાણ થવા દીધી નથી,' એટલે યજ્ઞદત્ત નિર્વિષ થઈને ઊઠે છે. (જુઓ "કમળના તંતુ", પૃ. ૨૭૭-૨૮૪). શિષ્ટમાન્ય, આદરણીય આચારનીતિને લગતા પોતાના દંભ અને અપ્રામાણિકતાની ઉઘાડી આત્મઘાતક જાહેરાત અને અનેક દ્વારા સત્યક્રિયા કર્યાથી ક્રમશઃ સિદ્ધ થતું અંતિમ પરિણામ એ મુદ્દાઓ અહીં ચર્ચિત દ્રૌપદીકથા અને જાતકકથા વચ્ચે સમાન છે.

ખોટાં આળ કે આરોપને ટાળવા સતનાં પારખાં કરવા અગ્નિદિવ્ય, કોશપાનદિવ્ય, જળદિવ્ય, સર્પદિવ્ય જેવી કસોટીઓ ધર્મશાસ્ત્રે આપી છે અને સાહિત્યમાંથી તેનાં ઘણાં દૃષ્ટાંતો ટાંકી શકાય છે. એકાદશીના વ્રત સાથે સંકળાયેલા, કૃષ્ણે હરી લીધેલા રાધાના હારને લગતા ધોળમાં સર્પદિવ્ય વડે પોતાની નિર્દોષતા પુરવાર કરવા કૃષ્ણ તૈયાર થાય છે (જુઓ "લોકસાહિત્ય : સંપાદન અને સંશોધન", પૃ. ૧૫-૧૬, ૨૦) સાચની કસોટીનો યુક્તિપૂર્વક છળકપટથી ઉપયોગ કરવાના પણ અનેક દાખલા સાહિત્યમાં મળે છે, જેમ કે ૬૩મા જાતકમાં અથવા તો જૈન પરંપરાની નૂપુરપંડિતાની વાર્તામાં (જુઓ, "ઓશન ઓવ સ્ટોરી", ગ્રંથ ૩, પૃ. ૧૮૦).

શુભશીલે આપેલા કથાપ્રસંગ અને લોકપ્રચલિત ધોળનો વિષય એક જ છે એ હકીકતનું એક મહત્ત્વનું ફલિત એ છે કે લોકકથાના અધ્યયનમાં પૌરાણિક કથાપ્રસંગને લગતાં લોક-ગીતોની સામગ્રી પણ ગણતરીમાં લેવી આવશ્યક છે. દીર્ઘ કથાકાવ્યો જ નહીં, પદ, ધોળ, ગીત વગેરે પણ આ માટે ઉપયોગી નીવડી શકે.

# બૌદ્ધ પ્રામાણ્યનું ભાસર્વજ્ઞે કરેલું ખંડન

લક્ષ્મેશ વ. જોષી

પ્રત્યક્ષાદિ પ્રમાણથી મળતું જ્ઞાન સાચું છે કે ખોટું એ કેવી રીતે નક્કી કરવું એ અંગે શાસ્ત્રોમાં વિવાદો શરૂ થયા. પ્રમાણથી પ્રાપ્ત જ્ઞાન સાચું છે એમ નિશ્ચય થાય તો એ જ્ઞાનનું પ્રામાણ્ય (=પ્રમાત્વ) સિદ્ધ થયું કહેવાય, એ જ્ઞાન ખોટું છે એમ નિર્ણીત થાય તો એ જ્ઞાનનું અપ્રામાણ્ય (=અપ્રમાત્વ)સ્થાપિત થયું ગણાય. જ્ઞાનના પ્રામાણ્યના આવા વિવાદનું મૂળ, વેદને પ્રમાણરૂપે સ્વીકારવાની કે ન સ્વીકારવાની ચર્ચામાં રહેલું છે.[1] જૈન, બૌદ્ધ, ચાર્વાક—આ દર્શનો વેદને પ્રમાણરૂપ માનતા નથી–અર્થાત્ વેદ દ્વારા મળતા જ્ઞાનને પ્રમારૂપ ગણતા નથી.

મીમાંસકોએ વેદ–પ્રમાણથી પ્રાપ્ત થતા જ્ઞાનનું પ્રામાણ્ય સ્વત: પ્રસિદ્ધ છે એમ પ્રસ્થાપિત કરવા પ્રયાસ કર્યો. નૈયાયિકોએ વેદને ઈશ્વરકર્તૃક માનીને તેનું પ્રામાણ્ય પરતઃ નિશ્ચિત થતું માન્યું. શબરમુનિ (શાબરભાષ્ય), દિઙ્‌નાગ (પ્રમાણસમુચ્ચય), સિદ્ધસેન દિવાકર (ન્યાયાવતાર) વગેરેએ પ્રામાણ્યવાદનો સૂત્રપાત કર્યો. પછી કુમારિલ ભટ્ટ (શ્લોકવાર્તિક), ધર્મકીર્તિ (પ્રમાણ-વાર્તિક), જયન્તભટ્ટ (ન્યાયમંજરી), ભા-સર્વજ્ઞ (ન્યાયભૂષણ), વાચસ્પતિ મિશ્ર (તાત્પર્યટીકા), ઉદયન (પરિશુદ્ધિ), ગંગેશ ઉપાધ્યાય (તત્ત્વચિન્તામણિ), વિશ્વનાથ પંચાનન (કારિકાવલી), અન્નંભટ્ટ (તર્કસંગ્રહદીપિકા), ગદાધર ભટ્ટાચાર્ય (પ્રામાણ્યવાદ) વગેરે અનેક વિદ્વાનોએ જ્ઞાનના પ્રામાણ્ય વિષે ચર્ચા કરી. પ્રામાણ્યવાદ, પંડિતોમાં રસનો વિષય બની ગયો. મંડનમિશ્રના ઘર અંગે પૃચ્છા કરતા શંકરાચાર્યને પાણિયારીએ કહ્યું હતું-જ્યાં મેના–પોપટ વેદ સ્વતઃ-પ્રમાણ છે કે પરતઃ પ્રમાણ છે એવા વિવાદની વાણી બોલતાં હોય તે ઘર, મંડનમિશ્રનું જાણો.[2]

પ્રત્યક્ષાદિ પ્રમાણથી મળતા જ્ઞાનનું પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંને સ્વતઃસિદ્ધ છે એમ સાંખ્યે માન્યું; આનાથી ઊલટું, નૈયાયિકો જ્ઞાનના પ્રામાણ્ય–અપ્રામાણ્ય બન્નેને પરતઃ સિદ્ધ થતાં માને છે. બૌદ્ધો જ્ઞાનના પ્રામાણ્યને પરતઃ; અને અપ્રામાણ્યને સ્વતઃ સિદ્ધ થતું સ્વીકારે છે. આનાથી ઊલટું, મીમાંસકો જ્ઞાનના પ્રામાણ્યને સ્વતઃ; અને અપ્રામાણ્યને પરતઃ સિદ્ધ થતું ગણે છે.[3] જ્ઞાન ભાસિત થાય તેની સાથે જ તે જ્ઞાનનું સાચાપણું (=પ્રામાણ્ય) કે ખોટાપણું (=અપ્રામાણ્ય) જણાઈ જાય તેને સ્વતઃ સિદ્ધ કહે છે. પરંતુ, જ્ઞાનના પ્રામાણ્ય કે અપ્રામાણ્યને સિદ્ધ કરવા (પર=) બીજા કોઈક સાધનનો આધાર લેવામાં આવે તો તે પ્રામાણ્ય કે અપ્રામાણ્ય પરતઃ સિદ્ધ થયું કહેવાય.

ઉપર નોંધ્યું તેમ, બૌદ્ધો અને નૈયાયિકો બન્ને, પ્રત્યક્ષાદિ પ્રમાણથી ઉત્પન્ન થતા જ્ઞાનના પ્રામાણ્યને પરતઃ સિદ્ધ થતું માને છે. છતાં, બંને વચ્ચે પરતઃ ના સ્વરૂપ અંગે મતભેદ છે.

ભાસર્વજ્ઞ, 'ન્યાયસાર' ઉપરની સ્વોપજ્ઞટીકા 'ન્યાયભૂષણ'ના બીજા અનુમાન-પરિચ્છેદમાં,

ધર્મકીર્તિ અને તેમના 'પ્રમાણવાર્તિક' ઉપર 'પ્રમાણવાર્તિકાલંકાર' નામની ટીકા લખનાર પ્રજ્ઞાકરગુપ્ત–આ બન્ને બૌદ્ધ દાર્શનિકોના પ્રામાણ્યમતનું ખંડન કરે છે. ભાસર્વજ્ઞે 'ન્યાયસાર'માં અનુમાનનું લક્ષણ આપ્યું અવિનાભાવ અથવા વ્યાપ્તિ દ્વારા, સમ્યક્ પરોક્ષાનુભવનું જે સાધન બને તે અનુમાન.[૪] ઉત્પન્ન થતું પરોક્ષ જ્ઞાન કે પરોક્ષ અનુભવ સમ્યક્ અથવા અસમ્યક્ (સન્દેહરૂપ કે ભ્રાન્તિરૂપ) હોઈ શકે. પરંતુ, સમ્યક્ પરોક્ષ–અનુભવના સાધનને જ અનુમાન કહેવાય. આ 'સમ્યક્' પદના સાર્થકયની ચર્ચામાં ભાસર્વજ્ઞ પ્રામાણ્યનો પ્રસ્તુત પ્રસંગ નિરૂપે છે.

આગળ કહ્યું તેમ, અહીં પ્રામાણ્ય એટલે પ્રમાણ દ્વારા મેળવેલા જ્ઞાનનું સાચાપણું–Validity of knowledge; અને અપ્રામાણ્ય અર્થાત્ તેવા જ્ઞાનનું ખોટાપણું–Invalidity of knowledge. प्रमाणस्य भावः प्रामाण्यम्. અહીં પ્રમાણ શબ્દ 'પ્રમા'ના અર્થમાં છે.[૫]

હવે, પ્રથમ આપણે, બૌદ્ધ દાર્શનિક ધર્મકીર્તિએ આપેલા પ્રામાણ્યમત વિષે વિચારીએ. તે કહે છે કે પ્રત્યક્ષાદિ પ્રમાણથી ઉત્પન્ન થતા જ્ઞાનનું પ્રામાણ્ય વ્યવહાર દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે.[૬] વ્યવહાર એટલે અર્થક્રિયાજ્ઞાન,[૭] અર્થ એટલે (અગ્નિ દ્વારા સાધવામાં આવતું દાહ્યાકાદિનું બાળવાનું, પકાવવાનું વગેરેનું–) પ્રયોજન; એવા પ્રયોજનને સિદ્ધ કરવા, કરવામાં આવતી પ્રવૃત્તિ તે ક્રિયા.[૮] અથવા વ્યવહાર એટલે ક્રિયાત્મક વિનિયોગ કે વ્યાપાર કે વર્તન.[૯] અર્થાત્ જ્ઞાનમાં પ્રતિભાસિત થયેલા પદાર્થને (બૌદ્ધ પરિભાષા અનુસાર 'રૂપને') પ્રાપ્ત કરવા આચરવામાં આવતી પ્રવૃત્તિ પછી થતું જ્ઞાન તે અર્થક્રિયાજ્ઞાન.

દૂરથી જલનું પ્રત્યક્ષજ્ઞાન થયા પછી, જલની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરવામાં આવે, પછી જલની પ્રાપ્તિ થાય. આમ અનુભવાત્મક જ્ઞાનથી કે વ્યવહારથી: પ્રત્યક્ષથી ઉત્પન્ન થયેલા જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી થાય. પ્રામાણ્ય અર્થાત્ પ્રમાણતા. પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થની સાથે, પ્રવૃત્તિ કર્યા પછી વ્યભિચાર (=અસંગતિ) ન થાય તો જ્ઞાનની પ્રમાણતા સિદ્ધ થઈ ગણાય.[૧૦] આમ વ્યવહારથી જ જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત થાય. ગમે તેવો સુશિક્ષિત મનુષ્ય પણ, કોઈ બીજા (અનુમાનાદિ) પ્રમાણ દ્વારા જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરી શકે નહિ.[૧૧]

અહીં ભાસર્વજ્ઞ, ધર્મકીર્તિનાં પ્રામાણ્યાણુમતને સ્પષ્ટ કરવા માટે, પ્રજ્ઞાકરગુપ્તના પ્રમાણવાર્તિકભાષ્યમાંથી દીર્ઘ અવતરણ ટાંકે છે.[૧૨] આ ઉદ્ધરણમાં બૌદ્ધ પ્રામાણ્યમત અંગેના મુખ્ય મુદ્દા આ પ્રમાણે છે. એક તો પ્રત્યક્ષપ્રમાણથી ઉત્પન્ન થતા જ્ઞાનનું પ્રામાણ્ય પ્રત્યક્ષપ્રમાણ પોતે નિશ્ચિત કરી શકતું નથી. પ્રત્યક્ષ પ્રમાણ, જે રૂપ (કે અર્થ) બુદ્ધિના આકારમાં પ્રતિભાસિત થાય તે સ્વરૂપને જ ગ્રહણ કરે છે પ્રત્યક્ષ પ્રમાણ પોતાના દ્વારા ઉત્પન્ન થતા જ્ઞાનના પ્રામાણ્યને ગ્રહણ કરી શકતું નથી.[૧૩] બુદ્ધિના આકારમાં પ્રતિભાસિત થતું રૂપ (કે પદાર્થ)નું જ્ઞાન, ક્ષણમાં નાશ પામી ગયા પછી, પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત થતા રૂપ (કે પદાર્થ)-ને વિષય તરીકે ગ્રહણ કરી શકે નહીં, અથવા ભવિષ્યમાં ઉત્પન્ન થનાર અર્થક્રિયાજ્ઞાનની સાથે. પ્રથમ, બુદ્ધિના આકારમાં પ્રતિભાસિત થયેલા રૂપને વિષય તરીકે જોડી શકાતું નથી,

કારણ કે ભાવી અર્થક્રિયાજ્ઞાન પણ સ્વરૂપનું જ ગ્રહણ કરે છે.[૧૪] આમ દૂરથી દેખાતા જલનું જ્ઞાન અને પ્રવૃત્તિ પછી પ્રાપ્ત થતા જલરૂપ કે જલપદાર્થ એ બંને વચ્ચેના વિષય-વિષયિભાવના સંબંધનું ગ્રહણ પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા થઈ શકતું નથી. જ્યાં સુધી જ્ઞાન અને પ્રાપ્ય પદાર્થ વચ્ચે આવો સંબંધ સ્થાપિત ન થાય ત્યાં સુધી એ જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત કરી શકાય નહીં. આમ પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા જ્ઞાનનું પ્રામાણ્ય સિધ્ધ કરી શકાતું નથી.

અનુમાન પ્રમાણ દ્વારા પણ જ્ઞાનનું પ્રામાણ્ય પ્રસ્થાપિત કરી શકાતું નથી. હવે, બુધ્ધિમાં પદાર્થ કે રૂપના આકારમાં પ્રતિભાસિત થતું જ્ઞાન અને પછીથી પ્રાપ્ત થતા પદાર્થ કે રૂપ એ બન્ને વચ્ચેના સંબંધનું પ્રત્યક્ષથી ગ્રહણ જ ન થાય તો, વ્યાપ્તિ રચી શકાય નહીં. અહીં વ્યાપ્તિ એટલે જ્યારે જ્યારે જ્ઞાન અનુસાર પદાર્થની પ્રાપ્તિ થાય ત્યારે ત્યારે તે જ્ઞાનનું પ્રામાણ્ય સિધ્ધ થયું ગણાય. પરતુ ઉપર કહ્યું તેમ પૂર્વજ્ઞાન અને ભાવી પ્રાપ્ય પદાર્થ એ બંને વચ્ચેનો સંબંધ, પ્રત્યક્ષથી ગૃહીત ન થતો હોવાથી વ્યાપ્તિ બાંધી શકાતી નથી.[૧૫]

આમ બૌધ્ધ મત અનુસાર, જ્ઞાનનું પ્રામાણ્ય પ્રત્યક્ષ અથવા અનુમાન પ્રમાણ દ્વારા નક્કી કરી શકાતું નથી. એટલે વ્યવહાર દ્વારા જ જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત થાય. ખરેખર તો જ્ઞાનનું પ્રામાણ્ય સાંવ્યવહારિક છે—માત્ર વ્યવહાર પૂરતું માનવામાં આવે છે.[૧૬] તે આ પ્રમાણે. માત્ર વ્યવહારમાં પ્રસિદ્ધ અનુમાનનો આધાર લઈને, પ્રત્યક્ષ-જ્ઞાન અને પ્રાપ્ત થનાર વસ્તુ એ બંને વચ્ચે વિષયવિષયિભાવનો સંબંધ છે એવું માની લેવામાં આવે છે.[૧૭] એ સંબંધના આધારે, અમુક જ્ઞાનના આશ્રયે પ્રવૃત્તિ કરવાથી અમુક પદાર્થની પ્રાપ્તિ થશે એમ માનીને પ્રવૃત્તિ કરવામાં આવે છે. આમ, અનુમાન પ્રવૃત્તિ કરાવતું હોવાથી તે અનુમાન જ્ઞાનનું પ્રામાણ્ય સિધ્ધ થાય. પછી વસ્તુને વારંવાર જોવાથી અને મેળવવાથી, વસ્તુ ખૂબ પરિચિત થયા પછી અનુમાન વગર, પ્રત્યક્ષ-જ્ઞાન પણ પ્રવૃત્તિ કરાવે અને તેથી પ્રત્યક્ષ જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત થાય. આમ વ્યવહારથી કે જ્ઞાનના પ્રવર્તકત્વને લીધે જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી થાય.[૧૮]

વળી, બૌધ્ધમતે કોઈ પણ અવયવી પદાર્થનું અસ્તિત્વ જ નથી. છતાં વ્યવહારમાં પ્રસિધ્ધ એક અવયવી પદાર્થ (જલ વગેરે) છે એમ માનીને, જે વસ્તુ પ્રત્યક્ષમાં જોવાઈ તે જ વસ્તુની પ્રાપ્તિ થઈ એમ (કાલ્પનિક) નિશ્ચય કરીને, પ્રામાણ્યનો વ્યવહાર ચાલે છે.[૧૯]

આમ બૌધ્ધ મતે, વ્યવહાર-પ્રસિધ્ધ અનુમાનના આધારે થતા વ્યવહાર દ્વારા, પ્રત્યક્ષાદિ જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત થાય છે.

હવે, ભાસર્વજ્ઞ બૌદ્ધ પ્રામાણ્યમતનું ખંડન કરતાં કહે છે કે બૌધ્ધો, જે વ્યવહારના આધારે જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરે છે તે વ્યવહાર પોતે પ્રમાણભૂત છે કે નહીં ? જો તે વ્યવહાર પોતે પ્રમાણભૂત ન હોય તો તેવા વ્યવહારના આધારે કોઈ જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત કરી શકાય નહીં. પોતે જ પ્રમાણરૂપ ન હોય તેવા વ્યવહારથી, જો કોઈક જ્ઞાનનું પ્રામાણ્ય નિર્ધારિત થાય છે એમ માનીએ તો અતિપ્રસંગ ઊભો થાય અર્થાત્ ગમે તેવા આધારથી ફાવે તે સિધ્ધ કરી શકાય.[૨૦] આને અતિપ્રસંગ (=Unwerrarted licence in reasoning) કહેવાય. એવો વ્યવહાર તો સર્વત્ર સંભવે છે. તેથી એવા વ્યવહારથી તો બધાં શાસ્ત્રોનું પ્રામાણ્ય સિધ્ધ થઈ જાય. ક્ષણિક નહીં, પરંતુ સ્થિર પદાર્થોનું અસ્તિત્વ પણ વ્યવહારથી સિધ્ધ થઈ જાય.[૨૧]

હવે, બૌધ્ધો, બીજા વિકલ્પ અનુસાર, જો વ્યવહારને પ્રમાણરૂપ માને તો તે, બૌધ્ધ સિધ્ધાંતને સુસંગત થશે નહીં. બૌધ્ધો તો માત્ર બે જ પ્રમાણો–પ્રત્યક્ષ અને અનુમાન જ–સ્વીકારે છે. તો આ વ્યવહાર નામનું ત્રીજું પ્રમાણ વળી ક્યાંથી આવ્યું ?[૨૨]

વળી, ભગવાન બુધ્ધ પાસેથી સાંભળેલા પરંપરાગત શાસ્ત્રોનું પ્રામાણ્ય વ્યવહારના આધારે મનાતું હોય તો, વેદાદિનું પણ પ્રામાણ્ય સિધ્ધ થયું ગણાય; કારણ કે વેદને પ્રમાણ માનવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે.[૨૩]

તેમજ, બધાં પ્રત્યક્ષ જ્ઞાનોમાં પ્રતિભાસિત પદાર્થો પ્રવૃત્તિ દ્વારા મેળવી શકાતા નથી. રાજાની પત્નીનાં આભૂષણોનું કે આકાશમાં ચમકતાં નક્ષત્રોનું પ્રત્યક્ષ-જ્ઞાન થાય પરંતુ પ્રવૃત્તિ દ્વારા તેવા પદાર્થોની પ્રાપ્તિ કરી શકાતી નથી અર્થાત્ વ્યવહારથી આવા પદાર્થોના જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરી શકાતું નથી. તેથી શું આવા પદાર્થોનાં પ્રત્યક્ષ જ્ઞાનને સાચાં ન માનવાં ?[૨૪]

ઉપરાંત, બૌદ્ધમતાનુસાર પદાર્થો ક્ષણમાં નાશ પામી જનારા હોય છે અથવા ઉપેક્ષણીય હોય છે અર્થાત્ તેવા પદાર્થોને પ્રાપ્ત કરવા કોઈ પ્રવૃત્તિ કરતું નથી. તો શું, જે જ્ઞાનના વિષયરૂપ બનતા આવા પદાર્થને પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ ન કરવામાં આવે, તેવા જ્ઞાનનું પ્રામાણ્ય ન માનવું ?[૨૫]

વળી, જે જ્ઞાન પ્રવૃત્તિ કરાવે તેનું પ્રામાણ્ય માનવામાં આવે તો સ્મૃતિ સન્દેહ, વિપર્યય પ્રકારનાં જ્ઞાનો પણ પ્રવર્તક બને છે; તો શું તેવાં જ્ઞાનોને સાચાં ગણવાં ?[૨૬]

ઉપરાંત બૌધ્ધ સિધ્ધાંત અનુસાર, પ્રત્યક્ષની ક્ષણે જે પદાર્થ જ્ઞાનમાં પ્રતિભાસિત થાય તે જ પદાર્થ પ્રાપ્તિની ક્ષણે હોતો નથી; અર્થાત્ જુદો જ પદાર્થ હોય છે. એટલે કે પ્રત્યક્ષ જ્ઞાન અમુક પદાર્થનું થાય; અને પ્રાપ્તિ બીજા જ પદાર્થની થાય ! પરંતુ, આવી પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ સંભવે નહીં. ધારો કે કોઈક મનુષ્ય તરસ્યો છે અને જલને ઇચ્છે છે. તે મનુષ્ય અગ્નિને જોઈને જલાભિમુખ પ્રવૃત્તિ કરે એમ કદી બનતું નથી ![૨૭]

આમ ભાસર્વજ્ઞના મતે બૌધ્ધ પ્રામાણ્યમત સ્વીકારી શકાય તેવો નથી. જ્ઞાનનું પ્રામાણ્ય અર્થક્રિયા દ્વારા અથવા પૂર્વજ્ઞાનની સાથે પ્રાપ્ય પદાર્થનો સંબંધ જોડવા દ્વારા કે અમુક જ્ઞાન પ્રવર્તક હોવાથી, નિશ્ચિત કરી શકાતું નથી. પરંતુ આપણને જો પ્રતીતિ થાય કે અમુક જ્ઞાન સંદેહ વગરનું છે અથવા ભ્રાન્તિરહિત છે તો તે જ્ઞાનને સમ્યક્ ગણાય; અને તે જ્ઞાનનું પ્રામાણ્ય સિધ્ધ થયું કહેવાય.[૨૮]

હવે, ન્યાયપરંપરામાં, જ્ઞાનનું પ્રામાણ્ય શેના આધારે નક્કી થાય છે તે સંક્ષેપમાં જોઈએ. વાત્સ્યાયન મુનિએ કહ્યું કે પ્રત્યક્ષાદિ પ્રમાણથી પદાર્થનું જ્ઞાન થાય. પદાર્થનું જ્ઞાન થતાં, પદાર્થની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિનું સામર્થ્ય પ્રગટે. પ્રવૃત્તિના સામર્થ્યને આધારે પ્રમાણ (જ્ઞાન) સફલ ગણાય તેનું પ્રામાણ્ય સિધ્ધ થાય.[૨૯]

જયન્ત ભટ્ટે 'ન્યાયમંજરી' માં પ્રામાણ્ય અંગેના મીમાંસક મતનું ખંડન કર્યું. તેમના મતે અર્થક્રિયા દ્વારા અથવા ફલના જ્ઞાન દ્વારા, પ્રત્યક્ષાદિ જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય થાય છે.[૩૦] જયન્ત ભટ્ટ મુખ્યત્વે મીમાંસકોના સ્વતઃ પ્રામાણ્ય મતનું ખંડન કરીને જ્ઞાનનું પ્રામાણ્ય પરતઃ સિધ્ધ કરવા પ્રયત્ન કરે છે.

વાચસ્પતિ મિશ્ર બીજા કોઈકનો—સંભવતઃ બૌદ્ધોનો–મત દર્શાવતાં નોંધે છે કે જલજ્ઞાન થયા પછી પિપાસુ જલની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત થાય. પ્રવૃત્તને જલની પ્રાપ્તિ થાય. જલને પ્રાપ્ત કરનારો તેનું પાન કરે. જલપાનથી તૃષાની શાન્તિ થાય. બસ આટલાથી જલને જાણનારો પ્રમાતા સફલ થયો ગણાય. વળી, તૃષાની શાન્તિની પણ કોઈક પરીક્ષા કરે એવું તો ન જ બને! આમ કેટલાક માને છે. અમે નૈયાયિકો તો કહીએ છીએ કે પહેલાં અમુક જલજ્ઞાન દ્વારા જલની પ્રાપ્તિ થઈ હતી; જલપ્રાપ્તિ કરાવનારું તે જ્ઞાન સાચું હતું. આમ વારંવાર જલપ્રાપ્તિ અને જલજ્ઞાનનું પ્રામાણ્ય જાણ્યા પછી, અમુક જલજ્ઞાન જલપ્રાપ્તિ કરાવનાર જ્ઞાનની જાતિનું છે એ લિંગ દ્વારા, એ જ્ઞાન વ્યભિચારી નથી-સાચું છે એમ નિશ્ચિત થાય છે અર્થાત્ વ્યતિરેકી અનુમાન દ્વારા જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી થાય છે.[30]

ઉદયનાચાર્ય કહે છે કે જ્ઞાનમાં પ્રતિભાસિત પદાર્થથી ઊલટા પદાર્થની પ્રાપ્તિ (-જ્ઞાન થાય રજતનું અને પ્રાપ્ત થાય છીપલી) ન થાય તો તે જ્ઞાનને પ્રમા કહેવાય. એટલે થયેલા જ્ઞાનથી વિપરીત ન હોય તેવા અનુભવને, જે જ્ઞાન ઉત્પન્ન કરી શકે તે જ્ઞાન અવ્યભિચારી અથવા પ્રમાણુરૂપ ગણાય અર્થાત્ તે જ્ઞાનનું પ્રામાણ્ય સિધ્ધ થયુ કહેવાય.[31]

ગંગેશ ઉપાધ્યાયે 'તત્ત્વચિન્તામણિ' ના પ્રત્યક્ષખંડમાં પ્રામાણ્યવાદ નામનું મોટું પ્રકરણ રચ્યું, તેમણે કહ્યું કે જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય વ્યતિરેકી અનુમાનથી થાય છે.[32]

વિશ્વનાથ પંચાનન કહે છે કે જે જ્ઞાન સંવાદિની પ્રવૃત્તિનું જનક બને તે જ્ઞાનને પ્રમા કહેવાય. જે જ્ઞાન આવી પ્રવૃત્તિનું જનક નથી બનતું તે જ્ઞાન પ્રમા નથી બનતું, જેમ કે અપ્રમા. (ભ્રાન્તિ) આમ વિશ્વનાથે પણ વ્યતિરેકી અનુમાન દ્વારા જ્ઞાનનું પ્રામાણ્ય સિદ્ધ થાય એમ માન્યું.[33]

અન્નંભટ્ટના અનુવ્યવસાય (= अहं घटं जानामि-) દ્વારા જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત થાય. પછી તેમણે સ્પષ્ટતા કરી કે પ્રથમ તો જલનું જ્ઞાન થાય. પછી પ્રવૃત્તિ થતાં જલપ્રાપ્તિ થાય. જલની પ્રાપ્ત થતાં નિશ્ચિત થાય કે પૂર્વે ઉત્પન્ન થયેલું જ્ઞાન પ્રમારૂપ છે—સાચું છે. જે જ્ઞાન સમર્થપ્રવૃત્તિનું જનક ન હોય તે જ્ઞાન સાચું ન હોય; જેમ કે અપ્રમા આમ, વિશ્વનાથની જેમ અન્નંભટ્ટ પણ વ્યતિરેકી અનુમાનથી જ્ઞાનના પ્રામાણ્યને સિદ્ધ થતું સ્વીકારે છે.[34]

આમ, ઉપર કહ્યું તેમ, બૌદ્ધો અને નૈયાયિકો બન્ને જ્ઞાનના પ્રામાણ્યને પરતઃ સિધ્ધ થતું માને છે, છતાં પરતઃ (=કોઈક બીજા સાધન) ના સ્વરૂપ અંગે બન્ને વચ્ચે ભેદ છે. બૌધ્ધ મત અનુસાર વ્યવહાર દ્વારા અથવા સફલ પ્રવૃત્તિના જનકત્વ દ્વારા જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત થાય; જ્યારે ન્યાય પરંપરા, સફલ પ્રવૃત્તિ અને પૂર્વજ્ઞાન એ બન્ને વચ્ચે વ્યાપ્તિ રચીને, વ્યતિરેકી અનુમાન પ્રમાણ દ્વારા જ્ઞાનનું પ્રામાણ્ય નિર્ણીત કરવાનું સ્વીકારે છે.

નૈયાયિક ભાસર્વજ્ઞ ન્યાયપરંપરા પ્રમાણે, વ્યતિરેકી અનુમાનથી, જ્ઞાનનું સંદેહ-ભ્રાન્તિ-રહિતપણું અર્થાત્ પ્રામાણ્ય સિદ્ધ થતું માને છે. ન્યાયભૂષણમાં ભાસર્વજ્ઞ બૌદ્ધ દાર્શનિકના-વિશેષતઃ ધર્મકીર્તિના મતના ખંડનની એક પણ તક જવા દેતા નથી. અહીં, પ્રારંભમાં

કર્યું હતું તેમ, અનુમાન-લક્ષણના સમ્યક્-પદની સાર્થકતાના સંદર્ભમાં ભાસર્વજ્ઞ બૌધ્ધ પ્રામાણ્યમતનું ખંડન કરે છે. સ્વામી યોગીન્દ્રાનન્દ કહે છે તેમ, આ ભાસર્વજ્ઞે, બૌધ્ધ સિધ્ધાંતોનું ખંડન કરવા માટે જાણે કે અવતાર લીધો હોય તેમ જણાય છે.[૩૫]

**ટીકા**–

૧. દર્શન અને ચિંતન, લે. પં. સુખલાલજી, ભાગ ૨, પૃ. ૧૦૩૪, સં. માલવણિયા દલસુખભાઈ વગેરે, ગુજરાત વિદ્યાસભા અમદાવાદ, ઈ. સ. ૧૯૫૭.

૨. स्वतःप्रमाणं परतःप्रमाणं कीराङ्गना यत्र गिरं गिरन्ति । द्वारस्थनीडान्तरसन्निरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥ —શ્રીશંકરદિગ્વિજય, લે. વિદ્યારણ્ય સ્વામી, પુનરાવૃત્તિ પ્રકા. શારદાપીઠ વિદ્યાસભા દ્વારકા, ૧૯૭૯, સર્ગ ૮–૬, પૃ. ૧૮૯.

૩. प्रमाणत्वाप्रमाणत्वे स्वतः साङ्ख्याः समाश्रिताः । नैयायिकास्ते परतः सौगताश्चरमं स्वतः । प्रथमं परतः प्राहुः प्रामाण्यं वेदवादिनः । प्रमाणत्वं स्वतः प्राहुः परतश्चाप्रमाणताम् । સર્વદર્શનસંગ્રહ પૃ. ૫૫૭ લે. માધવાચાર્ય, સં. ઉમાશંકર શર્મા 'ઋષિ', વારાણસી ૧૯૬૪, સંસ્કરણ પ્રથમ.

૪. सम्यक् अविनाभावेन परोक्षानुभवसाधनम् अनुमानम् ।—ન્યાયસાર, ન્યાયભૂષણ પૃ. ૧૯૪ લે. ભાસર્વજ્ઞ, સં. સ્વામી યોગીન્દ્રાનન્દ, વારાણસી પ્રથમ સંસ્કરણ ૧૯૬૮.

૫. प्रामाण्यं प्रमात्वम् । —ઉદયનાચાર્ય પરિશુધ્ધિ, ન્યાય-ચતુર્ગ્રન્થિકા, ન્યાયદર્શન, લે. ગૌતમ, સં. અનંતલાલ ઠાકુર, દરભંગા, ૧૯૬૭, પૃ.૭૯; સર. प्रमात्वं न स्वतोग्राह्यं —કારિકા ૧૩૬, કારિકાવલી લે. વિશ્વનાથ પંચાનન, સં. શુક્લ રામગોવિન્દ વારાણસી ૧૯૮૧, નવમું સંસ્કરણ પૃ. ૧૭૬, બીજો ખંડ.

૬. प्रामाण्यं व्यवहारेण ।—પ્રમાણવાર્ત્તિક (મનોરથ નન્દિવૃત્તિ સહિત) લે. ધર્મકીર્તિ, કારિકા ૭, શાસ્ત્રી સ્વામી દ્વારિકાદાસ, વારાણસી ૧૯૮૪ બીજું સંસ્કરણ પૃ.૬ અને ૭.

૭. व्यवहारेण अर्थक्रियाज्ञानेन ।—મનોરથનન્દિવૃત્તિ, પ્ર.વા. તદેવ પૃ.૬.

૮. अर्थस्य दाहपाकादेः क्रियानिष्पत्तिः ।—પ્રમાણવાર્ત્તિકભાષ્ય (=પ્રમાણવાર્ત્તિકાલંકાર), લે. પ્રજ્ઞાકરગુપ્ત, સં. રાહુલ સાંકૃત્યાયન વોલ્યુમ ૧, પટણા ૧૯૫૩; પૃ. ૪

૯. Practical application (p 84) dealing (p. 117), behaviour (p.162)—Buddhist Logic vol. II by F. Th Stcherbatsky New York, Dover Ed. 1962.

૧૦. प्रमाणता च प्राप्यपदार्थ—व्यभिचारिता ।—પ્ર. વા. ભા., પ્રજ્ઞાકરગુપ્ત, તદેવ પૃ. ૨૫

૧૧. न खलु सुशिक्षितोऽपि कश्चित् प्रमाणेन प्रामाण्यं साधयितुं शक्तः ।—(પૂર્વપક્ષરૂપે બૌદ્ધમત) ન્યાયભૂષણ. તદેવ પૃ. ૧૯૯.

૧૨. ન્યાયભૂષણ તદેવ પૃ. ૧૯૯ થી ૨૦૧, સરખાવો: પ્રમાણવાર્ત્તિકભાષ્ય, તદેવ પૃ. ૨૫ થી ૨૬

૧૩. स्वरूपस्य स्वतो गतिः । પ્ર. વા. કારિકા ૬, न प्रामाण्यस्य ।—મનોરથનન્દિવૃત્તિ તદેવ, પૃ. ૬

१४. पुरोवर्तिरूप-आसङ्गिना च सर्वज्ञानानाम् अविशिष्टा । न तया भाविरूपसम्बन्धपरिग्रहः । नापि भाविना अर्थक्रियाज्ञानेन पूर्वरूपसम्बन्धपरिग्रहः ततः स्वरूपसंवेदनात्मत्वात् ।–ન્યાયભૂષણ, તદેવ પૃ. ૧૯૯

१५. ततः सम्बन्ध-अग्रहणात् पश्चादपि दृष्ट साधर्म्यात् कथं प्रतिपत्तिः अनुमानात् ।–પ્ર. વા. ભા. તદેવ પૃ. ૨૫

१६. "प्रामाण्यं व्यवहारेण" । सांव्यवहारिकमेतद् इति प्रतिपादितम् ।–પ્ર, વા. ભા, તદેવ પૃ. ૨૫

१७. तस्माद् व्यवहारमात्र प्रसिद्धानुमानाश्रयेण प्रसिद्धं सम्बन्धम् आश्रित्य तदेतदर्थक्रियासाधनम् इति दर्शनेन स्पृश्यादि साधनस्य प्रतिपत्तौ प्रवर्तते ।–પ્ર. વા. ભા. તદેવ પૃ. ૨૫ બૌદ્ધમતે અનુમાન ભ્રાન્ત છે, કારણ કે અનુમાન ધૂમત્વ અગ્નિત્વ જેવા ખોટા અને કાલ્પનિક ગુણધર્મને આધારે પ્રવૃત્ત થાય છે. भ्रान्तम् अनुमानम्, स्वप्रतिभासेऽनर्थेऽर्थाध्यवसायेन प्रवृत्तत्वात् ।–ન્યાયબિન્દુટીકા લે. ધર્મોત્તર, સં. પી. ટી. તર્કસ, અકોલા (એમ. પી.) પ્રથમ આવૃત્તિ ૧૯૫૨, પૃ. ૮.

१८. पश्चाद् अभ्यासानुमानम् अन्तरेणापि प्रतिभासमात्रादेव (प्र)वृत्तिः इति प्रत्यक्षमपि प्रवर्तकत्वात् प्रमाणम् ।–પ્ર. વા. ભા. તદેવ પૃ. ૨૫.

१९. प्रामाण्यं व्यवहारेण इति । ततो व्यवहारप्रसिद्धम् अवयविनः एकत्वं समाश्रित्य यदेव दृष्टं तदेव प्राप्तमिति व्यवसायात् प्रमाणताव्यवहारः । પ્ર. વા. ભા. પૃ. ૨૬.

२०. स खलु व्यवहारः प्रमाणम् अप्रमाणं वा ? यदि न प्रमाणं, कथं तेन प्रामाण्यं व्यवस्थाप्यते ?......अति प्रसङ्गात् ।–ન્યાયભૂષણ તદેવ પૃ. ૨૦૨

२१. तथा च सर्वशास्त्राणाम् प्रामाण्यव्यवस्थितिः, स्थिरादिपदार्थानां व्यवस्थितिः च प्रसज्यते, व्यवहार मात्रस्य सर्वत्र संभावात् ।–ન્યા. ભૂ. તદેવ પૃ. ૨૦૨

२२. अथ प्रमाणभूतेन व्यवहारेण प्रामाण्यं व्यवस्थाप्यते तद् अयुक्तम्; प्रमाणद्वयव्यतिरेकेण प्रमाणान्तरस्य त्वया अनभ्युपगमात् ।–ન્યા. ભૂ. તદેવ પૃ. ૨૦૨

२३. अथ आश्रुतशास्त्राणामपि यत्र प्रामाण्यव्यवहारः तत् प्रमाणमेव इति । वेदादयः तर्हि प्रमाणमेव, तेषु प्रामाण्यव्यवहारस्य लोकप्रसिद्धत्वात् ।–ન્યા. ભૂ. તદેવ પૃ ૨૦૨

२४. राज्य (राज्ञ) पत्नी अलङ्कारादयोऽर्था नक्षत्रादयश्च नैव प्राप्तुं शक्यन्ते, नापि प्रेक्षावन्तः तत्र प्रवर्तन्ते ।–ન્યા. ભૂ. તદેવ પૃ. ૨૦૬

२५. मुमूर्षार्थ–उपेक्षणीय–अर्थज्ञानेषु प्रमाणेषु अर्थक्रियादीनाम् असंभवात् ।–ન્યા. ભૂ. તદેવ પૃ. ૨૦૨. જુઓ ફોટોસ્ટેટ (ન્યાયભૂષણ . L.D. Institute Indology, photostat No. 10717 મૂળ પૃ. ૪૭, ફોટોસ્ટેટ પૃષ્ઠ (પાછળ) નં. ૯૪; राजपत्न्या અહીં ફોટોસ્ટેટ કે હસ્તપ્રતમાં પાનાની વચ્ચેની ચોકડીની શોભા દર્શાવવાના દંડનું ચિહ્ન છે. તેથી लंकारादयो राजपत्न्या–નહીં પણ, राजपत्न्यलंकारादयो એમ વાંચવું (લક્ષ્મણભાઈ)

૨૬. स्मृतिसन्देहविपर्ययज्ञानेषु अपि (अर्थक्रियादीनाम्) भावात् । —न्या. भू. पृ. २०२

२७. न अन्यदृष्ट्या वा अन्यत्र प्रवृत्तिः संभवति । न हि अग्निदर्शने तोयार्थी तोयाभिमुखं प्रवर्तमानः क्वचिद् उपलभ्यते । न्या. भू. पृ. २०३

२८. तस्मात् अन्यत्र अपि असंदिग्ध–अभ्रान्तत्व–उपलम्भादेव प्रामाण्यं व्यवसितव्यम, न तु अर्थक्रियानुरोधात्, नापि प्राप्यार्थसंबन्धात् प्रवर्तकाद् वा । न्या. भू, तद्देव पृ. २०२.

२९. प्रमाणतः अर्थप्रतिपत्तौ प्रवृत्तिसामर्थ्यात् फलवत् प्रमाणम् ।—ન્યાયભાષ્ય, ન્યાયસૂત્ર ૧–૧–૧ની ભૂમિકા, ન્યાયચતુર્ગ્રન્થિકા, તદ્દેવ પૃ. ૨૦૩.

૩૦ स्थितमेतद् अर्थक्रियाज्ञानात् प्रामाण्यनिश्चयः इति । (पृ ५३); भाष्यकृता एव समीहा प्रवृत्तिः इत्युच्यते, सामर्थ्यं पुनः अस्याः फलेन अभिसम्बन्धः' इति (न्या. भा. प्रारंभ) वदता अर्थक्रियाख्यफलज्ञानमेव प्रवृत्तिसामर्थ्यम् इति निर्णीतम् । ન્યાયમંજરી પૃ ૪૯, લે. જયંત ભટ્ટ, સં.–અનુ. નગીન જી. શાહ, લા દ. ભા. સં. વિદ્યામંદિર, અમદાવાદ, આવૃત્તિ પ્રથમ ૧૯૮૪.

૩૦અ. तथा हि तोयज्ञानम्, पिपासोः तत्र प्रवृत्तिः । प्रवृत्तस्य तदाप्तिः, आप्तस्य पानम् पानेन च उदन्या–उपशान्तेः इति एतावता एव प्रमाता कृती भवति । न पुनः उदन्योपशमम् अपि परीक्षते...इति केचित् । वयं तु ब्रूमः-फलज्ञानमपि अभ्यासदशापन्नतया तज्जातीयत्वेन लिङ्गेन अवधृत–अव्यभिचारम् एव ।—તાત્પર્યટીકા, ન્યાય ચતુર્ગ્રંથિકા તદ્દેવ પૃ. ૨૯

૩૧. प्रमा च अविपरीतोपलब्धिः । अतः अविपरीतानुभवजनकत्वलक्षणम् अव्यभिचारित्वम् एव प्रामाण्यम् इत्यर्थः ।—પરિશુધ્ધિ, ન્યાયચતુર્ગ્રંથિકા તદ્દેવ વ. ૭૯

૩૨. वयं तु ब्रूमः–प्रथमम् अप्रामाण्य–अभावः एव प्रामाण्यम् व्यतिरेकिणा साध्यम् । -तत्त्व-ચિન્તામણિ, લે, ગંગેશ ઉપાધ્યાય, સંસ્કર્તા ઉમેશમિશ્ર, મિથિલા ૧૯૫૭, પ્રથમ ખંડ પૃ, ૧૧૬

૩૩. इदं ज्ञानं प्रमा संवादिप्रवृत्ति जनकत्वात्, यत् न एवम् तत् न एवम् यथा अप्रमा । –સિધ્ધાન્ત મુક્તાવલી, કારિકાવલી, તદ્દેવ વ ૧૮૩

૩૪. अनुव्यवसायेन प्रामाण्यस्य निश्चितत्वात् ।...प्रथमं जलज्ञानान्तरं प्रवृत्तौ सत्यां, जललाभे सति पूर्वोत्पन्नं जलज्ञानं प्रमा, समर्थप्रवृत्तिजनकत्वात्, यन्नैवं तन्नैवम् यथा अप्रमा, इति व्यतिरेकिणा प्रमात्वं निश्चीयते ।–દીપિકા, તર્કસંગ્રહ, લે. અન્નં ભટ્ટ સંપા. આઠલ્યે–બોડાસ, મુંબઈ ૧૯૩૦, પૃ. ૫૫

૩૫. बौद्धराद्धान्तनिबर्हणाय तु घृतावतारः अयम् इति आलक्ष्यते ।–ન્યાયભૂષણ પ્રસ્તાવના પૃ ૨, તદ્દેવ

# Review

*Imagery of Kālidāsa*—Dr. (Mrs.) Vinod Aggarwal. Eastern Book, Linkers, Delhi, 1985, Price Rs. 125. page 308+20.

The concept of imagery is a western concept. As the author states —it is the *vastu* which is स्वत: संभवि कवि प्रौढ़ोक्तिसिद्ध and कविनिबद्धवक्तृ प्रौढोक्तिसिद्ध is imagery in Western Literature," (IX). That is the reason why the author explains the term 'imagery' from the Western point of view and applies it to Kālidāsa. She gives all weight to the view of C. Day Lewis "Every poetic image is to some degree metaphorical. It looks out from a mirror in which life perceived not so much its face as some truth about its face." (p.3) It can be conceded that Kālidās is a creator of excellent, life-like and yet artistic images, endowed that he is with a poetic genius for which the words of Bhatta Tauta quite aptly apply— 'प्रज्ञा नवनवोन्मेषशालिनी प्रतिभा The author quite effectively strikes at this प्रतिभा of Kālidāsa creating images when she states : "Every image bears evidence of the poet's sureness of Judgement and delicacy of taste the music, the fulness, the aptness, the simplicity, the purity and the Sweetness used in Kālidāsa's images could not be imitated by other poets," (p. ix). It is thus quite proper and in fitness of things that the author studies in full and minutest details and from all points of view, the images created by the poet. Her classification of the images is scholarly. The study is divided into eleven chapters thus—

1. Introduction that discusses imagery, its constituents, its fundaments and types and goes to classfication of images in the great poet.

2 to 9. Detailed study of all possible images systematically and scientifically classified.

Chapter 10 deals with their critical appreciation work-wise,
Chapter 11- conclusions that are divided into 4 parts as (i) statistical survey of variety of Images, (ii) Kalidasa's own idea touchs in these, (iii) Ideological background of the Imageris and (iv) Poets clarity of Imagination and power of Expression. Evidently the real test of the scholarship of the author lies in the first and the last chrpters and we must concede

